# સુદર્શન

ભાગ ૧ લો.

( જન્મથી લગ્ન )

એક કલ્પિત જૈન નવલકથા.

લખનાર:

વાડીલાલ મોતીલાલ શાહ

અધિપતિ અને માલિક

'જૈનસમાચાર', 'જૈનહિતેચ્છુ' તથા 'હિંદી જૈનહિતેચ્છુ'.

મધુમક્ષિકા, હિતશિક્ષા, ધર્મતત્વ સંગ્રહ, નમીરાજ, ઐતિહાસિક નોંધ, સમ્યકત્વ, સંસારમાં સુખ ક્યહાં છે?, સતીદમયંતી વગેરેનો કર્ત્તા

દાણાપીઠ—અમદાવાદ.

આવૃત્તિ બીજી : સન ૧૯૧૧ : પ્રત ૨૦૦૦

મૂલ્ય ૦-૧૦-૦

Scanned by CamScanner

બાળબ્રહ્મચારી સ્વ૦ પન્યાસજી મહારાજશ્રી

## ભાવવિજયજી મહારાજ.



જન્મ સં. ૧૯૦૦ ફાગણ શુદી ૮    વડી દિક્ષા સં. ૧૯૩૨ ચૈત્રવદ

દિક્ષા સં. ૧૯૩૨ માગશરશુદી ૨    પન્યાસપદ સં. ૧૯૫૮કારતકવ

સ્વર્ગવાસ સં. ૧૯૭૯ શ્રાવણ શુદી ૩.

Scanned by CamScanner

# અર્પણ

સઘળા દેહોમાં એક જ આત્મા જોઈ શકવા જેટલે દરજ્જે 'અહં'પણાને જેઓ જીતી ચૂકયા છે; જેઓ નામથી માત્ર 'જૈન' કહેવડાવવાનું પસંદ નહિ કરતાં સ્વાર્થવૃત્તિ અને જાહેરમતનો ડર એ બેને જીતી પરહિતાર્થ ( જૈનોના સાંસારિક અને ધાર્મિક અંધેરો દૂર કરવાના કામમાં ) કમર કસીને લાગી પડયા છે; જેઓ આ સ્થૂલ જગત્માં રહીને કે અદ્દશ્ય ભૂવનમાં રહ્યા રહ્યા આ ક્ષુદ્ર લેખકને એક નગુણીઆ વર્ગ માટે લીટા કહાડવાની, બકવાની અને રડવાની ઇચ્છા અને ઉત્સાહ પ્રેરે છે, **એવા સઘળા 'જૈનો' ને આ પુસ્તક સાદર સમર્પણ કરૂં છું.** તેઓ તે સ્વીકારવા કૃપા કરશે તો આ નિર્માલ્ય લેખકની લેખિનીમાં નવું કૌવત પ્રવેશ કરશે અને આજે પ્રગટ થતા આ પહેલા ભાગના સાંધણુ તરીકે બીજા સાત ભાગ પ્રગટ કરી શકાશે.

**વા. મો. શાહ.**

Scanned by CamScanner

# ક્ષમાપના

આ પુસ્તક માત્ર જનહિતાર્થ લખાયું છે; કોઈની પણ મજાક કરવાના, કોઈની પણ લાગણી દુખવવાના, કે કોઇને પણ નુકસાન કરવાના આશયથી લખાયું નથી. છતાં કેટલીવાર ‘ જેને ટોપી બંધ બેસતી આવે તે પહેરી લે છે ’ એમ જાણી પહેલું પ્રકરણ **શરૂ કર્યા પહેલાં** જ હું સર્વ પ્રકૃતિ–સર્વ સ્વભાવની ક્ષમા ચાહું છું અને ખત્રી આપું છું કે એમના અને એમના બીજા સર્વ ભાઇઓના ‘ ભાઈ ’ તરીકે જે કાંઈ મ્હારાથી બોલાય તે માત્ર પ્રેમના કુવામાંથી જ નીકળતા શબ્દો હોઇ ત્હેમને સુખકર જ થઈ પડશે. ભાઈની ઘવા-યલી છાતીપર ભાઇ મલમપટ્ટી નહિ કરે તો બીજો કોણ કરશે ? અને તેમ કરવા જતાં કદાચ ભાઇની ‘ આળી ’ ચામડી જરા દુઃખાશે તો પણ ‘ ભાઇ ’ જ ત્હેને ફુંકશે–પંપાળશે અને દીલમાં ‘ દાઝશે. ’

**વા. મો. શાહ.**

Scanned by CamScanner

# પ્રસ્તાવના.

હું એક જૈન છું; હા જૈન છું. જૈન ધર્મને માનનારા કુટુંબમાં મ્હારો જન્મ થયો છે. અને જન્મ આપનાર જમીન (સ્વદેશ), માબાપ અને ધર્મ: એ ચારનો ઉપકાર કયો વિદ્વાન પૂરેપુરો વર્ણવી શકશે? જેમના પ્રતાપે આ શરીર છે, ત્હેમને જ તે અર્પણ થવું જોઇએ; ત્હેમની ભક્તિમાં જ હોમાવું જોઇએ; ત્હેમને 'શાતા' પમાડવામાં શરીરના હરકોઇ અંગનો—રે આખા શરીરનો ભોગ આપવો પડે તો તે આપવો જોઇએ. જ્યહારે શરીર જ તેઓને અર્પાયલું સમજવાનું છે, ત્યહારે તે શરીરની માલેકીની ગણાતી ચીજો (ધન—વસ્ત્રાદિ)નો ભોગ આપવાનું તો પૂછવું જ શું?

હું એક જૈન છું. જૈનના પંદર લાખ ગણાતા માણસોમાં જ્યહાં સુધી એક પણ અજ્ઞ છે, ત્યહાં સુધી મ્હને ખરૂં **જ્ઞાન** કદી નહિ મળે; તેઓમાંનો એક પણ માણસ જ્યહાં સુધી ભૂખે મરતો હશે ત્યહાં સુધી મ્હારૂં પેટ ઉણું જ રહેશે. 'આખામાં ત્હેનો ભાગ સમાયલો છે' આખા જૈન વર્ગની ઉન્નતિમાં જ **મ્હારી** ઉન્નતિ છે; હું, એકલી મ્હારી જાતને—મ્હારા પંડને ઉન્નત કદાપિ કરી શકું નહિ.

હું એક જૈન છું. બધા જૈનોમાં હું પોતાને જોવા તલસું છું, મથું છું, બીજા જૈનોમાં જે નીચતાના ડાઘા જોઉં છું તે માટે હું મ્હને જ કમનશીબ માનું છું. અને 'મ્હારી આ દશા!' એમ કહી એકાંતમાં રડું છું. કોઇ જૈન સાધુની અજ્ઞાન દશા કે કષાયાધિન દશા ભાળું છું, ત્યહારે 'મ્હારી આ દશા?' એમ કહી વિલાપ કરૂં છું,

Scanned by CamScanner

મ્હને **એમની** વિકૃતિઓ **મ્હારી** જ ભાસે છે અને એટલા જ માટે મ્હેં એકદા વિચાર કર્યો કે હું મ્હારા **ભગવાનના** હુકમ પ્રમાણે પ્રતિક્રમણ કરૂં અર્થાત્ આત્મનિરીક્ષણ (Self-examination) કરૂં; અને મ્હને લાગ્યું કે **જૈન નિરીક્ષણ** એ જ **આત્મનિરીક્ષણ** છે. જૈનોમાંનો હું એક હોવાથી જૈન વર્ગનું આખું સ્વરૂપ જો હું કાળજીથી તપાસું-એના દરેક અંગ અને કાળજું બરાબર તપાસું તો એ **મ્હારૂં જ** નિરીક્ષણ કરવા બરાબર છે. અને મ્હને પોતાને ઓળખવાને માટે મ્હારે આ નિરીક્ષણની પ્રથમ જરૂર છે. આમ વિચારી મ્હેં જૈન વર્ગની-જૈન સંઘની અર્થાત્ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાની આંતર તંદુરસ્તી તેમજ બાહ્ય તંદુરસ્તી તપાસવા અને ઓળખવાનો ઠરાવ કર્યો. એ ઠરાવનો અમલ એ જ આ '**સુદર્શન**' પુસ્તક !

હું કહી ગયો કે હું એક જૈન છું. જૈન વર્ગમાં આત્માર્થી સંત કે પરમાર્થપરાયણ ગૃહસ્થ હું જોઉં છું તો 'મ્હારી આ દશા ?' કહી પ્રફુલ્લીત થાઉં છું અને મ્હારૂં ઉચ્ચીકરણ થાય છે. મ્હેં વિચાર્યું કે જૈન વર્ગના ઉચ્ચ દશાના પુરૂષો ( ઉત્તમ ગ્રહસ્થો તેમજ ઉત્તમ સાધુઓ ) નું ચિત્ર આલેખી પ્રકાશમાં મૂકું તો બીજા ઘણા જૈનોનું ઉચ્ચીકરણ થાય અને એથી બીજા જૈનોની ઉત્ક્રાન્તિથી **મ્હારી** ઉત્ક્રાન્તિ ( evolution ) જલદી થાય. એટલા માટે આ પુસ્તકમાં 'ગૃહસ્થ' તેમજ 'ભિખ્ખુ' બન્ને વર્ગનાં કેટલાંક ઉત્તમ પાત્રો પણ કલ્પ્યાં અને ત્હેમના વડે જૈન સંઘની ઉન્નતિ કેમ થાય છે તે બતાવીને જૈનોની સાંસારિક તથા ધાર્મિક ઉન્નતિના રસ્તાનું સૂચન કર્યું.

'સુદર્શન' એ કોઇ પૌરાણિક કે શાસ્ત્રીય પુરૂષ નથી; શિયળગુણ માટે શાસ્ત્રકારોએ વખાણેલા સુદર્શન શેઠ મ્હારી આ કલ્પિત કથાના સુદર્શનકુમારથી કોઇ જાતની સગાઇ ધરાવતા નથી. આ તો મ્હારી કલ્પનાએ પ્રસવેલા અને મ્હારા મગજમાં જ પાઠ ભજવતા સુદર્શન છે, કે જે મ્હારા દુઃખના વખતે મ્હને આનંદ આપે છે અને મ્હને એક નગુણી દુનીઆમાંથી ઉંચે ખેંચી જઇ સ્વર્ગીય સુખ ચખાડે છે. આ સુદર્શનને મ્હેં જન્મ આપ્યો તો તે મ્હને દુનીઆ વચ્ચે સ્વર્ગ આપે છે. તેથી મ્હેં એ સુખ વધારે લાંબો વખત ચાલે એવા ઇરાદાથી આ વાર્ત્તા ૫-૬ વર્ષ સુધી ચલાવવાનું ધાર્યું છે, દરવર્ષે એક બે ભાગ બ્હાર પાડવા અને બનતાં સુધી મફત વ્હેંચવા મારો ઇરાદો છે.

Scanned by CamScanner

આ પ્રથમ ભાગમાં લીધેલા વિષયો સમ્બન્ધી સ્પષ્ટીકરણ કરવાનો આ વખત નથી, તે કામ લોકો જ કરશે તો ઠીક પડશે. કેટલીક બાબતનો મર્મ મ્હારી જીંદગીમાં ખુલ્લો કરવા જેવો નથી. કેટલીક બાબતો મ્હારી ઇચ્છા ન છતાં જૈન સંઘને અર્પાયલી મ્હારી લેખિનીએ સ્વેચ્છાથી જ ચીતરી કહાડી છે.—અહા હું તેણીનો 'દાસ' છું, હું **તેણીની** સત્તા બહાર ડગલું ભરવા કરતાં આખા જૈન સંઘની—રે શહેનશાહતની સત્તા બહાર ડગલું ભરવા વધારે સહિસલામતીથી હિંમત ધરી શકું.

આ ભાગમાં સુદર્શનકુમારના જન્મથી લગ્ન સુધીનો પ્રસંગ વર્ણવ્યો છે, બીજા ભાગમાં તે ઘરસંસાર કેમ ચલાવે છે તે આવશે. ત્હેની અર્ધાંગના 'જૈન' સુધારાના ત્હેના કામનો અડધો બોજો કેવી રીતે ઉપાડી લે છે તે હકીકત સાથે ત્હેનો સાધુ મિત્ર સાધુવર્ગની સુધારણા માટે કેવા રસ્તા સૂચવે છે, એ વગેરે વર્ણન પણ આવશે.

આ સર્વ લખાણ કરવામાં મ્હેં માત્ર એક જ લક્ષ્યબિન્દુ કલ્પ્યું છેઃ **'જૈન સુધારો'**.

અને એ લક્ષ્યબિન્દુએ પહોંચવા માટે મ્હેં એક જ સડક પસંદ કરી છે, કે જે સડક હૃદયને પૂછીને કલમ પોતેજ શોધી કહાડે છે. તે સતી આજ સુધી કોઇના ડરથી, કોઇની લાલચથી, કે કોઇની ખુશામતથી ભ્રષ્ટ થઇ નથી; અને તે જ કારણથી તેણી જે સડક શોધી કહાડશે તે ખરી જ હશે એ બાબતનો મ્હને સમ્પૂર્ણ ભરોસો છે. તેણીએ પસંદ કરેલી સડક પર ચાલતાં હું લોકવાયકાના વાઘ કે ગરીબાઇના સર્પની લેશ પણ તમા ન રાખવાના શપથ લઉં છું. દેવી લેખિની ! ભગવતી ! તે શપથ પાળવાની તાકાદ પણ ત્હારે જ આપવાની છે, તે ભૂલતી ના.

**વા. મો. શાહ.**

Scanned by CamScanner

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| પ્રકરણ ૧ લું. | બેટા આપનાર બાવાજી ! ... ... | ૧૩ |
| ,, ૨ જું. | "ઠાર્યા હોય તેવાં ઠરે !" ... ... | ૧૯ |
| ,, ૩ જું. | વિવાહની વાતો. ... ... ... | ૨૩ |
| ,, ૪ થું. | કન્યાની શોધમાં. ... ... ... | ૩૧ |
| ,, ૫ મું. | લગ્ન. ... ... ... ... | ૪૧ |
| ,, ૬ ઠું. | લગ્ન ( ચાલુ ) ... ... ... | ૫૪ |
| ,, ૭ મું. | લગ્ન ( ચાલુ ) ... ... ... | ૬૦ |
| ,, ૮ મું. | ક્ષેમસૂરિનું આત્મકથન. ... ... | ૮૦ |


Scanned by CamScanner

" 'જૈન' એ કાંઈ જૂદી પૃથ્વીપરનું પ્રાણી નથી; એ બીજાઓ જેમ જન છે–મનુષ્ય છે, માત્ર બે માત્રા એની વિશેષતા છે. ભવ્ય આકાશગામી **કલ્પનાશક્તિ** (Imaginative Power) અને **પુરૂષાર્થ** અથવા તપઃ એ બે પાંખો જ સામાન્ય 'જન' ને 'જૈન' બનાવે છે, ગરૂડ બનાવે છે, સિંહ બનાવે છે, દેવ બનાવે છે, વિજેતા બનાવે છે, સૃજન–સંરક્ષણ અને સંહાર શક્તિનો ડાઇનેમો ધરાવતી કુશલતા બનાવે છે. જ્યાં તે બે પાંખો નથી ત્યાં જમીનપર આળોટવાની પ્રકૃતિ છે, દીનતા છે અને દીનતાજન્ય ઇર્ષા અને દંભ છેઃ 'કીડા'નું કલેવર છે......કીડો જીવતરને લંબાવવા ઇંખે છે, જૈન જીતવા માટે જીવતરને પણ હોમે છે. કીડાનું ધ્યેય 'સુખ' છે, કે જે જમીનને–સ્થૂલને–મિલ્કતને–માનપૂજાને વળગી રહેવામાં મનાયું છે. 'જૈન'નું સ્વાભાવિક ધ્યેય 'મુક્તિ' છે, કે જે પુરૂષાર્થથી મળી આવતી તમામ પ્રાપ્તિઓનો રસ અથવા અનુભવ ચાખી લઈ ખોખાને યજ્ઞમાં હોમી દેવામાં સમાયલી છે. 'જૈનધર્મ' એ બીજું કાંઈ નહિ પણ એક એવું બીબું છે કે જે વડે ત્રિગુણાત્મક માટીમાંથી ગગનવિહારી ગરૂડો ઘડાય, અરણ્યપ્રેમી એકાંતવાસી સિંહ ઘડાય. જ્યાં ઘડતર કલા નથી ત્યાં જનત્વ નથી; જ્યાં ઘડતર શોખ અને શક્તિ નથી ત્યાં જૈન ધર્મ નથી." —વા. મો. શાહ

# પ્રકરણ ૧ લું.

## બેટો આપનાર બાવાજી !

રાજનગરના ગઢ ઉપર સોનેરી રંગની ચાદર પાથરનાર સૂર્યદેવ હમણાં સઘળા મનુષ્યોને અને ખાસ કરીને રંભા શેઠાણીને ઘણો પ્રિય લાગતો હોય એમ જણાય છે; અને શિયાળાની સ્હવારમાં તડકો કોને કડવો લાગે ? લક્ષ્મીદેવીની કૃપાને લીધે રંભા શેઠાણીને કરા જેવા ઠંડા પાણીમાં હાથ નાખી વાશી કામકાજ કરવાની જરૂર ન હોવાથી દાસદાસીને તે કામ સોંપી શેઠાણી હમણાં વિશાળ ઓસરીમાં બેઠાં છે, જ્યહાં તડકો છાકમછોળ છે અને પડોશીનાં છોકરાં પછેડીઓ ઓઢીને બાળચેષ્ટાઓ કરે છે.

રંભા શેઠાણી ઘણા માયાળુ હતાં તેથી તે છોકરાંની રમતમાં ભાગ લઈ ત્હેમને હસાવતાં અને બદામ, પીસ્તાં, સાકરના ગાંગડા વગેરે આપીને ખુશી કરતાં; આથી છોકરાં શેઠાણી પ્રત્યે સગી મા કરતાં પણ વધુ પ્રેમ ધરાવતાં હતાં. કોઇ છોકરાં રંભાબાઇના ખોળામાં જઇ બેસતાં, તો કોઇ છોકરાં ત્હેમની અદેખાઇ કરી પોતે



૨

Scanned by CamScanner

ખોળામાં બેસવાની જક કરતાં; કોઈ છોકરાં પોતાનો નાજુક હાથ લાંબો કરીને શેઠાણીના હસમુખા મ્હોં આગળ ધરતાં, કે જેથી તે ત્હેમને ચુંબન કરે, તો કોઈ છોકરાં રંભાબાઈની પાછળ જઈ લાડમાં ને લાડમાં ગરદને વળગી પડતાં ને શેઠાણીને હસાવતાં. આ છોકરાંની માવરો પાણીનાં બેઢાં લઇને ઘરમાં પેસતાં કે ઘરમાંથી બહાર નીકળતાં આ કલ્લોલ કરતું ટોળું જોઇ હશી પડતી અને સગી માતાઓ કરતાં પણ પડોશણે આ બાળકોનાં હૃદય ઉપર જે કાબુ મેળવ્યો હતો તે વિચારી આશ્ચર્ય પામતી.

રંભા શેઠાણીની સરોવર જેવી સ્વચ્છ પરસાળમાં જાણે કે પોયણાં ન ખીલી ઉઠયાં હોય એવો દેખાવ થઇ રહ્યો હતો, એવામાં એ પુરૂષોએ ઓચિંતા પ્રવેશ કરી આ આનંદમાં ભંગ પાડયો. એ એમાંના એક તો રંભાબાઈના પતિ ગાંડાલાલ શેઠ હતા અને બીજા એક લાંબી જટાવાળા બાવાજી હતા. લાલચોળ આંખો અને ઝાડ જેવડી જટાવાળા આ બાવાજીને જોઇને છોકરાં બધાં ડરી ગયાં અને સંતાતાં સંતાતાં સૌ સૌનાં ઘરમાં પેસી ગયાં. બાવાજીથી કોણ ના ડરે ? ‘ છોકરાંઓની માને બાવા લઈ જાય ’ તો પછી ફુલ જેવાં બિચારાં છોકરાંના તે શા ભાર ? !

એક અજાણ્યા પુરૂષને લઇને ગાંડાલાલ શેઠ સીધા ઘરમાં ચાલ્યા ગયા, એ જોઈ શેઠાણી પણ ત્હેમની પાછળ ચાલ્યાં; કારણ કે શેઠ દરેક કામ શેઠાણીને પૂછીને જ કરતા હતા, તેથી શેઠાણીએ વગર બોલાવ્યા જ જવું જોઇતું હતું.

હાંડી તખતા અને ઝુમ્મરથી શણગારેલા એક મ્હોટા દીવાનખાનામાં ગાદી ઉપર શેઠ તથા બાવાજી બેઠા અને શેઠાણી ત્હેમની સામે જાજમ ઉપર બેઠાં.

તકીયા ઉપર અઢેલીને ગંભીર ચ્હેરો ધારણ કરીને બીરાજેલા બાવાજીએ દીવાનખાનાની ચુપકી ભાગી: “ **क्यों भक्तजी ? मुझे इधर बुलाके तकलीफ देनेका क्या सबब है ?** ”

ગાંડાલાલ શેઠ બે હાથ જોડી, મસ્તક નમાવી, દીન વદને બોલ્યા: “ બાપજી ! આપ તો ભાગ્યશાળી પુરૂષ છો. તે દિવસે આપે પેલા ભોળાનાથ બ્રાહ્મણને હમુનો સોનૈયો કરી આપ્યો ત્યારથી જ આપની સિદ્ધિની મ્હને ખાત્રી થઈ હતી. આપે ઘણાંનાં દરદ મટાડયાં

છે તથા મ્હારા જેવા ઘણાએ વાંઝીઆનાં ઘેર ઉઘાડયાં છે એવી પણ ગામમાં થતી વાતો મ્હેં સાંભળી છે; અને તેથી જ આજે આટલે સુધી પધારવાની તકલીફ આપને આપવી પડી છે. આપની કૃપાથી મ્હારે ઘેર લક્ષ્મીની લીલાલ્હેર છે, લાખ્ખોનો વેપાર ચાલે છે. આબરૂ પણ ચોતરફ ફેલાયલી છે, સ્ત્રી પણ સુંદર અને કહ્યાગરી છે,"

**બાવાજીઃ**—"हां, दिखता तो पेसा ही है. दौलत, सुपत्नी और इज्जत सब कुछ तुम्हें मिल गया है. मगर फिर भी तुम्हारा मुख उदासका उदास ही रहता है उसका क्या सबब ?"

**ગાંડાલાલ:**—"બાપજી! મ્હોટું દુઃખ પુત્ર સમ્બન્ધી છે. મ્હારી પાછળ આ દોલતનો ભોગવનારો એક પણ પુત્ર ન હોવાથી મ્હારૂં હૃદય શેકાઈ જાય છે. અને એટલા જ માટે આપને તકલીફ આપી છે. આપ દયાળુ છો; ઉત્કૃષ્ટ તપશ્ચર્યાને લીધે આપને સિદ્ધિ વરી છે; તો આપ કાંઈ કૃપાદષ્ટિ કરો, એ જ દાસની યાચના છે."

શેઠાણીએ મ્હોં મચકોડયું. આ વાર્ત્તાથી ત્હેને કાંઈ અસહ્ય દુઃખ થતું હોય એમ બારીક દૃષ્ટિથી જોનાર કોઇ ત્હાં હોત તો ત્હેને જણાયું હોત. પરન્તુ સમયસૂચક શેઠાણીએ મ્હોં ઉપરના ભાવ છુપાવ્યા અને પતિની ઘેલછા તથા બાવાજીની દુષ્ટતાની કસોટી જોવા ખાતર ચ્હેરો શાન્ત બનાવી દીધો.

**બાવાજી બોલ્યા:**—"बात तो ठीक है. तुम जैसे धर्मात्मा भक्तराजको संतानका दुःख देखकर मुझे भी असह्य दुःख होता है."

**ગાંડાલાલ:**—"તો બાપજી; કાંઈક કૃપા કરો. દોરા-ધાગા મ્હેં પુષ્કળ કર્યાં, અમારાં ઘરવાળાંની મરજી વિરૂદ્ધ થઈને મ્હેં પીર-પેગમ્બરની માનતાઓ પણ ઘણી રાખી; પણ કશાથી ધાર્યું ફળ મળ્યું નહિ. હવે છેવટના ઉપાય તરીકે આપને શરણે આવ્યો છું; આપ ફરમાવો તે ક્રિયા-અનુષ્ઠાન કરવા-કરાવવા હું તૈયાર છું. ફરમાવો તેટલું ખર્ચ કરવા ખુશી છું. હરકોઇ રીતે મ્હારૂં 'વાંઝીઆ મ્હેણું' ભાગે, એ જ મ્હારી અરજ છે."

**બાવાજી:**—"बहुत अच्छा, बेटा ! गभरा मत. तूं बडा श्रद्धालू भक्त है और शेठाणी भी पवित्र दिखती है; तो मेरी सिद्धिसे मैं जरूर तेरेपे उपकार करूंगा. मगर इतना काम

**तेरेको करना होगा; मैं कल फजरसे शाम तक शहर बहारके शिवमंदीरमें आप करता रहुंगा, उसवक्त दोपोरको तुम अकेला उधर आकर पूजा करना और शामको शेठाणी अकेली—"**

બાવાજી આગળ ભાષણ કરે છે એટલામાં તો વાઘણની પેઠે શેઠાણી તાડુકી ઉઠયાં: "રે દુષ્ટ ઢોંગી! નીકળ મ્હારા ઘરની બહાર. ત્હારા જેવા વ્યભિચારી–ઠગારા–ચોર જોગટાના સ્પર્શથી આ મ્હારૂં **ની**તિદેવીના રહેઠાણવાળું ઘર અપવિત્ર થયું. જો ત્હારો જીવ બચાવવો હોય તો એક ક્ષણ પણ અહીં ઉભો ન રહેતો."

શેઠ તો આ સાંભળી ભોંઠા પડયા. તે આસ્તે રહીને બોલ્યા: "આ શું? સંત પુરૂષનું આવું મ્હોટું અપમાન?"

**શેઠાણી**:—"પ્રાણનાથ! આપનું દીલ દુભાય એવું કાંઈ પણ કરવા કે બોલવા માટે હું દીલગીર છું; પણ મ્હારે મ્હારા સમકિત રત્ન અને શીલ રત્ન નામનાં બે કિમતી રત્નોના બચાવ ખાતર આ ચોરને જલદી અહીંથી કહાડવો જ પડશે. પુત્રની ઈચ્છા આપને છે તેવી કોને નહિ હોય? પણ પુત્ર માટે અક્કલ ગુમાવી બેસવી તે શાણા માણસોને પાલવે નહિ. શું આપ આટલી સાદી વાત પણ નથી જાણતા કે "**ધીર્યા વગર ઉઘરાણી થવાની જ નથી**"? ધન–પુત્ર–તનદુરસ્તી વગેરે દરેક પ્રકારનું સુખ પૂર્વે કરેલાં કૃત્યો અનુસાર મળે છે. નાણાં કોઈને ધીર્યા જ નહિ હોય તો ઉઘરાણી શી રીતે કરવાના હતા? **શીવ** કે **મહાદેવ**, **પીર** કે **પયગંબર**, દેવ કે દેવીના હાથમાં આપવાપણું હોત તો દુનિયામાં કોઈ દુઃખી રહેત જ નહિ. પ્રાણી માત્રનું સુખ–દુઃખ ત્હેના પોતાના જ હાથમાં છે. જેવી કરણી **કરી** છે તેવું સુખદુઃખ **પામે** છે અને જેવી કરણી આજે **કરશે** તેવું સુખદુઃખ હવે પછી **પામશે**. તાબુતની માનતા રાખનારા **જૈન** 'તાબુતો' એટલો પણ વિચાર નથી કરતા કે તાબુતને જ કોઇ ઉપાડે છે! માતા–મેલડીની માનતા રાખનાર મેલાં મનુષ્યોને એટલું પણ ભાન નથી કે તે બિચારીઓ પોતે જ ગોખલામાં ગોંધાઈ રહેલી છે! જોગટાના દોરાધાગાથી છોકરાં મળતાં હોત તો કોઇ પરણત જ નહિ! એ સર્વ માત્ર ફાંફાં છે. પુત્ર આપવો કોઇના હાથમાં નથી. અરે 'પુત્ર આપવો' એવો શબ્દ બોલાતો સાંભળતાં પણ શરમ આવે છે. એ બોલમાં જ અશ્લીલ ભાવ સમાયેલો છે. એક પુરૂષ પોતે



Scanned by CamScanner

બીજા પુરૂષને કહે કે 'મ્હારી સ્ત્રીને પુત્ર આપ' તો એથી ભારે પોતા ઉપરની ગાળ બીજી કઈ હોઈ શકે ?

"પ્રાણનાથ ! હું આપને શિખામણ આપવાને યોગ્ય નથી. આપ મ્હારા માથાના મુકુટ છો; હું તાબેદાર દાસી છું. આપના આ ખોટા ખ્યાલને દૂર કરી આપનું મન સંતોષી, શાન્ત અને સુખી બનાવવા માટે જ મ્હારે આટલું કહેવાની છૂટ લેવી પડે છે. આપણને પુત્ર ન હોય તેથી ફિકર કરવા જેવું શું છે તે હું સ્હમજી શકતી નથી. પડોશીનાં છોકરાં મ્હારી આસપાસ કેટલા હેતથી વીંટાયલાં રહે છે તે શું ત્હમે જોતા નથી ? એમને કાંઈ ચીજ આપીને, રમાડીને, સારવાર કરીને જો આપણે આનંદ પામી શકતા હોઈએ તો આપણને પુત્ર નથી એવી ચિંતા શા માટે ધરવી જોઇએ ?

"પુત્ર કાંઈ સ્વર્ગ અપાવતો નથી. સારો નીકળે અને જગતને હિત પહોંચાડે એવો થાય તો તે 'પુત્ર'—પવિત્ર કરનાર ગણાય; પણ જો દુર્ગુણી-લોભી-લંપટ-બ્હીકણ-સ્વાર્થી નીકળે તો ઉલટો દુઃખ રૂપ થઈ પડે. પુત્ર વડે આપણે જે જનસેવા બજાવી શકીએ તે, પુત્ર તુલ્ય **બીજા કોઈ લાયક માણસ** વડે, કેમ ન બજાવી શકીએ ? પુત્રના લાલનપાલન અર્થે દ્રવ્યની જે મ્હોટી રકમો ખરચીએ તે સ્વધર્મી અન્ય બાળકો કે જેઓ લાયકાતવાળાં હોય ત્હેમને પાળવા-પોષવા-ભણાવવા પાછળ ખર્ચીને લ્હાવો કાં ન લઇ શકીએ ? આપણો હેતુ જ્યહાં ત્યહાં લ્હાવો લેવાનો અને આનંદ ભોગવવાનો છે; તો જે કોઈ કામથી આપણા ભાઈઓને સુખ થાય એવાં કામ કરવાથી આપણને કીર્તિ મળે, નામ અમર થાય, મન આનંદમાં રહે અને પુણ્ય બંધાય એ શું ઓછો આનંદ અને ઓછો લ્હાવો કહેવાય ?

"પ્રાણનાથ ! આપ સુજ્ઞ છો, આત્માને જ સઘળાં સુખદુઃખનો કર્ત્તા અને ભોક્તા ઠરાવનારા **વીર**ના અનુયાયી છો; સાધુમહારાજનો ઉપદેશ રોજ સાંભળો છો; **છતાં** પુત્રનો આવો ગાંડો લોભ આપના મગજમાં હજી ભરાઇ રહ્યો છે એ આપના વિચારોનું સાંકડાપણું બતાવી આપે છે. શું સુખ બધું આપણા આ બે હાથના ઘરમાં જ ભરાઈ પેઠું છે ? શું હું તથા આપ અને આપણો પુત્ર એ ત્રણ સિવાય બીજા કોઈ પ્રાણી સંબંધી આપને ખ્યાલ પણ નથી આવી શકતો ? **સ્વાર્થી વિચારો જ્યહાં સુધી છે ત્યહાં સુધી સુખ આપણાથી હજાર**



Scanned by CamScanner

આઉ દૂર છે. જે માણસો પરમાર્થ સાટે સ્વાર્થને વેચે છે હેમની પાસે સઘળાં સુખો ચાલીચાલીને આવે છે. માટે પુત્રપ્રાપ્તિ અર્થે કોઇ પણ જાતના ભામામાં જીવ ન રાખતાં આજથી પરોપકારમાં જીવ રાખો તો એના **પરોક્ષ** ફળ તરીકે કદાપિ, ભાગ્યમાં હશે તો, પુત્રપ્રાપ્તિ પણ થશે."

રંભા શેઠાણીનાં આ વચનો સાંભળી શેઠ સંતોષ પામ્યા. પોતાની ભૂલ ત્હેમને પ્રત્યક્ષ જણાઈ. બાવાજી ઉપર અત્યંત ગુસ્સો થયો અને ત્હેમની ચ્હડેલી આંખ જોઈ બાવાજી પણ નીચું જોઈ ગયા. હવે કેવી રીતે અહીંથી નાસવું તે જ વિચાર બાવાના મનમાં ઘોળાવા લાગ્યો. શેઠાણી બાવાના મ્હોં ઉપરથી એનો ગભરાટ સ્હમજી ગયાં અને પોતે સ્વભાવથી જ દયાળુ હોવાથી બોલ્યાં: "રે ધૂર્ત! આજથી શિખ કે, **દુષ્ટ ઇરાદાનું ફળ કડવું જ હોય** છે. આ એકાંત જગામાં ત્હને સારી રીતે મેથીપાક આપવા શેઠજી તલપી રહ્યા છે પણ ત્હારા કરતાં અમારો જ વાંક વધારે હોવાથી હું ત્હને જતો કરૂંછું; જા, જલદી ચાલ્યો જા. પણ આટલું ત્હારા પસ્તાતા હૃદયમાં કોતરી રાખજે કે, **દેવ** રૂપ માણસો પોતે દુઃખ વેઠીને પણ બીજાનું હિત કરે છે; **માણસ** જેવા માણસો પોતાનું હિત સાચવીને બીજાનું હિત કરે છે; અને **રાક્ષસ** રૂપ માણસો બીજાને લૂટીને પોતાનું હિત કરે છે. આ ત્રણમાંના પહેલા વર્ગમાં ત્હારાથી ન અવાય તો ફિકર નહિ, પણ બીજા વર્ગમાં આવવા જેટલો તો ઉદ્યમ જરૂર કરજે અને આમ લોકોને ભમાવવા—લૂટવા—ડૂબાવવાની કોશીશ કદાપિ કરતો ના."

નરમ પડી ગયેલો—પસ્તાતો—સુધરવાના ઠરાવપર આવેલો બાવો, 'જોગ માયા' જેવી સતીનો આ હુકમ માથે ચ્હડાવી નીચે મ્હોડે ચાલતો થયો.

Scanned by CamScanner

# પ્રકરણ ૨ જું.

## “ ઠાર્યાં હોય તેવાં ઠરે !”

ગાંડાલાલ શેઠ બાવાના પ્રસંગથી બહુ ડાહ્યા બની ગયા હતા. શેઠાણીની સલાહ મુજબ શેઠે હવે લા'વો લેવાનું શરૂ કર્યું. પોતે એક જૈન વણિક હતા તેથી પ્રથમ તો પોતાની કોમમાં જે જે ગરીબ નિરાધાર સ્ત્રી પુરૂષો હતાં ત્હેમને ત્હાં દરમહીને ત્રણત્રણ :રૂપિયા ગુજરાનઅર્થે મોકલી આપવા માટે અમુક રકમ કહાડી અને હરકોઈ ધર્મના મુસાફરોને ઉતરવા માટે એક ધર્મશાળા બંધાવી તથા લૂલાંલંગડાં ભિક્ષુકો માટે એક આશ્રમસ્થાન સ્થાપ્યું. શેઠને ધર્મ સમ્બન્ધી કાંઇ ઉંડું જ્ઞાન ન હોવાથી ધાર્મિક ઉન્નતિ માટે બીજું કશું કરવાનું ત્હેમને સુઝયું નહિ. કોઇ કોઇ વખત શેઠાણીની સલાહથી લ્હાણી–પ્રભાવના અને દીક્ષાઓચ્છવ પાછળ ખર્ચ કરતા અને કોઈ વખત સાધુજી સાધ્વીજીને સંસ્કૃત શિખવાની ઇચ્છા થતી તો કાશીથી પગારદાર શાસ્ત્રીજી બોલાવી ત્હેમની પાસે ભણવાની જોગવાઇ કરી આપતા. આ સિવાય શેઠ કે શેઠાણીને ધર્મના બીજા રસ્તાની ખબર જ નહોતી.

પરંતુ જ્યહારથી આ શુભ કૃત્યો શરૂ થયાં ત્યહારથી શેઠ શેઠાણીનાં હૃદય બહુ પ્રફુલ્લિત રહેવા લાગ્યાં. ત્હેમનાં મ્હોં હમેશાં હસતાં જણાતાં અને સત્કાર્યના પડછાયા રૂપ આનંદ તે મ્હોં ઉપર હમેશ રમી રહેતો જોવામાં આવતો.



Scanned by CamScanner

દિવસ ઉપર દિવસ સુખમાં નિર્ગમન થવા લાગ્યા. આખરે શેઠાણી રંભાબાઇને રૂડો દિવસ આવ્યો. પુરે દહાડે તેણે એક પુત્રરત્નને જન્મ આપ્યો. ઘરમાં, કુટુંબમાં, નાતજાતમાં અને ગામમાં આનંદ વર્તાયો અને શેઠે આખા ગામનાં મ્હોં ગળ્યાં કરાવ્યાં; એટલું જ નહિ પણ આ શુભ દિવસની યાદગીરી માટે એક લાખ રૂપિયા કોઇ પણ પરોપકારી કાર્ય નિમિત્તે જૂદા મૂકયા. શેઠે એવો સંકલ્પ કર્યો કે આ લાખ રૂપિયાનો ઉપયોગ આજે જન્મેલો પુત્ર ઉમ્મરે પહોંચે ત્હારે પોતાની ઇચ્છા મુજબ પોતાને જે કાર્ય વધારે પરોપકારી લાગે ત્હેમાં કરે.

જ્હેનાં દર્શનથી સર્વને આનંદ આનંદ થયો હતો એવા આ પુત્રનું નામ સર્વાનુમતે સુદર્શન પાડવામાં આવ્યું; જો કે સુદર્શનનાં ફોઇઓ તો આ ખોટના છોકરાનું નામ ' નાથો ' રાખવા ઘણુંએ કૂદી રહ્યાં હતાં પણ આખા ગામની ઇચ્છા આગળ ત્હેમનું કાંઇ ચાલ્યું નહિ.

સુદર્શનને કાળજીપૂર્વક ઉછેરવામાં આવતો હોવાથી પાંચ વર્ષની વયે પહોંચતાં તો તે ૮-૯ વર્ષ જેવડો દેખાવા લાગ્યો. આ વખતે સર્વ કોઇ ત્હેને નિશાળે મૂકવાની સલાહ આપવા લાગ્યું, પણ શેઠનો વિચાર એવો નહોતો; તે એમ ઇચ્છતા હતા કે પોતાના ધંધાને લાયકની કેળવણી ઘર આગળ જ આપવી. તેથી એક કાબેલ જૈનને સારો પગાર ઠરાવીને સુદર્શનના શિક્ષક તરીકે રાખ્યો. આ શિક્ષકનું નામ વિવેકચંદ્ર હતું. તે એક ગરીબ પણ ખાનદાન ઘરમાં જન્મેલો અને ઉંચા વિચારવાળો યુવાન હતો. ગુજરાતી ભાષાના સારા જ્ઞાન ઉપરાંત, સંસ્કૃત તથા અંગ્રેજી પણ તે જાણતો હતો અને વિચાર દર્શાવવાની છટા તથા શુદ્ધ હૃદયને લીધે તે એક અચ્છા ઉપદેશકની ગરજ સારે તેવો હતો. ત્હેની ઉમર તો જો કે માત્ર ત્રીશેક વર્ષની જ હતી પણ આપબળથી રસ્તો કરવાના સ્વભાવને પરિણામે ત્હેને અનુભવ પુષ્કળ મળ્યો હતો.

આવા શિક્ષકના હાથ તળે કેળવાતો સુદર્શન જેવો સંસ્કારી જીવ દીપી ઉઠે એમાં શું આશ્ચર્ય ? સુદર્શનને લખતાં-વાંચતાં, સઘળી જાતનું નામું-ઠામું કરતાં, અંગકસરતના સામાન્ય ખેલ કરતાં, ન્યાયસર વાદવિવાદ કરતાં અને દુઃખીની દયા ખાતાં શિખવવામાં આવ્યું. ધોરણસર ધર્મજ્ઞાન આપવા ત્હેના શિક્ષકે ઘણુંએ ઇચ્છયું પણ ત્હેને માટે ખાસ વાંચનમાળાનાં જોઇએ તેવાં પુસ્તકો કોઇએ તૈયાર કરેલાં



Scanned by CamScanner

ન હોવાંથી હાલ જે કાંઈ પુસ્તકો જૈન પુસ્તકશાળામાંથી મળી શક્યાં હેનું દોહન કરીને પોતાના શબ્દોમાં જ જ્ઞાન આપવા માંડયું.

પ્રથમ હેને વિનયી, ઉદ્યોગી, સ્વદેશાભિમાની, પરોપકારી, સુઘડ, કરકસરની મહાવિદ્યાનો જાણુ અને શુદ્ધાચારવાળો બને એવું જ્ઞાન આપ્યું. આવી રીતે એ બાળકનું હૃદય ખેડાયું—**ધર્મનાં બીજ વાવવાને લાયક થયું**—એટલે હેને સમ્યકત્વનું રહસ્ય શિખવ્યું, જેનાથી 'ધર્મ' અને 'વ્હેમ' વચ્ચેનો તફાવત તે બરાબર સ્હમજી શકયો. પછી કર્મ ગ્રંથોનો કેટલોક અનુભવ કરાવ્યો અને લુખ્ખું જ્ઞાન મિથ્યાભિમાન જન્મ આપનાર ન થઈ પડે એટલા માટે ભક્તામર આદિ સ્તોત્રો હેના રહસ્ય જ્ઞાન સાથે શિખવ્યાં. આ પ્રમાણે સુદર્શન ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાનમાં આગળ વધતો જતો હતો તે વખતે વિવેકચંદ્ર હેને મહાવીર, પ્રસન્નચંદ્ર, અનાથી મુનિ, શાલિભદ્ર, વિજય શેઠ વગેરે ધર્માત્માઓનાં જીવનચરિત્ર તથા રામ, શીવાજી, કૃષ્ણ, નેપોલીઅન, ગેરીબલ્ડી વગેરે વીર પુરૂષોનાં જીવનચરિત્રો પણ સંભળાવતો હતો અને એ સાંભળીને સુદર્શનમાં દ્રઢતા, નિપુણતા, પરોપકાર બુદ્ધિ અને સુશીલ મજબુત થતાં હતાં. વીસ વરસની ઉમર થતામાં તો સુદર્શન એક સંપૂર્ણ 'સદ્‌ગૃહસ્થ' બની ગયો, મતલબ કે 'સદ્‌ગૃહસ્થ' કહેવડાવાને લાયકના સર્વે ગુણો હેનામાં ખીલી ઉઠયા.

શ્રીમંતાઇને લીધે સુદર્શનના જન્મ વખતથી જ વિવાહનાં કહેણુ સંખ્યાબંધ આવવા લાગ્યાં હતાં પણ શેઠાણી હેમને યુક્તિસર પાછાં કહાડતી. હેની ઇચ્છા પુત્રને સંપૂર્ણ લાયક થયેલો જોવાની હતી અને તેથી નાદાન વયના છોકરાને ડાકણુની માફક વળગાટ વળગાડવા તે ખુશી ન હતી. આથી વીસ વર્ષ સુધી સુદર્શનમાં સારી રીતે રક્ષાયલું વીર્ય હેના મ્હોં ઉપર પ્રકાશ પાડતું હતું અને હેની વાણી તથા હીલચાલમાં જુસ્સો આપતું હતું.

સુદર્શન જેવો શરીરે કસાયલો અને બુદ્ધિએ પહોંચેલો થયો તેમ વિનયવંત ગુરૂના ઉપદેશથી વિનયી પણ તેવો જ થયો. માતા, પિતા, ધર્મગુરૂ અને દરેક વડીલનું માન તે સારી રીતે જાળવતો. સ્હવારમાં વ્હેલો ઉઠી શરીરશુદ્ધિ અને સાત માઇલની મજલ કર્યા બાદ સામાયિકમાં બેસતો અને તે ૪૮ મીનીટ શુદ્ધ આત્મગોષ્ટિમાં જ નિર્ગમન કરતો. એ વખતે હેના હૃદયમાં આનંદના દીવા થતા, કે જે આનંદ કોઇ વખતે તે સાધુ મુનિરાજો સમક્ષ કહી સંભળાવતો ત્હારે



Scanned by CamScanner

તેઓ પૈકીના જેઓએ આનંદના અધિકાર વિનાના હતા તેઓને તો **સુદર્શનની** વાત 'કથા' જેવી ભાસતી! **સુદર્શન** ત્હેમની એ દશા જોઇ ખેદ પામતો અને એ વર્ગને સુધારવાની ઘણી જરૂર છે એમ મનમાં બોલતો, પણ વખત હજી પાકયો નથી એમ વિચારી મૌન ભજતો; બહુ થતું તો કોઈ વખત એટલું કહેતો કે "મહારાજ! ચોવીશે કલાકનું આપને સામાયિક હોવાથી અર્થાત્ સામાયિકના **અતિ પરિચયથી** આપને એમાં આનંદ ન પડે એ બનવા જોગ છે. **'અતિ પરિચયથી નવિનતા નાશ પામે છે!'** અને નવિનતા વગર મજાહ નથી; માટે સામાયિકમાં **મ્હને** જે આનંદ સ્ફુરે છે તે **આપને** આવા અખંડ સામાયિકમાં હોવાને લીધે ન સ્ફુરતો હોય તો કાંઈ નવાઈ જેવું નથી" એમ કહી હશી જતો. મહારાજો આ બોલવાનો મર્મ કાંઇ સમજી શકતા નહિ એટલે તેઓ પણ **સુદર્શનનું** હસતું મ્હોં જોઇ હસી પડતા. **સુદર્શન** ભાવિક દેખાવા છતાં ચાલાક છે એમ જાણી કોઈ સાધુજી ત્હેને એમ નહોતા કહેતા કે "ભાઈ, અમને ગુરૂ ધારો; અમારૂં સમકિત લ્યો!" કારણકે 'ભાઈ' એતો પરબાર્યું જ **મહાવીર** પિતા પાસેથી સમકિત લીધું હતું અને શુદ્ધ ચારિત્રને જ ગુરૂ ધાર્યા હતા. કોઇ **એક** સાધુને ગુરૂ ધારવાની ત્હેને લેશ પણ ઇચ્છા નહોતી; એ 'ખાબોચીઆનું પાણી' ત્હેને પસંદ નહોતું.

Scanned by CamScanner

# પ્રકરણ ૩ જું.

## વિવાહની વાતો.

સુદર્શનના શિક્ષક વિવેકચંદ્રની બુદ્ધિ, નીતિ અને પવિત્રતાની છાપ સુદર્શન ઉપર કેવી પડી તે આપણે જોઇ ગયા; અને બાળ વયમાં પડેલા તે સંસ્કાર જીંદગીભર કાયમ રહે છે તે આપણે હવે પછી જોઈશું. એ ઉપરથી આપણને એક કિમતી ધડો મળશે કે, બાળકની કેળવણી ઉપર પુરતું લક્ષ આપવું એ પહેલામાંપહેલી જરૂરીઆત છે. પોતાના પુત્રને અંગબળ, બુદ્ધિબળ અને નીતિબળ ત્રણેનો ખજાનો આપવો એ જ પ્રેમાળ પિતાનો શ્રેષ્ટ ધર્મ છે અથવા ખરો વારસો છે; અને એ ધર્મ નહિ બજાવનાર પિતા 'પિતા' નહિ પણ 'શત્રુ'—અગર કહો કે કસાઈ છે. પુરતી કાળજીથી ઉછેરવામાં આવેલાં બાળકો ભવિષ્યમાં કુટુંબનાં, ગામનાં અને દેશનાં—રે પૃથ્વીનાં ભૂષણરૂપ થઇ પડે છે.

વિવેકચંદ્રનો વિચાર પોતાના શિષ્યને જલદી જલદી પરણાવી દેવાનો નહોતો; જો કે આવા ધનાઢ્ય કુટુંબમાં કન્યા આપવા એટલા બધા માણસો તલપી રહ્યા હતા કે એ બધાનાં નાળીએરોને એક જગાએ એકઠાં કર્યાં હોત તો એકાદ ઓરડો ભરાત ! પરંતુ વિવેકચંદ્ર રંભા શેઠાણીને સ્હમજાવતો અને શેઠાણી ગાંડાલાલ શેઠને સ્હમજાવી દેતાં. વિવેકચંદ્રનો વિચાર એવો હતો કે સુદર્શનના વિચારોમાં–સુદર્શનના આનંદોમાં–સુદર્શનની લાગણીઓમાં જે કન્યા ભાગ લઈ શકે તેવી જણાય તેવી જ કન્યા શોધી કહાડીને ત્હેને પરણાવવી અને:એવી ન મળે તો સુદર્શન જેવા એક બ્રહ્મચારી અને શ્રીમંત મહાત્માને જગસેવા:નામની સુંદરી સાથે જ વરાવી દેવો !



Scanned by CamScanner

માંગાં ઉપર માગાં આવતાં અને તે પાછાં કહાડવામાં આવતાં. પરન્તુ વીસમા વર્ષની આખરમાં એક પ્રસંગે શેઠ, શેઠાણી અને વિવેકચંદ્ર ત્રણે વચ્ચે ઘર સમ્બન્ધી કાંઇ વાતચીત ચાલી રહી હતી એવામાં કોઈ પુરૂષ દાખલ થયો અને શેઠને જવાર કર્યા.

"પધારો! માણેકચંદ શેઠ, પધારો!" કહી ગાંડાલાલે બે ડગલાં સામા જઈ આવનારનો સત્કાર કર્યો અને પોતાની પાસે બેસાડી પાનસોપારી આપ્યા બાદ આગમનપ્રયોજન પૂછ્યું.

"શેઠજી!" માણેકચંદે શરૂ કર્યું "આપના ચીરંજીવી વીસ વર્ષની ઉમરના થવા છતાં આપ કોઇનું માગું કબુલ રાખતા નથી, એ માટે બહાર વિવિધ વાતો સંભળાય છે. આપ તો સ્હમજીને તેમ કરતા હશો; પણ લોકો મરજીમાં આવે તેમ બોલે છે. માટે આપના સ્નેહી તરીકે સલાહ આપું છું કે હવે વિલંબ કરવામાં સાર નથી."

"માણેકચંદભાઇ! ત્હમારી વાત વાજબી છે; પરંતુ જુગતે-જુગતું જોડું મળતું હોય તો અમારે કાંઇ વિલંબ કરવાનું કારણ નથી."

"શેઠજી! લોકો પણ આ જ કારણથી આપની વાતો કરે છે. કહે છે કે ગાંડાલાલ શેઠ લક્ષ્મીના મદથી છેક જ છકી ગયા છે."

ગાંડાલાલ શેઠ આ વાત સાંભળીને જરા ઝંખવાણા પડયા; ત્હેમના મનમાં વિવેકચંદ્રની હઠ ખોટી ભાસી.

"માણેકચંદભાઇ! પણ હવે ત્હમારા જાણવામાં કોઇ સારૂં ઠેકાણું છે?" શેઠે પૂછ્યું.

"હાજી; બે જગા માટે હું આપને ભલામણ કરી શકું છું. એક તો આ ગામના ભગવાનદાસ શેઠની દીકરી અને બીજી વર્ધમાનપુરીના સગાળશા શેઠની દીકરી. આ બન્નેની તપાસ કરી ખાત્રી કરો." માણેકચંદે જવાબ આપ્યો.

"કેમ, માસ્તર!" ગાંડાલાલે વિવેકચંદ્ર તરફ જોઇને પૂછ્યું "ત્હમે આ બન્ને કન્યાઓની તપાસ કરી આવશો?"

"ઘણી ખુશીથી, શેઠજી!" હાજરજવાબી વિવેકચંદ્રે જવાબ વાળ્યો "પરંતુ આપણે ઘણીખરી તપાસ તો આપના આ સ્નેહી મારફત અહીં જ કરી શકીશું; પછી જરૂર જણાશે તો કન્યાઓને જોવા પણ હું જઇશ."



Scanned by CamScanner

શેઠને આ વાત ગમી. 'માસ્તરે' માણેકચંદભાઇ સાથે સવાલ-જવાબ શરૂ કર્યા.

"વર્ધમાનપુરીના સગાળશા શેઠની દીકરીની ઉમર શું છે અને શી સરતે તે કન્યા આપવા માગે છે?"

"ઉમર વરસ સત્તરના સુમારે છે અને—"

"શું? સત્તર વરસ? ખાનદાન ઘરની કન્યા સત્તર વરસ સુધી કુંવારી? આ શું કહો છો?"

"એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. જેમ સુદર્શન શેઠને યોગ્ય કન્યા ન મળવાથી ૨૦ વરસ કુંવારા રાખવા પડયા તેમ કોઈ ખાનદાન ઘરની કન્યાને જોઇએ તેવો વર ન મળવાથી ૧૭ તો શું પણ ૨૦–૨૨ વરસ સુધી પણ કુંવારી રાખવાનો એ તરફમાં ચાલ છે. હકીકત એમ છે કે, સગાળશા શેઠ મૂળે તો શ્રીમંત; પણ પાછળથી પૈસેટકે ઘસાઈ ગયા. તો પણ ઘર ખાનદાનનું, એટલે એમનાથી દીકરીના પૈસા લેવાય તો નહિ; પરન્તુ ખાનદાની જાળવવા ખાતર, ટાણું માંડે ત્યારે એ પૈસા ખરચવા તો પડે જ અને એ ખર્ચને પહોંચી વળવા માટે અમુક રકમ લીધા વગર ચાલે નહિ. એ લોકો એવી રીતે લેવાતી રકમને 'માંડવો ધોવરામણ' કહે છે. એમના ઘરડાઓએ આ રીવાજ પેસતો જોઇ કોઇને ઉઘાડી રીતે પૈસા માગવા ન પડે એટલા માટે આગમચેતી વાપરીને વરવાળા પાસેથી કન્યાનું મ્હોં જોવરામણ રૂપીઆ ૨), ખોળામાં મુકવાના રૂ. ૫), એવા એવા રસ્તા યોજીને રૂ. ૨૦૦–૨૫૦ ની રકમ તો હક્ક તરીકે લેવાની ઠરાવી છે; અને તેઓ 'સામું ઉદ્દરાંઠુ' કહે છે. ખાનદાનમાં ખાનદાન ઘર પણ એ તો લે જ. પણ એમાં ગાંડાલાલ શેઠ જેવા લક્ષાધિપતિને વિચાર કરવા જેવું કશું નથી."

"વિચાર કરવા જેવું કશું નથી કેમ? સઘળું વિચારવા જેવું છે. ગુલામી અથવા માણુસ વેચવાનો ધંધો અનાર્ય કહેવાતી પ્રજામાંના પરોપકારી પુરૂષોના ભગીરથ પ્રયાસથી બંધ થયો છે; ત્યારે અમારા શેઠ જેવા શ્રીમંતો આ અધમમાં અધમ જાતની ગુલામીને ઉત્તેજન આપે તો તે અનાર્યથી પણ અનાર્ય ગણાય કે નહિ? કન્યાને—દેવીને વેચનારને ઉત્તેજન આપવાનું કામ શું અમારા શેઠ જેવાથી બનશે? અને શું આવા ગુલામીના ધંધા કરનાર



Scanned by CamScanner

ભડવાથી સંબંધ જોડવા આપ આપના સ્નેહીને સલાહ આપવા આવ્યા છો ?" વિવેકચંદ્રે ચોખ્ખું પરખાવી દીધું.

માણેકચંદ ખસ્ટ પડી ગયો. હેનું મ્હોં જંખવાણું પડયું; તો પણ હિંમત ધરી તેણે કહ્યું:—"માસ્તર સાહેબ! જરા વિચારીને બોલો. છેક હદ છોડી ન જાઓ. જે સખ્સથી સંબંધ બાંધવા મ્હેં હમણાં ભલામણ કરી તે સખ્સ કાંઈ ૧૦૦૦–૫૦૦ 'ખાવા લેવા' ઇચ્છતો નથી; અને 'સામા ઉફરાંટા' નો રિવાજ તો કાદીકદમીનો છે. એટલા માટે ત્હમે 'ભડવા' જેવો ભારે પડતો શબ્દ કહો છો તે અણવિચાર્યું વદો છો."

"નહિજી," મકકમપણે 'માસ્તરે' જવાબ વાળ્યો "હું અણવિચાર્યું વદતો નથી. ગણિકાઓ પોતાનો ધંધો ચલાવવા માટે જે 'ભડવા' રાખે છે તે **બહારના** માણસો હોય છે; સગા નથી હોતા; અને તેઓ 'ગણીકા' ને જે આમદાની કરાવે છે તે પેટે અમુક જુજ રકમ જ પામે છે,—બાકીની રકમ તો શીલ વેચનારીને મળે છે; પરંતુ **કન્યા નિમિત્તે** પૈસા લેનાર 'ભડવા' ઓ તો કન્યાના સગા–અરે બાપ કે કાકા કે મામા પોતે જ હોયછે અને જેને તે કન્યાનો ખપ હોય છે ત્હેની પાસેથી મળતી રકમ વેચવા કઢાયલી કન્યાને નઆપતાં પોતે જ રાખે છે. કેટલાક એ રકમમાંથી 'ઘર' કરે છે, એટલે કે પોતે પરણે છે અગર પુત્રને પરણાવે છે; કેટલાક ધંધોરોજગાર કરેછે; અને કેટલાક ઘેર બેઠાં અમનચમન કરે છે; તથા ખાનદાનનો દેખાવ કરનાર બાકીનાઓ એ રકમ તે કન્યાનાં લગ્ન પાછળ થતા ખર્ચમાં વાપરે છે અને એ **તેણીના** પૈસે **પોતે** જશ ખાટે છે (અને ખાનદાની સાચવે છે!) હું પૂછુંછું કે જે દેશમાં 'સામું ઉફરાંટુ' નથી લેવાતું તે દેશમાં કન્યાને પરણાવવાની પોતાની ફરજ બજાવવા તથા પોતાની ખાનદાનીનું જતન કરવા જે ખર્ચ કરાય છે તે કન્યાનો બાપ **પોતે** કરે છે કે **બીજો** કોઈ? અને જો **પોતાની** ખાનદાની જાળવવા માટે **કન્યાના** પૈસા વાપરવામાં આવે તો તે, પોતાનું પેટ ભરવા માટે ગણિકા પાસેથી દલાલી લેનાર 'ભડવા' કરતાં કઈ રીતે ઉતરતું કામ ગણાય તે આપ જ કહો."



Scanned by CamScanner

જેમ જેમ વિવેકચંદ્ર સ્પષ્ટીકરણ કરતો ગયો તેમ તેમ માણેકચંદનો રોષ વધતો ગયો. તેણે કહ્યું: " શું ત્હારે મહાજન ગાંડું છે કે, 'સામા ઉકરાંટા' નો હક્ક પાસે રહીને અપાવે છે? "

" માફ કરો, શેઠ સાહેબ!" ગંભીર ચ્હેરે 'માસ્તરે' પ્રત્યુત્તર આપ્યો " માફ કરો, મહેરબાન! મહાજન ગાંડું કે દલાલીઉં તે તો ત્હમે સારી રીતે જાણતા હશો. 'સામા ઉકરાંટા' ની વાત તો દૂર રહી પણ ખાનગી રાહે આપવા કહેલી રકમ પણ જ્યહાં સુધી ચુકવી દેવામાં ન આવે ત્યહાં સુધી 'ફેરા ફરવા' દેવામાં આવતા નથી તે વખત પણ મહાજન તો 'કન્યાવિક્રયના દલાલ'નું જ કામ કરે છે; ખુલ્લેખુલ્લો કન્યાવિક્રય થયો છે એમ જાણવા છતાં પણ જ્યહારે મહાજન હાજરી આપે છે અને લગ્નની બાહાલી–મંજુરી આપે છે ત્યહારે પણ તે 'કન્યાવિક્રયના દલાલ'નું જ કામ કરે છે; ખોડાઢોર, અપાસરો વગેરે ખાતામાં વરવાળા પાસેથી રૂપિયા માગવામાં આવે છે ત્યહારે પણ તે 'કન્યાવિક્રયના દલાલ'નું જ કામ કરે છે; અને એથી પણ ખુલ્લી દલાલીનું પૂછતા હો તો કહીશ કે, મહાજનના શેઠીઆઓ પૈકી કેટલાક નવરાધુપ જેવા માખીમારો બન્ને તરફની દલાલી ખાવાનો જ ધંધો કરે છે. કોઇ વખત પોતાનું ન ચાલે તો કન્યાવાળાને નાતબહાર કરી રૂ. ૫—૫૦ નો દંડ કરી પાછો અંદર લેછે અને એમ કરવામાં પણ ખાનગી દંડ પોતે વસુલ કરે છે તે તો જૂદો! અરે આ **'સહવાસણ દલાલી'** કરતાં પણ બૂરી જાતની દલાલી તેઓ પૈકી કેટલાક કરે છે, તે એવી રીતે કે, અન્ન વસ્ત્ર વગર રીબાતી વિધવાઓ સસરા પાસેથી ખર્ચ અપાવવાની વિનંતિ શેઠીઆ પ્રત્યે કરે છે ત્યહારે તે શેઠીઆ તે દુઃખી બાઇને કહે છે કે 'રાંડ, મહીને રૂ. ૪) તે શાના પાલવે? બહુ પૈસાદારની છોકરીને? વરસે રૂ. ૨૫) શું થોડા છે? ખા તો ખા; નહિ તો ભોગાવામાં પડ. ત્હારા માટે ત્હારા સસરાને માથે કંઈ એટલો બધો બોજો નખાય? પેલી બાઈ કાલાવાલા કરતાં થાકે છે; છેવટે કોઇની સલાહ મળવાથી રૂ. ૨૫–૫૦) નો ચાંડલો પેલા શેઠીઆને કરે છે, એટલે શેઠીઓ બાઇના સસરાને બોલાવીને કહે છે કે 'ફલાણાભાઇ! ત્હમારી વાત તો છેક જ વંઠી દેખું તો? બીચારી વહુને પડયા ઉપર પાટું મારતાં શરમે નથી આવતી? ત્હમારા ઘરની લાજ પ્રમાણે ત્હમારે મહીને રૂ. ૫) તો ખર્ચ બાંધી આપવું પડશે જ. નહિ તો ત્હમારે માટે વિચાર કરવો પડશે.' 'હા માં હા માં' કરતાં કરતાં



Scanned by CamScanner

રૂ. ૩૦૦ ઠરાવે છે અને એની પાસેથી પણ રૂ. ૫૦) હકસાઇ ગજવામાં મૂકે છે ! 'શાંડીરાંડ દલાલી, કરનારા આવા ત્હમારા મહાજનને મ્હારાથી મૂરખ કે દલાલીઉં કેમ કહેવાય ?"

રંભા શેઠાણી આ બધું લક્ષપૂર્વક સાંભળતાં હતાં અને પ્રસંગ આવ્યે પોતે પણ કાંઇ બોલવા તલપી રહ્યાં હતાં. માણેકચંદ શેઠને છેક જ જંખવાણા પડયા જોઈ શેઠાણીએ ત્હેને શાન્ત કરવા પ્રયત્ન કર્યો.

"માસ્તર ! ત્હમારી વાતો ખરી છે; પણ કાંઇ પાંચે આંગળીઓ સરખી હોય છે? ભલાભલી પૃથ્વી પડી છે. કોઇ **માગણ** હોય છે તો કોઇ **દાતાર** હોય છે; કોઇ **વંઠેલ** હોય છે અને કોઈ **સતીઓ** પણ હોય છે. માટે એ વાત જવા દો અને બીજી કન્યા કોણ છે તે બાબત પૂછપરછ કરવી હોય તે કરો."

માણેકચંદ, શેઠાણીનાં મિષ્ટ વચનથી કાંઇક શાન્ત થયા, એટલામાં તો વિવેકચંદ્રે બીજી કન્યાના સમ્બન્ધમાં વિચાર દર્શાવવા શરૂ કર્યા, કે જેથી શાન્ત પડવા લાગેલો સમુદ્ર પાછો ખળભળવા લાગ્યો.

"બહેન!" વિવેકચંદ્રે રંભા શેઠાણી પ્રત્યે કહ્યું "આ શહેરની કન્યા આપણે ધર્મે પણ ન જોઇએ. જો આપણે કન્યાવિક્રયને ઉત્તેજન આપવાની વિરૂદ્ધમાં હોઇએ તો વરવિક્રયથી પણ આપણે દૂર જ નાસવું જોઇએ; અને આ શહેરનો દરેક વર ૨૦૦ થી ૧૦૦૦ નો સુધીની રકમ માટે વેચાય છે. આપણું ઘર મ્હોટું હોવાથી આપણા સુદર્શનભાઇનું લીલામ કદાચ ૨-૪ હજાર જેટલી રકમે થાય, કે જે હું કદી સાંખી શકું નહિ. વળી ગામમાં ને ગામમાં લગ્ન કરવાથી વેવાઇઓ વચ્ચે સારો સ્નેહભાવ ટકી શકતો નથી. છોકરી દિવસે બાપના ઘેર રહે અને સંધ્યા વખતે સાસરે જવા નિકળે એ જ એમ બતાવી આપે છે કે માત્ર વિષય વિકારનું સગપણ છે. બાપ ત્હેમને ઉછેરે છે તે પણ તે અર્થે જ. અફસોસની વાત છે કે માત્ર થોડા કલાકને માટે છોકરીઓને સાસરે મોકલવાના રીવાજવાળા શહેરીઓ તે બદલ જમાઇને આગળથી સારી સરખી 'ફી' આપે છે, જેને તેઓ 'પહેરામણી' એવું ભવ્ય નામ આપે છે! પિયર અને સાસરા વચ્ચે હીંચકા ખાતી આ મદમાતી છોકરીઓ કેટલીક વાર તો પિયરથી સાસરે જવાના અને સાસરેથી પિયર જવાના બહાને બીજે જ કોઇ 'સ્ટેશને' ઉતરી પડે છે અને ત્હેની કોઇને ખબર પણ પડતી નથી.



Scanned by CamScanner

આ વગેરે કારણોને લઇને સુદર્શનભાઇ માટે હું તો આ શહેરની કન્યા કોઈ રીતે લેવા નહિ જ દઉં.”

શેઠાણીને ‘માસ્તર’ની દરેક વાત બરાબર લાગી અને ત્હેના ચહેરા ઉપર જ્હેની પસંદગી–નાપસંદગીનો આધાર હમેશ રહેતો હતો એવા ભોળીઆભટાક **ગાંડાલાલ** શેઠે પણ માથું ધૂણાવીને ગંભીર વદને કહ્યું: “બરાબર છે; માસ્તરની વાત બરાબર છે.”

**માણેકચંદ** શેઠ કે જે **ગાંડાલાલ**નો જુનો સ્નેહી હતો ત્હેને મળેલા આ જાતના સત્કારથી ત્હેને ઘણું લાગી આવ્યું તેથી ત્હેણે ‘માસ્તર’ને દાઢમાં ઘાલ્યો અને કહ્યું કે “માસ્તર સાહેબ ! આજકાલ આપને **ગાંડાલાલ** શેઠ જેવા ભાગ્યશાળી પુરૂષનો હાથો મળ્યો છે એટલે શી વાત કરવી ? કરોડપતિના માનીતા જે બોલે તે પોપાય. જુઓ મહેરબાન, અમારે તો કાંઈ નથી; પણ આપના આવા વિચારોથી અમારા જુના સ્નેહીના રત્ન જેવા પુત્રને જીંદગીભર વાંઢા આથડવું પડશે, એ જ અમને સાલે છે. અને દસા–વીશી સર્વની ચાલ્યા કરે છે; તો ન કરે નારાયણ ને જો શેઠજીની દશા પલટાઈ તો આપનો આવો મિજાજી સ્વભાવ દુનિયામાં કોઇ સ્થળે કેમ પોષાશે એની મ્હને ચિંતા થાય છે.”

“**માણેકચંદ** શેઠ !” માસ્તરે ઠાવકું મ્હોં રાખી કહ્યું “મ્હારી ચિંતા રાખવા માટે આપનો ઉપકાર માનું છું. પરંતુ જેમ આપને મ્હારી ચિંતા છે તેમ મ્હને પણ આપની ચિંતા થાય છે. આપ ઉત્તમ મનુષ્ય જન્મ તથા ઉત્તમ ક્ષેત્રમાં ઉત્તમ કૂળ સાથે જૈન ધર્મ જેવો ઉત્તમ ધર્મ પામવા છતાં વરવિક્રય અને કન્યાવિક્રય જેવા મહા-પાતકની દલાલી કરો છો અને વળી સલાહ આપનાર પર ક્રોધ કરી આત્માને બમણો મલીન બનાવો છો તો પૂર્વનાં સુકૃત્યનું અત્યારે જે ફળ ભોગવો છો તે ફળ ભોગવાઇ રહ્યા બાદ આપની શી વલે થશે, એની મ્હને ચિંતા થાય છે.”

“ઠીક છે, બચ્ચા, હું જોઈ લઇશ. વલે ત્હારી કે મ્હારી થાય છે તે **આ** ભવમાં જ બતાવીશ” એમ કહેતાની સાથે લાલચોળ થઇ ગયેલો **માણેકચંદ** શેઠ એકદમ ઉભો થયો અને શાન્ત્વન માટે તૈયાર થયેલાં શેઠાણી એક અક્ષર પણ બોલે તે પહેલાં તો સડુકસટ ઓરડો છોડી ચાલતો થયો.

શેઠ, શેઠાણી અને માસ્તર ઘડી વાર મૌન થઇ બેસી રહ્યાં. કેટલીક વાર એક બીજાના મ્હોં તરફ જોયાં કીધું; પછી વિવેકચંદ્રે ચુપકી તોડી: " શેઠજી ! આવા ધમકીના શબ્દોથી આપે મુદ્દલ ચિંતા કરવાની જરૂર નથી. હું જાણું છું કે ખટપટીઆ પુરૂષો ગમે તેવા નિર્બળ જેવા દેખાવા છતાં પણ કોઈ વખત મ્હોટી આડખીલ રૂપ થઇ પડે છે. પણ તેટલા ખાતર આપણે ચિત્તશાન્તિ ગુમાવવાની કાંઈ જરૂર નથી. ' મરણ એક દિવસ તો આવવાનું છે જ ' એ આપણે ચોક્કસપણે જાણીએ છીએ પણ તેથી કાંઇ હમેશ ' મુએલા ' જેવા ગમગીન થઈ પડયા રહેવું જોઇતું નથી. આપણે આપણો ' ધર્મ ' બરાબર બજાવ્યા જઇશું અને તેમ કરવામાં કાંઇ આડખીલ આવી પડશે તો તે ' ધર્મ ' બજાવવાનું ફળ નહિ પણ પૂર્વના કોઈ કુકર્મનું ફળ છે એમ વિવેકથી વિચારી શાન્તપણે તે સહીશું અને ધર્મને જાળવી રહીશું. હાલ તો એક વિચાર મ્હને સૂઝે છે; તે એ છે કે, સુદર્શનભાઈ માટે કન્યા શોધવા મ્હારે જાતે નીકળી પડવું અને આવા ' હેતના ટુકડાઓ 'ને મ્હેણું મારવાનો વખત જ ન મળવા દેવો. "

શેઠ શેઠાણીએ એ વિચાર માન્ય રાખ્યો અને વિવેકચંદ્રે બીજે જ દિવસે પ્રયાણ કર્યું.

Scanned by CamScanner

# પ્રકરણ ૪ થું.

## કન્યાની શોધમાં.

વિવેકચંદ્ર પોતાના શિષ્ય માટે કન્યાની શોધ કરતો કરતો અનેક ગામ–નગર–પૂર–પત્તન ફરતો ફરતો ઘણો થાકી ગયો; પણ હેને કોઈ સ્થળે સંતોષ મળ્યો નહિ. એક વખત તો એને એમ જ કલ્પના થઈ આવી કે, શું હિંદ કન્યારત્ન વગરનો જ થઇ ગયો છે? શું હિંદમાં બધા કાચ જ છે–રત્ન કોઇ જ નથી?

એવી નિરાશા ઉત્પન્ન થવાથી તે એક વાર તો એવા નિશ્ચય પર આવી ગયો કે, હવે તો જે મળે તે કન્યા લઇ લેવી, કે જેથી દુષ્ટ માણેકચંદનું મ્હેણું સાંભળવું ન પડે. પરંતુ વધારે ઉંડા ઉતરીને વિચાર કરતાં હેને તે વિચાર અહિતકારક જણાયો. હેણે પહેલાંના વિચાર સાથે મનમાં જ યુદ્ધ આરંભ્યું: શું એક રત્ન જેવા યુવાનની આખી જીંદગીને મ્હારી આળસ કે હુંપદ ખાતર બરબાદ કરવા હું નીકળ્યો છું? નહિ; મ્હને જરા વધારે પરિશ્રમ પડશે તે હું સહન કરીશ, માણેકચંદ જેવા બસો બદમાસોનાં મ્હેણાં પણ સહન કરીશ, પણ અયોગ્ય પત્નીને લીધે મ્હારા શિષ્યને આખી જીંદગી સુધી નિસાસા નાખવા પડે એ જોવાનું મ્હારાથી હરગીજ સહન થશે નહિ. 'બહુરત્ના વસુંધરા'માં કંઇક રત્નો પડયાં હશે. મ્હને અદ્યાપિ સુધી ઇચ્છીત અર્થ નહિ પ્રાપ્ત થવાનું કારણ મ્હારા **સંકલ્પની નબળાઈ** જ છે. સંકલ્પબળ વગરનો માણસ તણખલા તુલ્ય છે' એમ કહેતાની સાથે તે તે ઉઠયો અને વિજયનગર કે જ્યહાં પોતાનો મિત્ર ઉત્તમચંદ રહેતો હતો ત્યહાં ગયો. આગમનપ્રયોજન મિત્રને જણાવતાં મિત્રે પોતાથી બનતી મદદ આપવા વચન આપ્યું.

તે સાંજે જ્ઞાતિભોજનનો મેળાવડો હતો. ઉત્તમચંદનું આખું ઘર એ મેળાવડામાં આમંત્રાયલું હતું તેથી **વિવેકચંદ્ર** એકલા માટે રસોઇ કરવી પડે તેમ હતું. પરંતુ વિવેકી **વિવેકચંદ્રે** નાતમાં જમવા જવાની ઇચ્છા બતાવવાથી એના નિમિત્તનો " આરંભ સમારંભ " બચ્યો !

સાંજના ચાર વાગ્યા. યુવાન સ્ત્રીઓ અને કન્યાઓ, યુવાન પુરૂષો અને બટુકોની ન્હાનીમ્હોટી ટુકડીઓ સુંદર વસ્ત્રાભૂષણ પહેરીને જાહેર રસ્તા પર થઇને જતી જોવામાં આવવા લાગી. **વિવેક-ચંદ્ર** કે જેનો અવલોકન કરવાનો સ્વભાવ હતો તે દરેક બાબતનો અનુભવ લેવાને પોતાના મિત્ર સાથે વ્હેલોવ્હેલો નાતમાં જવાને તૈયાર થયો. તે, રસ્તે જતાં સ્ત્રીપુરૂષોનાં ટોળાંને નિહાળીને જોતો અને ત્હેમની વાતો સાંભળતો. કુમારીકાઓ અને વધુઓ મુખ્યત્વે કેવી વાતોમાં આનંદ લે છે તે સાંભળી તે પરથી નાતની **સ્થિતિ**નો ખ્યાલ બાંધતો. પોશાક અને ચાલવાની ઢબ ઉપરથી તે નાતની **નીતિ**નો મત બાંધતો. સરિયામ રસ્તે અવલોકન કરતો કરતો તે એક પોળના દરવાજા પાસે આવી પહોંચ્યો, કે જ્યહાં સંખ્યાબંધ સ્ત્રીઓ જમવા બેઠી હતી. આ સ્ત્રીઓ ઉઠે ત્યારપછી પુરૂષોને જગા મળવાની હતી તેથી પુરૂષો રાહ જોઇને આડાઅવળા બેઠા હતા અને સ્ત્રીઓ પુરૂષોને તપાવવાના મળેલા આ પ્રસંગનો લાભ લઈ વાગોળોની માફક ચણતી ચણતી એકાદ બે કલાકની મજાહ લેતી હતી !

સારાંસારાં ખાનદાન ઘરની બૈરીઓ હમણાં ખુલ્લી પોળ વચ્ચે ગંદી જમીન પર પત્રાળી નાખીને બેઠી છે. કેટલીક તો લઘુનીતિના ચાલેલા રેલા ઉપર ધૂળ નાખવાની પણ તકલીફ લેવા રાજી નહોતી. એક ગજને છેટે આવેલાં જાજરૂની દુર્ગંધ પણ તેઓને નડતી નહોતી; અને મિષ્ટાન્ન જમ્યા પછી ભાત પીરસાવા માંડયો કે તુરતજ પત્રાળીઓ લૂટવા માટે રાહ જોઇને બેઠેલા ઢેડીઆ નાતમાં ઘુસીને એંઠાં મ્હોંવાળી સ્ત્રીઓને ધક્કા મારતા હતા તે વખતે તે સ્ત્રીઓને ભ્રષ્ટાચારનો પણ ખ્યાલ રહેતો નહોતો.

આ સઘળું **વિવેકચંદ્ર** પાટ ઉપર બેઠાં બેઠાં જોયાં કરતો હતો. ઢેડીઆની લૂટ પૂરજોસથી ચાલતી હતી એવામાં તે લૂટારૂઓની ટોળી વચ્ચેથી એક અવાજ સંભળાયો: " પકડો, પકડો ! " સર્વના ધ્યાન



Scanned by CamScanner

તે અવાજ તરફ ખેંચાયા. બીજાઓ હજી ‘ શું હશે ? શું હશે ? ’ એમ વાતો કરવામાં રોકાયા હતા એટલામાં વિવેકચંદ્ર તે ટોળા તરફ દોડયો અને તે ‘ લાઇસેન્સ્ડ લૂટારાઓ ’ ને કોણીથી દૂર કરી પોતાનો માગ કર્યો. હેણે જે દેખાવ જોયો તેથી પ્રથમ તો તે દિગ્મૂઢ જ બની ગયો. એક પંદર વર્ષની કન્યાએ એક ઢેડનો હાથ મજબુતાઇથી પકડયો હતો, જે છોડાવવા માટે તે બદમાશે ઘણાંએ તરફડીઆં માર્યાં પણ તે નિષ્ફળ ગયાં હતાં. તે કન્યાએ તદ્દન સાદાં કપડાં પહેર્યાં હતાં, તે પરથી તે કોઇ ગરીબ ઘરની હોય એમ જણાતું હતું, પણ હેનો ચહેરો ગરીબ જેવો નહતો. હેના અન્યથા શરમાળ ચહેરાપર હમણાં સિંહણ જેટલું શૌર્ય અને સૂર્ય જેવું તેજ આવ્યું હતું. એક બદમાસ પણ તેણીના પંજામાંથી છૂટવા હિમત ધરી શકયો નહતો અને એક બિલાડીને જોઇને ઉંદર જેમ કમજોર થઇ જાય તેમ હેના હાંજા નરમ થઇ ગયા હતા. વિવેકચંદ્રે કલ્પના કરી કે આ ભિક્ષુકે સ્ત્રીઓની વચ્ચે થઇને પસાર થતાં આ કન્યાનો કોઇ દાગીનો ખેંચી લીધો હશે; તેથી હેણે એકદમ હેનો ટોટો પકડયો અને હેને ભોંય પર પછાડયો. કુમક આવી પહોંચી જોઇ કન્યાએ દમ લીધો અને નિશ્ચિંત બની. તેણીએ તે કુમકે આવનાર અજાણ્યા પુરૂષને જણાવ્યું કે તે ભિક્ષુકે એક ચાર વર્ષના છોકરાની ડોકમાંથી સોનાની સાંકળી ખેંચી લીધી હતી અને તે સાંકળી પોતાના માથાના ફાળીઆમાં છુપાવીને તે નાશી જતો હતો, જે જોઇ તે પરગજુ છોકરીએ હેની પાછળ પડીને હેનો હાથ પકડી ઉભો રાખ્યો હતો અને “ પકડો, પકડો ! ” એવો અવાજ કર્યો હતો.

આ ખુલાસો સાંભળી વિવેકચંદ્ર આશ્ચર્ય પામ્યો. એક વાણીઆની છોકરી ! “ એમાં હાંસલ શું ?” એમ પૂછ્યા વગર જરા જેટલું પણ કામ ન કરે એવા વાણીઆની છોકરી ! અને પારકો દાગીનો બચાવવા માટે આટલી બધી હિમત કરે ? ! એ ખ્યાલ હેને ચમત્કાર જેવો જ લાગ્યો. હમણાં લોકો આ દેખાવની આજુ-બાજુ વીંટળાઇ વળ્યા હતા અને સૌ કોઇ તે ભિક્ષુક પર લાતો કે ગડદાના પ્રહાર કરવા લાગ્યું હતું. વિવેકચંદ્રે હેમને એવી નિર્દ-યતા કરતા અટકાવ્યા અને તે ભિક્ષુકના ફાળીઆમાંથી સાંકળી કહા-ડીને તે કન્યાના હાથમાં આપતાં મ્હોટેથી જણાવ્યું: “ આ ભિક્ષુકનો એમાં જે કાંઇ દોષ છે તેથી વધારે દોષ તો આ નાતના

જમાડનારાઓનો છે. સ્ત્રી અને બાળકો જેવાં નિર્બળ પ્રાણીઓ આરામથી જમતાં હોય ત્યહાં ઢેડીઆને ઘુસવા દેવાનો રીવાજ દાખલ કરનારા આગેવાનો જ આવી ચોરીઓ માટે અને (તેથી પણ આગળ વધીને) કોઇ સ્ત્રીની એબ પર નખાતા હાથ માટે જુમ્મેવાર છે. જ્હેમને હજાર રૂપીઆનું જમણ આપવું મળે છે ત્હેમને શું એક પંગત જમીને ઉઠયા પછી તે જગ્યા સાફસુફ કરનારા નોકરો નથી મળતા, કે જેથી એંઠવાડ લઇ લેવાને ઢેડીઆને છુટા મૂકવામાં આવે છે? આવા મેળાવડામાં દૂધપાક–પૂરી જમવા કરતાં પોતાના ઘેર શાન્તપણે સુક્કો રોટલો ખાવામાં વધારે મજાહ પડે." વળી ત્હેણે સ્ત્રીઓના ટોળા તરફ નજર કરીને કહ્યું: " બ્હેનો! ન્હાનાં છોકરાંને દાગીના પહેરાવીને લ્હાવો લેવા પહેલાં કાંઇક વિચાર કરો! જે ચાર વરસના બાળકના ગળામાંથી આ સાંકળી ખેંચીને લેવામાં આવી હતી, ત્હેને જઇને પૂછો કે ત્હને કેટલું દુ:ખ થયું હતું? આવી રીતે કેટલાંક છોકરાંના જીવ પણ ગયા છે. લ્હાવો લેવાને તલપી રહેલાં ઓ અર્ધદગ્ધ માબાપો! છોકરાંને ઘરેણાં પહેરાવીને ત્હમારી આંખને રાજી કરવાના સ્વાર્થ સાટે ત્હમે ત્હેમના જીવનો ભોગ આપો છો. ન્હાની વયનાં બાળકોનાં વેવિશાળ કે લગ્ન કરીને ત્હમારી શ્રીમંતાઇ બતાવવાનો લ્હાવો લેવાના સ્વાર્થ સાટે ત્હમે ત્હેની આખી જીંદગી બરબાદ કરો છો. ઓ પુત્રવત્સલ માતાઓ! ! ત્હમે એવા ગાંડા લ્હાવા જવા દો અને પુત્રને તનદુરસ્ત, વિવેકી, પ્રવિણ બનાવવામાં જ ખરો લ્હાવો સ્હમજો!"

વિવેકચંદ્રનો ઉપદેશ સાંભળવામાં સર્વ કોઇને તલ્લીન બનેલા જોઇને પેલો ચોર લાગ સાધી ગુપચુપ છટકી ગયો. કેટલાકની દૃષ્ટિ એ તરફ ગઇ હશે; પરન્તુ ચોરાયલી ચીજ પાછી મળી ગઇ હોવાથી દયાળુ વાણિયા કાંઇ કોર્ટે ચ્હડી વધુ વખત અને પૈસાનો ભોગ આપવાનું પસંદ કરે તેવા નહોતા!

ઉપદેશ પુરો થયો તે દરમ્યાન જમીન પરથી પત્રાળીઓ પણ ઉપડી ગઈ, જો કે નાસતા ભિક્ષુકોની અડફટમાં આવેલા દડીઆમાંથી ઢળેલી દાળને લીધે જમીન તો ખરડાયલી જ પડી હતી! તેમ છતાં તે જગા પર પુરૂષો જમવા બેસી ગયા અને એક પછી એક વાનીઓ પીરસાવા નીકળી. વિવેકચંદ્રને આવી જગાએ જમવા



Scanned by CamScanner

બેસવું ગમતું તો નહોતું, પરંતુ મિત્રને ખોટું ન લાગે તેટલા માટે બેસવું પડયું. જમતાં જમતાં ત્હેણે વાતનો પ્રસંગ લીધો.

" ભાઇ ઉત્તમચંદ! આવા નાતના મેળાવડાથી ત્હમે શું ફાયદો માનો છો?"

" મિત્ર! ફાયદા ગણીએ તો ઘણાએ છે અને ન ગણીએ તો એકે નથી, બલ્કે નુકશાન પ્રત્યક્ષ દેખાય છે. દેશનાં લાખો મનુષ્યો હજારોના ટોળામાં વહેંચાઇને **તેટલા મંડળનું હિત** કરવા લાગી પડે એ ઇચ્છવાયોગ્ય છે. આ હજારો માણસો પૈકી કોઈ એક ગામમાં, કોઈ બીજા ગામમાં, એમ જૂદે જૂદે સ્થળે રહેતું હોઇ ત્હેમના વચ્ચે ત્હેમની જ્ઞાતિ એક જ હોવા રૂપી તારનું જોડાણ રહે તેથી અરસપરસ સંબંધ જળવાઈ રહે. જ્ઞાતિભોજનના મેળાવડા એ સંબંધને પાણી પાય છે. એક બીજા સાથે ભળવાથી, એક બીજાના ગુણ-અનુભવ-વિચારોની આપ લે થવાથી, એક 'નિશાળ' થી જે લાભ ઉઠાવી શકાય તેવો લાભ થાય છે."

" તે ખરૂં છે; તે ઉપરાંત પુત્રનો બાપ કન્યા અને કન્યાનો બાપ વરની પસંદગી પણ જ્ઞાતિભોજનના મેળાવડામાં સારી રીતે કરી શકે. હમણાં જ મ્હેં તે કુમારિકા જોઈ અને મ્હને લાગ્યું કે સુદર્શનભાઇ માટે તે ઠીક છે. ઉમરમાં, રૂપમાં, વિવેકમાં તેમજ બુદ્ધિમાં ભાઇને લાયક જ છે. કહો, ત્હમારો તે બાબતમાં શું મત છે?"

" મ્હારો મત પૂછતા હો તો હું તો એમજ કહું કે એવી કન્યા ત્હમને ત્રિલોકમાં હાથ લાગવી મુશ્કેલ છે; પણ વાંધો માત્ર એટલો જ છે કે તે એક ગરીબ ઘરની કન્યા હોવાથી ત્હમારા શેઠ તેણીને મંજુર કેમ રાખશે?"

" ઓહ! એ બાબતમાં ચિંતા કરવા જેવું છે જ નહિ. અમારા શેઠ શ્રીમંત છે પણ શ્રીમંતાઇના મોહથી મુક્ત છે; ત્હેમનું મિત્રમંડળ મુખ્યત્વે ગરીબ વર્ગનું બનેલું છે. સદ્‌ગુણનો વાસ થોડોઘણો પણ કોઇ જગાએ હોય તો તે પ્રાયઃ ગરીબાઇમાં જ છે, એમ તે માને છે."

" ત્યારે તો વાંધો નહિ. આપણે જમીને સિધા જ કેવળદાસ-



Scanned by CamScanner

ભાઇના ઘેર જઇશું અને કોઈ યુક્તિથી ત્હેમની પુત્રીના વેવીશાળની વાત હું છેડીશ."

તેઓ જલદી જલદી જમવું પુરૂં કરી, ઢેડીઆના સ્પર્શની ત્હેમને ચ્હીડ હોવાથી ભાત પીરસાવા નીકળે તે પહેલાં તો હાથ ધોઇ ઉભા થયા અને કેવળદાસને ઘેર ગયા.

કેવળદાસ એક ગરીબ પણ નીતિમાન સ્વતંત્ર વિચારના ગૃહસ્થ હતા. ગુજરાતી અભ્યાસ પુરો કરીને સાધનના અભાવે ત્હેમને નિશાળના મહેતાજી તરીકે રોકાઇ જવું પડયું હતું. પરન્તુ રોટલાની ફીકર ટળે એટલી આવકથી તે સંતોષ રાખનારા હોઇ ફુરસદનો બધો વખત જ્ઞાનપ્રાપ્તિમાં જ કહાડતા હતા. એમનું વાંચન બહોળું હતું; એમનો અનુભવ પણ તેવો જ બહોળો હતો. ત્હેમના વિચારો સાત્વિક અને ઉંડા હતા. તેઓ જેમ તોફાની સુધારાને પસંદ કરતા નહિ તેમ સડેલા પુરાણા રીવાજોને પણ ટેકો આપતા નહિ.

અનુભવ જેમ જેમ વધતો ગયો તેમ તેમ કેવળદાસને સરકારી નોકરીમાં રહી અમુક રીતે જ શિક્ષણ આપવાનું બંધન ગમ્યું નહિ; કારણ કે તે પદ્ધતિથી છોકરાની જીંદગીનો સૌથી વધારે ઉપયોગી ભાગ ઘણો નકામો જતો હતો અને ત્હેમની બુદ્ધિ કેળવાવાને બદલે બ્હેર મારી જતી, એમ ત્હેમને લાગતું હતું. તેથી પ્રજાકીય ધોરણપર એક શાળા પોતાના તરફથી જ ત્હેમણે ખોલી હતી અને ત્હેમાં નમુનેદાર શિક્ષણ અપાતું હતું. આ નિશાળમાં ૫-૬ વર્ષ ભણીને નીકળનારા છોકરા 'માસ્તર લોક' બનતા નહિ પણ 'શાહુકાર' બનતા; તેઓ દશ-બાર રૂપૈડીની ઓશીયાળ કરતા 'પોલીસ્ડ ભિક્ષુક' બનતા નહિ પણ હજારો રૂપીઆની ઉથલપાથલ કરતા સ્વતંત્ર પણ સાદા 'વાણીઆ' બનતા.

કેવળદાસ શેઠની નિશાળના જન્મદિવસે જ ત્હેમને એક પુત્રી રૂપી રત્નની પ્રાપ્તિ થઈ હતી; તેથી આજે તે શાળા તથા બાળા બન્નેની ઉમર ૧૬ વર્ષની થઇ હતી. આ પુત્રી પછી ૭ વર્ષે ત્હેમને એક પુત્રની પણ પ્રાપ્તિ થઈ હતી. ત્હેમની પત્ની લક્ષ્મી, પુત્ર મણિલાલ કરતાં પણ પુત્રી વિદ્યુતબાળા પર વધારે ચાહ રાખતી હતી; કારણકે તેણી એમ સમજતી હતી કે એ બાળા ગર્ભમાં આવી ત્યહારથી ત્હેમના ન્હાના ઘરમાં દરેક જાતનું નિર્દોષ સુખ આવવા લાગ્યું હતું.



Scanned by CamScanner

વિદ્યુત્બાળાના વેવીશાળ માટે કેવળદાસને ત્હેનાં સગાંવ્હાલાં બહુ ઉતાવળ કરાવતાં; પરન્તુ કેવળદાસ જરાકે ચ્હીડાયા સિવાય ઠપકા સાંભળ્યા કરતા અને વેવીશાળને અનુકૂળ સઘળા સંજોગો મળતા સુધી શાન્તિથી રાહ જોતા.

જે વખતે વિવેકચંદ તથા ઉત્તમચંદ, કેવળદાસના ઘરમાં દાખલ થયા તે વખતે એક સ્વચ્છ પરંતુ આકર્ષણીય ઓરડામાં એક ચટાઇ પર કેવળદાસ બેઠા હતા. સામે વિદ્યુત્બાળા હાથમાં ચોપડી લઈ વાંચતી હતી અને પિતાને સવાલો કરતી હતી. આંગણામાં કોઇનાં પગલાં સંભળાયાં કે તુરત વિદ્યુત્બાળા બારણા તરફ દોડી અને કાકાને જોઈ ત્હેને 'જયજિનેન્દ્ર' એવા શબ્દોચ્ચારથી પ્રણામ કરી બન્નેને ઘરમાં પ્રવેશ કરાવ્યો. કેવળદાસે પણ ત્હેમને યોગ્ય સન્માન આપી પાસે બેસાડયા અને જળ તથા પાનસોપારી આપી ત્હેમનું આતિથ્ય કર્યું.

કેટલીક આડીઅવળી વાતચીત કર્યા પછી ઉત્તમચંદે વિદ્યુત્બાળાના વેવીશાળની વાત છેડીઃ "ભાઈ કેવળદાસ! રાજનગરનિવાસી શેઠ ગાંડાલાલના પુત્ર સુદર્શનનું નામ તમારા સાંભળવામાં આવ્યું છે?"

"હા; ઘણી વાર નામ સાંભળ્યું છે; એટલું જ નહિ પણ એની તારીફની સુગંધી ચોતરફ ફેલાયલી જોઇ એક જ્ઞાતિબંધુ અને સ્વધર્મીબંધુ તરીકે મ્હને અત્યંત હર્ષ થયો છે. મ્હેં એકાદ વખત ત્હેમની મુલાકાતનો પણ પ્રસંગ લીધો હતો અને આટલી ન્હાની ઉમરમાં તે સંસ્કારી જીવે જે જ્ઞાન અને વિનય ગુણની પ્રાપ્તિ કરી છે તે જોઇ મ્હને આશ્ચર્ય થયું હતું."

"એ જગાએ બ્હેન વિદ્યુતનું વેવીશાળ કરીએ તો?"

"કેવી અસંભવિત વાત! એ લક્ષાધિપતિઓ આપણા જેવા નિર્ધનને ત્યહાં પોષાય જ કેમ?"

"અને તે પોષાય એવો રસ્તો હું કરી આપું તો?"

"એટલે?"

"એટલે એ જ કે હું ત્હેમની 'હા' મેળવી આપું તો?"

"હા મેળવવી એ જ એક મુસ્કેલી નથી; પરન્તુ મ્હોટા ઘરની જાનને પાલવવા જેટલી શક્તિ મ્હારી નથી."

“ તે શક્તિ ન હોય તે માટે ફિકર ન કરો; સુદર્શન શેઠના મિત્ર આ મ્હારી સાથે જ છે તેઓ પદરથી સર્વ ખર્ચ કરીને ત્હમારી લાજ રાખશે.”

“ મિત્ર ! ત્હમે મ્હને ખચીત જ ગેરઇન્સાફ આપો છો. મ્હારી લાજ કોઇ દિવસ ઓછી થઈ નથી, તેમજ એમ થવાનો પ્રસંગ પણ કદાપિ આવ્યો નથી, કે જેથી તે રાખવા માટે કોઇની મદદની જરૂર પડે. મ્હેં કોઇ દિવસ કોઇનું કાંઇ લીધું–ખાધું નથી, ન કર્યાનું કર્યું નથી, મ્હારા હૃદયને અયોગ્ય જણાય એવા એક પણ કામમાં હું કદાપિ સામેલ થયો નથી; એથી મ્હારી લાજ કદી જોખમમાં હતી નહિ અને છે પણ નહિ; તો પછી હમણાં કૃત્રિમ લાજ માટે મ્હારે કોઇના ઓશીઆળા થવાની શી જરૂર છે ? ”

“ત્હમારી વાત વાજબી છે, મિત્ર ! ત્હમે તદ્દન પ્રમાણિક હોઇ જે કાંઇ કહો ત્હેનું રહસ્ય હું સમજી શકું છું. પરન્તુ ત્હમને કોઈ રસ્તે ઉપકારમાં આવવા ઇચ્છા ન હોય તો આ મ્હારા મિત્ર ત્હમને એક ખુલ્લી રીતે સારી આવકના ધંધામાં લગાડીને તે ધંધા પાછળ જોઈતી મુડી ધીરે ( ત્હમને વાંધો હોય તો વ્યાજે ધીરે ), કે જેથી મ્હોટા ઘરના લગ્ન પાછળ થતા ખર્ચ માટે ત્હમારે કોઇની ઓશીઆળ વેઠવી જ ન પડે; એ વિચાર ત્હમને પસંદ છે ? ”

“ હરગીજ નહિ, મિત્ર ! હરગીજ નહિ. પુત્રીને વેચનારા પુરૂષો **ખુલ્લી રીતે** નાણાં લે છે અને આ, **વ્યાપારના નામે** પૈસા લેવા બરાબર થયું; **તે** નાણાં વરના **બાપ** પાસેથી લેવાય છે અને **આ,** વરના **મિત્ર** પાસેથી લેવાય છે; **તે** નાણાં પાછાં **ન આપવાની** સરતે લેવાય છે અને **આ,** પાછાં **આપવાની** સરતે લેવાય છે, પણ મૂળ નાણાંથી અનેક ગણો લાભ ત્હેમાંથી લેવાવાનો તો ખરો જ ! હું જાણતો નહોતો કે મ્હારા મિત્ર ઉત્તમચંદ જેવા એક ઉત્તમ પુરૂષ એક નીચમાં નીચ માણસને સંભળાવવા જેવા શબ્દો પોતાના જીગરના મિત્રને સંભળાવી ત્હેના હૃદયમાં કટાર ભોંકવા જેવું દુ:ખ કરશે.”

“ મ્હને માફ કરો, મ્હારા મિત્ર ! હું ત્હમને સ્હમજી શકતો નથી. મ્હેં સ્વપ્નમાં પણ ત્હમારી લાગણી દુ:ખવવા ઇચ્છયું નથી. મ્હેં હમણાં ત્હમને અપમાન પહોંચાડવા કાંઈ યુક્તિ કરી નથી. ત્હમે જ્યહારે એક ઉત્તમ કન્યા માટે ઉત્તમ વર જોઇ શક્યા છો, છતાં



Scanned by CamScanner

ગજા ઉપરાંતના બોજાના ડરથી તે લાભ લેતાં અચકાઓ છો, ત્હારે હું માત્ર યથામતિ રસ્તો સૂચવું છું; અને તેટલામાં પણ જો ત્હમારી લાગણી દુઃખાતી હોય તો ત્હમને ક્ષમાવું છું અને મ્હારી દરખાસ્ત પાછી ખેંચી લઉં છું."

"ખોટું ના લગાડો, મિત્રો !" વિવેકચંદ્રે વચ્ચે પડી બન્નેના સાન્ત્વન અર્થે કહ્યું "આનંદના કામને આમ ખેદનું કારણ ન બનાવો. ત્હમો બન્ને સત્યને રસ્તે ચાલનારા છો; એકનો ઇરાદો જેમ ખોટું કરવાનો નથી તેમ બીજાનો ઇરાદો ખોટું બતાવવાનો નથી. માત્ર સમજફેર થાય છે. પરંતુ કેવળદાસ શેઠનો આશય આટલી વાતચીતપરથી હું સમજી શકયો છું એ પરથી એક રસ્તો સૂચવું છું, તે તરફ આપ બન્ને મિત્રો જરા લક્ષ આપશો તો હું ત્હમારો અંતઃકરણથી આભાર માનીશ."

"ઘણી ખુશીથી ફરમાવો" બન્નેએ ઉમંગભેર સંયુક્ત જવાબ દીધો.

"જુઓ; મિત્રો!" વિવેકચંદ્રે વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને વિનયપૂર્વક જણાવ્યું "કેવળદાસભાઈ મ્હારા જેવા વિચારના હોય એમ મ્હને જણાય છે. પોતાની પુત્રી ત્હેમને ઘણી જ પ્રિય છે. એ પ્રિય પુત્રીને પોતાના દુઃખનું કારણ બનાવવા તે રાજી નથી; મતલબ કે પોતાની શક્તિ ઉપરાંત ખર્ચ તે પુત્રીના લગ્નમાં કરીને કોઇના દેવાદાર બનવાથી કે કોઇના ઉપકારમાં આવવાથી તે શાણી પુત્રી જ દીલગીર થશે અને પોતાની ખાતર પોતાના વ્હાલા પિતાને જે દુઃખ થાય તે દુઃખમાંથી તે મુક્ત ન થાય ત્હાં સુધી તેણી પણ દુઃખી જ રહેવાની. મ્હારી સલાહ આપ સ્વીકારો તો, વર ગમે તેવો શ્રીમંત હોય તો પણ મ્હોટા ખર્ચની કશી જરૂર નથી. આપણે ભણેલાઓ જ આવો સુધારો દાખલ ન કરી શકીએ તો બીજાઓની શી હિમ્મત ચાલવાની? હું તો એમ જ સૂચવું છું કે વરે ૪-૫ સ્વજનો લઇને પરણવા આવવું અને વરકન્યાને બીજે જ દિવસે વિદાય કરવાં. વરઘોડા વગેરેનાં ભારે પડતાં ખર્ચની પણ કશી જરૂર નથી."

"બરાબર છે, બરાબર છે,!" કેવળદાસે હર્ષભેર જણાવ્યું "આપ મ્હારો આશય બરાબર સમજ્યા છો. પરણવું એટલે એક સ્ત્રી અને એક પુરૂષ ભવિષ્યમાં સાથે રહી એક બીજાને અને દુનીયા-



Scanned by CamScanner

ને ઉપયોગી થઇ પડવાના કોલકરાર કરે તે; એવા કોલકરાર વખતે બન્ને પક્ષનાં થોડાંક માણસો તથા જ્ઞાતિનાં તટસ્થ માણસો સાક્ષી તરીકે હાજરી આપે. આવા કાયમના કોલકરાર જેવા ગંભીર બનાવને ખાવાપીવા તથા મોજ માણવાના પ્રસંગમાં ફેરવી નાખવો કોઇ રીતે વાજબી નથી. ત્હમો મિત્રોના પુન્ય પ્રતાપે મ્હારી પાસે ૧૦૦૦–૨૦૦૦ ખર્ચવા જેટલી તો શક્તિ છે. પણ તે ખર્ચથી નથી લાભ વરને, કે નથી લાભ કન્યાને; નથી લાભ મ્હને કે નથી લાભ દેશને. તે નાણાંનો **સારામાં સારો** ઉપયોગ શા માટે ન કરવો ?"

"હવે હું સમજ્યો;" ઉત્તમચંદ્રે કહ્યું "ત્હમારો બન્નેનો ઇરાદો સુધારો દાખલ કરવાનો છે; અને સુધારક તરીકે માત્ર ઉપદેશ આપીને બેશી ન રહેતાં **ઘરથી જ** સુધારો શરૂ કરવા માગો છે. જો એમ જ હોય તો ત્હમો **સમાન વિચારના** માણસો સગા તરીકે મળી આવ્યા એ માટે ત્હમને બન્નેને અભિનંદન આપું છું. **ગાંડા**-લાલ શેઠ જેવા લક્ષાધિપતિ–કહો કે ક્રોડપતિ–કદાચ પાઇ પણ ખર્ચ ન કરે તો તેથી 'ત્હેમને **મળતું** નથી, માટે ખર્ચતા નથી' એમ તો કોઇ નહિ જ કહી શકે."

"અને કદાપિ કૃપણતાનું તહોમત કોઈ મૂકે તે સંભવિત છે; પણ તે સંભવ દૂર કરવાના **રસ્તા** છે." વિવેકચંદ્રે ઉમેર્યું.

ચર્ચા પુરી થઇ. વેવીશાળ નક્કી થયું. લગ્નતિથિ પણ તે જ વખતે મુકરર કરવામાં આવી અને સર્વ કામ સિદ્ધ કર્યા પછી વિવેકચંદ્રે રાજનગર તરફ પ્રયાણ કર્યું.

Scanned by CamScanner

# પ્રકરણ ૫ મું.

## લગ્ન.

સુદર્શન કુમારનાં લગ્ન નજીકમાં ને વધુ નજીકમાં આવતાં હતાં, છતાં પણ લગ્નસમ્બન્ધી કાંઇ ધામધુમ ગાંડાલાલ શેઠના ઘરમાં જોવામાં આવતી ન હતી. શ્રીમંત તો શું પણ એક ગરીબ માણસના ઘેર પણ લગ્ન અગાઉ ઘણા દિવસથી ગીતો ગાવાની, વડી-પાપડ કરવાની તથા બીજા અનેક દેખાવ કરવાની રૂઢિ છે; પરંતુ રંભા શેઠાણીએ એવી કાંઇ જંજાળ કરી નહોતી. લગ્નના દિવસે જ પહોંચાય એવી ગણત્રી કરીને સુદર્શન, વિવેકચંદ્ર તથા બીજાં પાંચેક સ્વજનો સાથે જાન સોંઢાડવામાં આવી. ગામનું ઘણુંખરૂં માણસ તો જાણવાએ પામ્યું ન હતું કે લક્ષાધિપતિ શેઠ ગાંડાલાલનો પુત્ર પરણવા જાય છે.

કેવળદાસે જાનનો સારો સત્કાર કર્યો અને પોતાના સ્નેહી મંડળ સહિત સામા જઇને ત્હેમને શહેરમાં પ્રવેશ કરાવ્યો તથા પોતાના ઘર નજીકના એક મકાનમાં ત્હેમને ઉતારો આપ્યો. સાંજના ૫ વાગી ગયા હોવાથી વહેલા વહેલા વાળુની તૈયારીઓ કરી સર્વને જમાડયા. વરરાજાને ખટાઈ કે મસાલો આપવાથી રખેને તે ખાટા કે તીખ્ખા થઇ જાય એવો ડર ત્હેમનાં સાસુજીએ રાખ્યો ન હતો! દુધ, પુરી, શાક અને દાળભાતનું સાદું જમણ સંધ્યા થતાં થતાંમાં જમાડી દઇને મુસાફરીથી થાકેલા પરોણાઓને ઘડી આરામ મળે તેટલા માટે ઉતારામાંના ન્હાના બાગમાં ખાટલા નાંખી આપવામાં આવ્યા, જેમાં થોડી વાર આળોટયા બાદ સર્વ કોઈ લગ્નક્રિયાની તૈયારીઓમાં પડયા.



Scanned by CamScanner

લાલ રેશમી કીનારીની ધોતી, ઢાકાની બારીક મલમલનું અંગરખું અને રેશમી ફેટકામાં સજ્જ થયેલો સુદર્શનકુમાર આવાં છેક જ સાદાં વસ્ત્ર છતાં કામદેવ જેવો શોભતો હતો. ત્હેની બાજુમાં ત્હેનો યુવાન શિક્ષાગુરૂ અને મિત્ર વિવેકચંદ્ર પણ છેક જ સાદા પોશાકમાં ચાલતો હતો. બીજા જાનૈયાનો ઠાઠ આ બન્ને કરતાં કાંઇક વધારે હતો. તેઓ કેવળદાસના આંગણામાં ઉભા કરેલા મંડપમાં આવી પુગ્યા તે વખતે કેવળદાસની પત્ની લક્ષ્મીબાઇએ ઘણા જ હર્ષ અને વિનય-પૂર્વક પોતાના જમાઇનાં ઓવારણાં લીધાં અને મધુર વચનથી સત્કાર કર્યો. તે જ વખતે કેટલીક કુમારિકાઓએ વરરાજાના સત્કાર માટે ખાસ ગોખી રાખેલું ગીત મધુર અવાજે ગાઇને સર્વને પ્રસન્ન કર્યાં.

"સુધરેલા વરરાજા પરણવા આવ્યા છે તેથી ખુરશીએ બેસીને વરકન્યા 'શેક હૅન્ડ' કરશે !" એવી વાતો ગામમાં ચાલી રહી હતી; આ કારણથી સંખ્યાબંધ સ્ત્રીઓ ત્યહાં આવી હતી અને મંડપને ઘેરો ઘાલીને ઉભી હતી. પરંતુ તે સઘળીઓએ જ્યહારે સઘળું વિવેક-ભર્યું જોયું ત્યહારે તેઓ કુતુહળ જોવાનું ન મળવા માટે નિરાશ થઈ. એક માંચી જેવી ન્હાની બેઠક પર વરને બેસાડવામાં આવ્યો અને ત્હેની બાજુએ એવી જ બીજી માંચી ઉપર કન્યા પધરાવવામાં આવી. કન્યાએ કોઈ અઘટિત કામ કદી કર્યું નહતું તેમજ હમણાં પણ તે કોઇ અયોગ્ય કાર્ય કરવા જતી નહોતી કે જેથી તેણીને પોતાનું મ્હોં છુપાવવાની જરૂર પડે. તેણીએ ખુલ્લે વદને માંચી પર જગા લીધી તે વખતે તેણીની નજર પોતાના પગ પર જ હતી.

વરકન્યાને પવિત્ર કોલકરારથી જોડવા માટે કોઇ 'ગોરમહારાજ'-ને રોકવાનું બન્નેમાંથી એકે પક્ષે પસંદ કર્યું નહોતું. "ભાઈ, બ્હેન-નો હાથ પકડો !" એવા મૂર્ખ વાક્યથી વરકન્યાને ગાળ ચોપડા-વનાર જડસા જેવા બ્રાહ્મણની જગા વરના શિક્ષાગુરૂ વિવેકચંદ્રે પુરી હતી. આ નવીન 'ગોર મહારાજે' અગ્નિદેવને સાક્ષી તરીકે પધાર-વાની તકલીફ આપવામાં પાપ માન્યું હતું. ત્હેણે માત્ર કન્યાનો હાથ વરના હાથમાં આસ્તેથી મૂકયો અને ગંભીરતાથી જણાવ્યું: "વત્સો ! ત્હમો બન્નેનાં સગાંસ્નેહીઓ અને અન્ય સજ્જનોની સમક્ષ ત્હમે આખી જીંદગીને માટે એક બીજાથી જોડાઓ છો. સુખમાં અને દુઃખમાં, સંપત્તિમાં અને વિપત્તિમાં ત્હમે એક બીજાના થઇ રહેવાને



Scanned by CamScanner

આજથી બંધાઓ છો; એક બીજાના સુખ માટે પોતાનું સુખ હોમવા તૈયાર રહેશો એવી પ્રતિજ્ઞા લો છો. સામાન્ય રીતે જે અગ્નિ વરકન્યા સમક્ષ સળગાવીને ત્હેમાં પ્રવાહી પદાર્થ હોમાય છે તે એમ દેખાડવા માટે હોય છે કે, એવી જ રીતે વર કન્યા માટે અને કન્યા વર માટે પોતાના પ્રાણને અર્પણ કરવા તૈયાર રહેશે; પરંતુ એવો **બાહ્ય દેખાવ** માત્ર બાળકોને માટે છે. ત્હમો દંપતી કે જેઓ બન્ને પોતપોતાની ફરજો સમજ્યા **પછી જ** હસ્તમેળાપ કરવા તત્પર થયાં છો ત્હેમને એવા બાહ્ય દેખાવની કશી જરૂર નથી."

"જરૂર કેમ નથી?" એક અજાણ્યા અવાજે વચ્ચે ભંગાણ પાડયું "જરૂર કેમ નથી? ત્હમે **જૈન** છો તો હું પણ **જૈન** છું; ત્હમે **બ્રાહ્મણને** ત્હમારી ક્રિયામાં ન દાખલ કરો તે માટે હું કાંઈ વાંધો લેવા માગતો નથી; પણ **જૈન લગ્નવિધિને** પણ ત્હમે ઉડાવો છો એ હું કોઇ રીત સહન કરી શકું તેમ નથી. હું **જૈન** કૉન્ફરન્સનો એક ઉપદેશક છું. **જૈન** શાસ્ત્ર મુજબ અગ્નિમાં પાણીની આહુતિ આપવાનું અને તેમ કરતી વખતે '**શાન્તિનાથાય સ્વાહા**' વગેરે પાઠ બોલવાનું ફરમાન છે." જોવા મળેલા ટોળામાંથી એક ૪૦ વર્ષની વયનો **જૈન** નીકળી આવ્યો અને હિંમતથી વાંધો લેવા લાગ્યો.

"આવો, પધારો, જરા આગળ પધારો!" **વિવેકચંદ્રે** ઠાઠકે મ્હોડે તે ઉપદેશકને ઉદ્દેશીને કહ્યું "ત્હમે યથામતિ સલાહ આપવા પધાર્યા તે ખાતે ત્હમારો આભાર માનું છું; પરન્તુ હું આશા રાખું છું કે મ્હારો ખુલાસો ત્હમને દરેક સંતોષ આપશે. અમારે વરરાજાને ફેરાફેરી ફેરવવા રૂપી કસરત કરાવવામાં વખત કહાડવાની જરૂર નથી; કારણ કે વરની તનદુરસ્તીની પરીક્ષા બીજાની પેઠે બારમે કલાકે નહિ કરતાં **વેવીશાળ આગમચ જ** કન્યાના બાપે કરી હતી. અમારે વરરાજાને તરાક, સાંબેલું, હળ વગેરેથી ડરાવીને સંસારનાં દુઃખોનો ખાંડાબોબડો ખ્યાલ આપવામાં વખત ગુમાવવાની જરૂર નથી; કારણ કે વરને તે સર્વ અનુભવ **અત્યાર આગમચ જ** મળેલો છે અને તે આવા હાસ્યજનક ટીંખળની મદદ સિવાય જ ઉપદેશ લઇ શકે તેવી સ્થિતિમાં છે. અમારે વરકન્યાને એક કલાક સુધી હસ્તમેળાપ કરાવી નજર કેદની શિક્ષા કરવામાં વખત ગુમાવવાની જરૂર નથી; કારણ કે હમણાં અમે વરને હમેશને માટે મહાભારત જોખમદારીના એક તરેહના બંધનમાં નાખવા તૈયાર થયા છીએ તેટલું જ



Scanned by CamScanner

પુરતું છે. આમ અમારે આડીઅવળી **ક્રિયા**માં વખત ગુમાવવાનો ન હોવાથી **જ્ઞાનચર્ચા**માં એકાદ કલાક વ્યતીત કરવાની શુભ તક મળવાથી અમને તો ઉલટો આનંદ થશે."

"વારૂ ત્હારે કહો કે **શાન્તિનાથ**નું નામ યાદ કરીને સ્વાહા કરવાનું શાસ્ત્રકારનું ફરમાન ઉલ્લંઘવાનું શું કારણ ત્હમારી પાસે છે?" ઉપદેશકે પૂછ્યું.

"પ્રથમ તો **જૈન**શાસ્ત્રકાર કોઈ પણ જાતની **સાંસારિક** ક્રિયાઓનો ઉપદેશ કરતા જ નથી. ત્હમારે આમ ખાવું, આમ પરણવું, આમ ઘરસંસાર ચલાવવો એ વગેરે ઉપદેશનું કામ **ધર્મ**શાસ્ત્રકારનું નથી. બાહ્ય અને આંતર 'ત્યાગ' થી ભરપૂર એવા **જૈન** શાસ્ત્રકારોએ તો માત્ર **આત્મિક ઉન્નતિ** માટેજ વિધિઓ સૂચવી છે. **લગ્નની** વિધિઓ બતાવવાનું કામ **સંસારી**ઓનું છે. **બ્રાહ્મણો** એ કામ ઘણા વખતથી બજાવતા આવ્યા છે અને લગ્નની નોંધ પણ તેઓ રાખતા આવ્યા છે. તથાપિ તેઓ જે વિધિથી આપણને પરણાવે છે તે વિધિ આપણા ધર્મના પાયા રૂપ સિદ્ધાન્તોને બાધક હોવાથી આપણે જ્યહારથી તે ભૂલ જોઈ ત્યહારથી તે સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ છે; કારણ કે **ગણેશાદિ** દેવોને પગે લાગવાનું તે **બ્રાહ્મણો**ની વિધિમાં ફરજયાત છે, કે જેને આપણે **જૈનો** ચોખ્ખું 'મિથ્યાત્વ' માનીએ છીએ. આ કારણથી કેટલાંક વર્ષોપર આચારશુદ્ધિની દરકાર વગરના કોઈ યતિએ **બ્રાહ્મણો**ની વિધિના જેવી જ **જૈન** વિધિ યોજીને ત્હેમાં માત્ર દેવનાં નામો જ ફેરવ્યાં, પરંતુ વિધિમાં કાંઈ ઝાઝો ફેરફાર કર્યો નથી. હવે જેઓને **વિવેક** ચક્ષુ છે તેઓ તો વિચારી શકે છે કે **સઘળા** જીવો પર **એક સરખી** દયા ધરાવતા **શાન્તિનાથ ભગવાન**ના નામે અગ્નિકાયના અને અપકાયના **અનંતા**જીવોને 'સ્વાહા' કરવા એ શાન્તિદાતા દેવને કેવો અન્યાય આપવા જેવું કામ છે! એક માણસ ચોરી કરે તેથી તે **એક જ** ગુન્હાને પાત્ર થાય છે; પરંતુ **સરકારના સીપાઈ** તરીકેનો પોશાક પહેરીને ચોરી કરે તો તેથી ત્હેણે **સરકારને એબ લગાડવાનો** બીજો ગુન્હો પણ કર્યો ગણાશે." **વિવેકચંદ્રે** જવાબ આપ્યો.

પેલો ચર્ચા કરવાને આવેલો ઉપદેશક કે જહેનું નામ **હરિલાલ** હતું તે આ દલીલ સાંભળી **શાન્ત** થયો. ત્હેને તે તદ્દન વાજબી લાગી,



Scanned by CamScanner

છતાં છેવટે ત્હેનાથી પોતાનો કક્કો ખરો કરવા માટે બોલ્યા સિવાય રહેવાયું નહિ કે, " ત્હારે શું અમારી કૉન્ફરન્સનો જૈનવિધિ મુજબ લગ્ન કરવાની સલાહ રૂપ ઠરાવ ખોટો જ કે ? "

" તે તો ત્હમે જાણો." વિવેકચંદ્રે જવાબ આપ્યો" કૉન્ફરન્સ કે હરકોઇ બીજી સંસ્થા કોઇ પણ કોમનું હિત કરવા માટે સ્થપાઇ હોય, ત્હેના દોષ કહાડી ત્હેને લોકોમાં હલકી પાડવા હું ઇચ્છતો નથી. બાકી કૉન્ફરન્સ જે કાંઇ કરે તે સર્વ સારૂં જ હોવું જોઇએ એવી માન્યતા હોય તો તે જતી કરવી જ બહેતર છે. કૉન્ફરન્સ એ ગમે તેમ તો પણ છદ્મસ્થ અથવા અપૂર્ણ મનુષ્યોનો એક સમૂહ માત્ર છે; વધારેમાં એટલું જ કે તે પ્રાયઃ એવા માણસોનો એક સમૂહ છે કે જેઓ સમુદાયના હિત કરતાં પોતાના હિતની વધારે દરકાર રાખતા હોય! ખુલ્લું સત્ય કહેવાની હિંમત ધરનારને ચગદી મારવાની જ્યહાં રીત ચાલતી હોય તે શું વાજબી કામ કરનારી સંસ્થા કહેવાશે ? પોતાના જ કરેલા ઠરાવ પર પોતાના જ કાર્યવાહકો પાણી ફેરવે અને તેમ છતાં 'આંખ આડા કાન' કરવામાં આવે, આ શું સત્તા ભોગવવા ઇચ્છતી સંસ્થાને છાજતું કહેવાશે કે ? આખી દુનીઆમાં ભ્રાતૃભાવ અને સુસ્નેહ ફેલાવવાના મહાન મિશનમાં જોડાવાને બદલે જૈનના જ ત્રણે ફીરકાઓ સાથે માંહોમાંહે એક યા બીજા કારણથી વચન તેમજ લાઠીની મારામારીમાં જોડાવા અગર જોડાનારાઓને મદદગાર થવા છતાં એ સંસ્થા શું વાજબી કામ કરનારી ગણાશે ? જ્હેને સાચા રસ્તે દોરવા માટે એક પણ આત્મભોગ આપનારો વિદ્વાન મળ્યો નથી તેવી સંસ્થા ભૂલ કદાપિ કરે જ નહિ એમ નિશ્ચયપૂર્વક માનવાને ત્હમારી પાસે શું કારણ છે ? "

" મી. વિવેકચંદ્ર ! ત્હમે ભિન્ન ગચ્છના જૈન હોવા છતાં ત્હમારી દલીલો ખરી હોઇ તે માન્ય રાખવાને હું બંધાયલો છું. સત્ય જ્યહાં મળે ત્યહાંથી સ્વીકારવું જોઇએ. ત્હમે જે માર્મિક શબ્દો કહ્યા ત્હેનું રહસ્ય હું સમજ્યો છું અને હવે મ્હને લાગે છે કે કૉન્ફરન્સમાં સર્વ બાબતો પર પૂરતો વિચાર નિષ્પક્ષપાતે કરવાને ભાગ્યે જ વખત લેવામાં આવે છે. કેટલીક વાર કેટલાક દોઢચતુર લોકો પોતાનો કક્કો ખરો કરાવવામાં ફાવી જાય છે; કેટલીક વખત પરાપૂર્વની રીત છે તે છોડતાં શરમ નડે છે. જૈન વિધિની બાબતમાં મ્હને એમ સમજાય છે કે, લગ્નવિધિ મૂળ સૂત્રોમાં તો છે જ નહિ; પણ કોઇ યતિએ



Scanned by CamScanner

બ્રાહ્મણ ધર્મની ઈર્ષ્યાથી યોજેલી છે. દેવનું નામ ફેરવીને એની એ જ વિધિ કરવામાં આવે એનું નામ ઈર્ષ્યા નહિ તો બીજું શું ? એ ક્રિયા બ્રાહ્મણને હાથે કરાવવામાં આવે કે જૈનના હાથે, તેથી કાંઇ તફાવત પડતો નથી; સવાલ માત્ર એટલો જ છે કે **ધર્મ વિરૂદ્ધ** ક્રિયા ન થવી જોઇએ. જૈનના હાથે અનંતા જીવોની હિંસાનું પાપ શાન્તિનાથને માથે ઢોળવામાં આવે તે, બ્રાહ્મણના હાથે ગણેશને સ્વાહા કરવાના રીવાજ કરતાં ખરેખર બમણું દોષિત ગણી શકાય.”

ઉત્તમચંદ, કેવળદાસ, સુદર્શન વગેરે સર્વને આ જ્ઞાનવાર્તામાં ઘણો રસ પડયો. આવે પ્રસંગે બ્રાહ્મણો અર્થ વગરના મંત્રો ઉચ્ચારે અને સર્વ કોઇ કંટાળીને બગાસાં ખાય તે કરતાં આવી જ્ઞાનચર્ચા ચાલવાથી સર્વને ઘણો આનંદ પડયો. એ આનંદમાં ભાત પાડવા માટે —એ આનંદને વિવિધતા આપવા માટે—કન્યા તરફની સ્ત્રીઓએ એક મંગળ ગીત ઉપાડયું અને એવા તો લાંબા રાગથી લલકાર્યું કે સાંભળનારાઓપર ઉંઘની અસર થવા લાગી. એ ગીતમાં તે ગાનારીઓએ એવો અર્થ સૂચવ્યો કેઃ—

“ વીર સુદર્શને જૈનોથી વસાયલી પૃથ્વીને અદ્ધર ઉઠાવવાનું વ્રત લીધું. ઘણી બહાદુરીથી તે કામ ત્હેણે શરૂ કર્યું, પરંતુ કંટાળો અને થાકને દૂર કરનાર એક **મિત્રની** ત્હેને જરૂર જણાઈ. એ જરૂર પૂરી પાડવાનું કામ સુભાગ્યે ગાનારીઓની સખી વિદ્યુતબાળાના ભાગ આવ્યું. હવે સુદર્શનકુમાર પૃથ્વીને પોતાના માથે ઉપાડી ઉભા રહેશે અને વિદ્યુતબાળા ‘મ્હારે માથે બોજો છે’ એવો વિચાર ભૂલાવવા માટે કુમારની આસપાસ ગરબા ગાતી ઘૂમશે; તે જોઇ કુમાર આનંદ પામશે અને વગર થાક્યે ભારને વહન કરી રહેશે. એ મનહર દ્રશ્ય જોવા લક્ષ્મી દેવી અને સરસ્વતી દેવી તથા બીજી અનેક આનંદદાયક દેવીઓ આવી પહોંચશે; તેઓ વીર સુદર્શનનું બળ અને વિદ્યુતબાળાનું લાલિત્ય જોઇ પ્રસન્ન થશે અને તે પ્રસન્નતાનો લાભ કુમારે ઉપાડેલી પૃથ્વી પરના જૈનોને આપશે; તેઓ તે વખતથી બળવાન, રૂપવાન, લક્ષ્મીવાન, બુદ્ધિવાન અને નીતિમાન બનશે; સર્વ એકઠા મળીને આજનાં વરકન્યાને પુષ્પવૃષ્ટિથી ઢાંકી દેશે; આખી પૃથ્વી પુષ્પમય બની જશે !”

આવા લલિત ભાવવાળું ગીત કન્યાની સખીઓએ એવી તો ખુબીથી લલકાર્યું કે વર કન્યા તે ગીતનો અર્થ પોતાના આત્મામાં ઉતારવામાં મગ્ન થયાં અને બીજાઓ ત્હેના ઉત્તમ ભાવ અને માધુર્ય-થી નિદ્રાધીન બનવા લાગ્યાં.

કન્યા તરફની સ્ત્રીઓએ ગાયેલા આ અદ્દભૂત ગીત સાથે લગ્ન-ક્રિયા પૂરી થઇ અને સૌકોઈ પોતપોતાની જગાએ આરામ લેવા ગયું.

સુદર્શનની ઇચ્છા બીજે દિવસ સ્હવારમાં જ 'શીખ' લેવાની હતી. પરન્તુ વિવેકચંદ્રે જણાવ્યું કે એટલી બધી ઉતાવળ કરવાની કશી જરૂર નથી; એક દિવસ રોકાઇને શહેરનાં ધર્માદા ખાતાં અને બીજાં જાહેર ખાતાંઓ જોવાં જોઇએ. આ વિચાર શિષ્યે કબુલ રાખ્યો. સ્હવારમાં દૂધ પી તેઓ પ્રથમ પાંજરાપોળ જોવા ગયા. ત્હેમના 'પ્રોગ્રામ' માં તે પછી સરકારી સ્કુલ તથા એક જાણીતા વૈદ્યનું ઔષધાલય જોવા જવાનું ઠરાવ્યું હતું.

સુદર્શન, વિવેકચંદ્ર, ઉપદેશક હરિલાલ, ઉત્તમચંદ, કેવળદાસ તથા સુદર્શનના મિત્રો સર્વ પાંજરાપોળમાં આવી પહોંચ્યા. દરવાજામાં એક ભીખારી જેવો માણસ બેઠો હતો, ત્હેણે ત્હેમનો સત્કાર કર્યો અને ત્હેમની સાથે જઇ સઘળું બતાવવા માંડયું. સુદર્શન દરેક ચીજ બારીકાઇથી તપાસતો હતો. પ્રથમ તો ત્હેને એક જ બ્હારી વાળી ન્હાની કોટડીમાં ૨૦૦ ઘેટાંનાં બચ્ચાંને પુરેલાં જોઇને ત્રાસ છૂટયો. એ ૨૦૦-માં પણ પાંચ તો આગલી રાત્રે ગતપ્રાણ થયાં હતાં; ત્હેમનાં મૃત શરીરને જોઇ ત્હેની આંખમાંથી આંસુ છૂટયાં. પેલા ભિખારી જેવા માણસને પૂછતાં ત્હેણે વધુ માહેતી આપી કે, આ પ્રમાણે **દરરોજ** ૧૦-૨૦ લવરડાં મરે છે. ચાંદાં પડેલા બળદ પર માખીઓ બણબણાટ કરી રહી હતી. ચોતરફ ગંદકી પથરાઇ રહી હતી. લવરડાં વગેરેને પવાતા દૂધમાં ભેળ થતો હતો. હિસાબ જોતાં સેંકડો રૂપીઆ ખવાઇ ગયેલા જણાયા. દરસાલ પાંજરાપોળમાં જીવદયા નિમિત્તના સેંકડો રૂપિયા આવવા છતાં અને અમુક જાતના વ્યાપારપર પાંજરાપોળનો ટૅક્ષ છતાં સેંકડો રૂપીઆની 'ખાદ' જણાઈ! ઉંડું તપાસતાં જણાયું કે '**વાડ ચીભડાં ખાય છે!**' જો કોઇ રીતે સ્હમજાવીને અગર ધમકીથી પણ તે નાણાં શેઠીઆઓ પાસેથી પાછાં ફ્હડવી શકાય તો તે આગેવાન હોવાથી બીજા સામાન્ય માણસો પણ પોતપોતાની પાસેનાં પાંજરાપોળનાં નાણાં તુરત આપી દે.



Scanned by CamScanner

વિવેકચંદ્રનો જન્મ આ જ શહેરમાં થયેલો હોવાથી તે સર્વ હકીકત બરાબર જાણતો હતો. ત્હેણે સુદર્શનને જણાવી દીધું કે, તે શહેરનો એક સ્વર્ગસ્થ આગેવાન **જૈન**, જેનું નામ માણેકચંદ હીરાચંદ હતું અને જે ઘણો જ ધર્મશીલ પુરૂષ હતો, ત્હેના કુટુંબના ગંગાદાસ નામના એક આગેવાને પાંજરાપોળની પણ અમુક રકમ ગુમ કરી છે. તેથી સઘળાને લઇને વિવેકચંદ્ર પ્રથમ ગંગાદાસને ઘેર ગયો.

ગંગાદાસ શેઠ વિવેકમાં તો જાય તેવા નહોતા. ત્હેમણે આ શ્રીમંત પ્રાહુણાનું સારી રીતે આતિથ્ય કર્યું અને પછી આગમનપ્રયોજન પૂછયું અને વળી ઉમેર્યું કે જો કોઈ **વ્યાપાર** સંબંધી વિચાર ત્હેમનો હશે તો પોતે ત્હેમની સેવામાં તૈયાર જ છે; કારણ કે પોતે આડતનું કામ કરતા હતા. સુદર્શને ખુલાસો કર્યો કે, વ્યાપાર પ્રસંગે નહિ પણ પાંજરાપોળ સંબંધી પૂછપરછ માટે તે આવ્યો હતો.

" ધન્ય છે આપને, શેઠજી! આપ ધર્મકાર્ય પાછળ સારૂં લક્ષ આપોછો એ આપની લાયકી પુરવાર કરે છે. " ગંગાદાસ શેઠે માખણનો પ્રયોગ શરૂ કર્યો.

" અને આપ પણ ક્ય્હાં **ઓછી** ધર્મસેવા બજાવો છે ? સાંભળવા મુજબ આપ અત્રેની પાંજરાપોળની આગેવાની ધરાવો છો, હિસાબકિતાબ આપ રાખોછો અને જાનવરની માવજતમાંથી ઘડી એક નવરા થતા નથી. " સુદર્શને ત્હેનું પેટ લેવા કહ્યું.

**ગંગાદાસ**:—" એમાં શું ? અબોલ જાનવરની બરદાસ કરવી એ તો આપણી ફરજ છે. "

**સુદર્શન**:—" ખરૂં; પણ એવી ફરજ કોઈક જ સમજે છે. જો બધા લોકો ફરજ સમજતા હોત તો અહીંની પાંજરાપોળની આ દશા ન હોત. મ્હેં સાંભળ્યું છે કે આપના કોઈ સ્વર્ગસ્થ કુટુંબીએ પાંજરાપોળને આપવા માટે અમુક રકમ આપને સોંપી છે; પણ તે રકમ કોઇ માગતું જ નથી, જો કે આપ તો તે ખર્ચવા તૈયાર જ છો. હવે લોકો જ્યહારે આટલી પણ ધર્મસેવા ન બજાવી શકે તો બીજું શું કરી શકવાના હતા ? આજ તો જે બોજો ઉપાડે તે મરે, એવું છે; શેઠજી ! "

**વિવેકચંદ્ર**:—" એકલી પાંજરાપોળની જ બાબતમાં તેમ છે એમ નથી; **જૈન**શાળા ખાતે પણ રૂ. ૧૫૦૦૦ શેઠ સાહેબને સોંપા-



Scanned by CamScanner

ચલા છે પણ કોઇ **માગે જ** નહિ ત્યહાં શેઠ તે શું બિચારા મરે ? પતીયાં, અપંગ મનુષ્યો, નિરાશ્રિત છોકરાંઓ વગેરેના લાભાર્થે પણ મ્હોટી રકમ શેઠ સાહેબના હસ્તક સોંપાયલી છે પણ કોઇ સાળા **માગતા જ** નથી ત્યહાં **શેઠનો** વાંક શું કહાડવો ? એ તો આપે કહ્યું તેમજ છે કે **જેને માથે પડે તે ભોગવે.** શેઠ એક તો બધાના રૂપિયા સાચવે અને વળી વહીવટનો બોજો એમના માથે પડે; એ તે બિચારા શું મરે ? દીકરો એક ને દેશાવર ઘણા ! "

**સુદર્શનઃ**—" માસ્તર સાહેબ ! આપની વાત ખરી છે. ગંગાદાસ શેઠને માથે આવી 'ડબલ ડયુટી' આવે એ તો અસહ્ય જ ગણાય. લોકો ખરે જ ગુણચોર છે. મ્હને એમ લાગે છે કે, શેઠજીને સોંપાયલી રકમો, શેઠજી, આપ તથા શહેરના બે સંભાવિત ગૃહસ્થોના નામે વ્યાજે મૂકવી; અને ત્હેનો વહીવટ કરવા માટે આપને જ અહીં રાખવા હું ઇચ્છું છું. હવે હું વિદ્યાર્થી અવસ્થા પસાર કરી ગૃહસ્થાશ્રમમાં પડયો હોવાથી આપને અહીં રાખતાં મ્હને અડચણ આવશે નહિ; તેમજ શેઠજીને પણ વહીવટની તકલીફ ઉઠાવવી બચી જશે. ( ગંગાદાસ પ્રત્યે ) કેમ શેઠજી, આ વાત આપને પસંદ છે ને ? આપ કયાં નામો ટ્રસ્ટી તરીકે સૂચવી શકશો ? "

**ગંગાદાસઃ**—" મહેરબાન, જે રકમ **મ્હને** સોંપાયલી છે તે **બીજા**ના હાથમાં આપવા હું તૈયાર નથી. મ્હારા કરતાં બીજો કોઇ માણસ **વંધારે** શાહુકાર હોય એમ કબુલ રાખવાને હું ચોખ્ખી ના કહું છું અને રકમ તો ઘણીખરી ધર્માદા ખાતે વપરાઇ પણ ગઈ છે. "

**વિવેકચંદ્રઃ**—" ત્યહારે તે વપરાયલી રકમનો હિસાબ બહાર પાડવા કૃપા કરશો ? આપની ઇચ્છા થશે તો હિસાબ તૈયાર કરવામાં મદદ કરવા સેવક તૈયાર છે. "

**ગંગાદાસઃ**—" **વિવેકચંદ્ર, ઝાઝી શાહુકારી જવા દો.** આજકાલના ત્હમે અમારો હિસાબ માગનાર કોણ છો ? ત્હમે અમારા માલીક-બાલીક છો કે શું ? "

**વિવેકચંદ્રઃ**—" એમ ગુસ્સો કરવાનું કારણ નથી, શેઠજી ! હું શાંત રીતે વાત કરૂં છું અને **આપ** શું કરવા તપી જાઓ છો ? ભલા, ત્હમારી મરજીમાં આવે તેમ કરો પણ આપના કાકા મરહુમ ગોપીલાલનું વુઇલ ( વસીઅતનામું ) જરા બતાવશો ? અમારા શેઠજીની ઇચ્છા એવી છે કે વુઇલ જોઇને ત્હેમાં જે ખાતે વધુ રકમ

અપાયલી હોય તે ખાતાની રકમમાં **પોતા તરફનો** અમુક સારો ફાળો ઉમેરીને તે ખાતાને ધમધોકાર ચલાવવું."

**ગંગાદાસઃ**—"વીલ–બીલ કાંઈ થયું જ નથી; મરહુમે કાંઇ ચીજ કદાપિ કર્યું જ નથી. એમની કહેવાતી સઘળી મિલ્કત વડિલોપાર્જિત હોઇ આખા કુટુંબનો તે પર હક્ક હતો અને તેથી અમે તે મિલ્કત વ્હેંચી લીધી છે; અમો ત્હેમના કુટુંબીઓમાં તે મિલ્કત સંબંધી તકરાર થતાં પંચદ્વારા વહેંચણી થઇ છે, કે જે 'વહેંચણીનો દસ્તાવેજ' કરતી વખતે અમે **ભલા થઇને** ધર્મ નિમિત્તે પણ અમુક રકમો લખાવેલી છે."

**વિવેકચંદ્રઃ**—"સાહેબ, હું સઘળી વાત જાણું છું. 'વુઇલ' થયું જ નથી એમ જો ત્હમે કહેતા હો તો હું કહીશ કે ત્હમારા જેવા લબાડ અને ધર્મધૂત્તા દુનીઆમાં કોઈ છે જ નહિ. લાખ રૂપીઆની મિલ્કત પચાવી પાડીને શાહુકારમાં ખપનાર ઓ ચંડાળ ! જો, આ શું છે ? આ ત્હારા મરહુમ કાકાનું કરેલું 'વુઇલ', કે જે ગઇ કાલે જ મ્હારા હાથમાં આવ્યું છે ! અને આ જો તે 'વુઇલ' ની સાબેતી માટે દસ્તાવેજી પક્કા પુરાવા ! હવે તું 'વુઇલ' થયું જ નથી એમ બૂમ પાડયાં કરજે. હું હવે જોઉં છું કે, તું ધર્માદાની રકમો કેવી રીતે ઉચાપત કરી શકે છે. ઓ નફ્ટ ! ત્હેં તે 'વુઇલ' રદ કરાવવા માટે બનાવટી 'વુઇલ' પણ તૈયાર કરાવરાવ્યું છે તે પણ મ્હારા જાણવામાં છે; પણ ઓ પાપી ! બરાબર સમજજે કે પાપીને **માણસ** નહિ પણ **પોતાનાં પાપ જ** ખાશે. મ્હારી પાસે ત્હારાં સઘળાં છિદ્રનો ઇતિહાસ છે; જો તે આ રહ્યો; અને કહે તો ત્હને વાંચી પણ સંભળાવું. પરન્તુ તું કે જે બોકડાના દૂધમાંથી અને લંગડાં ઢોરના ઘાસમાંથી ઉછરેલો છે ત્હેને એવું સંભળાવ્યાથી પણ શું હાંસલ છે ? પણ હવે ત્હારૂં આવી બન્યું છે. હવે સરકાર જ ત્હને ઇન્સાફ આપશે. હું આજે જ ફોજદારી અને દીવાની બન્ને રાહે ત્હારાપર ફર્યાદ નોંધાવવા સજ્જ થઇશ."

વિવેકચંદ્રની આંખો લાલચોળ થઇ ગઇ. તે ખરા રૂપ પર આવી ગયો. ગંગાદાસ પણ રાતોપીળો થઇ ગયો પણ વયોવૃદ્ધ અને પહોંચેલો હોઇ ત્હેણે ગમ ખાવાનો દેખાવ કર્યો. ત્હેનો એક યુવાન ભત્રીજો ત્યહાં બેઠો હતો તે લાંબા હાથ કરી મારવા જેવો દેખાવ કરી બોલી ઉઠયોઃ "જાણ્યો જાણ્યો ત્હને શાહુકારના છોકરાને ! રહેવાને ઘર પણ મળે નહિ અને આટલી શેખાઇ શા ઉપર કરી રહ્યો

છે ? ક્યાંઈની ધમકી આપીને રૂપીઆ કઢાવવા ઇચ્છતો હોઇશ; પણ પૈસા કાંઇ **એમ** મળે નહિ. તે દિવસે **માણેકચંદ** કન્યાની વાત કરવા આવ્યા હતા ત્યહારે ત્હેતું પણ સજ્જડ અપમાન કર્યું હતું. દુનીઆનું રાજ્ય ત્હારા ઘેર આવ્યું છે કે શું ? ”

**વિવેકચંદ્ર:**—“ ઓ પાજી ! ધર્માદાની મુડીથી ઉછરેલા ઓ ઢોર ! તું **મ્હને** મ્હેણું મારનાર કોણ છે ? મ્હને રહેવાનું ઘર ન હોય એ તો ઉલટી મ્હારી **લાયકીનો અચુક પુરાવો** છે. આવક કરવાની **શક્તિ** છતાં અને કોઈ પણ જાતનું વ્યસન ન છતાં હું ઘર ખરીદવા જેટલી ૨૦૦૦ રૂપૈડીની રકમ પણ બચાવી શક્યો નથી અને ગુપ્ત રીતે જનસેવામાં મ્હારા સર્વસ્વનો ભોગ આપું છું, એ વાત તો ઉલટી મ્હારા **લાભમાં** જાય છે. ત્હારી પેઠે પારકાં ઘર બથાવી પાડવાં અને ધર્માદાનાં ઘર વેચી વેચીને તે પૈસામાંથી બંગલા કરી ગાડીઘોડામાં મ્હાલવું તે કરતાં **ઘર વગરના** થઇ રસ્તાપર પડી રહેવાનું અને રોટલા વગરના થઇ હવા ખાઇને જીવવાનું હું વધારે પસંદ કરૂં છું. ત્હને હજી ખબર નથી કે હવા ખાઇને જીવનાર અર્થાત્ સર્પનો ડંખ કેવો હોય છે ? **અં**ગધન કુળના સાપની પ્રશંસા ખુદ **ભ**ગવાને કરીછે; તે નાગ પોતાની લીધેલી ટેક છોડવા કરતાં બળી મરવું વધારે પસંદ કરે છે. અને જાણ—ઓ કૂતરા ! જાણ—કે આ નાગ આજે જે ટેક લે છે તે જીવ જતાં પણ નહિ છોડે. ધર્માદાનો ખાધેલો પૈસો ઓકાવશે ત્યહારે જ તે ઝંપશે. ત્હારૂં કશું ચાલતું નથી ત્યહારે તું લાંચ-રૂશવતનું સ્હેલામાં સ્હેલું તહોમત મુકે છે, પણ ઓ રૂશવતખોર બદમાશ ! એક પણ માણસ એવો બતાવ કે જે **મ્હારા** ચન્દ્રમાં **સસલું** બતાવી શકે ? મ્હેં જો એવી રૂશવતો ખાધી હોત તો ખાવા-પીવા અને ઓઢવા-પહેરવાના શોખ વગરના મ્હારે આજે એક બે હજાર રૂપૈડીના ધંધોલીઆનું મ્હેણું ખાવું પડત જ નહિ. હું જે રળું છું તે જાહેરસેવાના કામમાં પડવા સબબે ખર્ચાઇ જાય છે; તેથી જ હું ‘ લંગોટીઓ ’ બન્યો છું. પણ ત્હને શું ખબર નથી કે ‘ લંગોટીઓ ’ **સર્વથી વધારે** લક્ષ્મીવાન હોય છે ? **ત્હારી** લક્ષ્મી કાલે સ્હવારે ચોર કે સરકાર કે આગ ઉઠાવી જશે; પણ **મ્હારી** લક્ષ્મી પેલ્લા દૂરના મજબુત કિલ્લામાં જમા થાય છે; તે મ્હને **જરૂર વખતે** મળશે. **હમણાં** મ્હને લક્ષ્મીની શી જરૂર છે ? ખાવાને સાદું સાદું પણ ભોજન મળે છે; રહેવાને ભાડાનું પણ મકાન મળે છે;



Scanned by CamScanner

લોકો મ્હારા તરફ માનની લાગણીથી જુએ છે; મ્હારી સલાહ અને હાજરીથી કેટલાંક જાહેર કામો સુધર્યાં છે અને થયાં છે. મ્હારાં હાડકાં પહોંચે છે ત્યહાં સુધી તો હું લક્ષ્મીની દરકાર કરવાનું કારણ જોતો નથી. લક્ષ્મીની દરકાર ત્હારા જેવા **હાડકાના** ભાગલા—બીચારાબાપડા પશુડાને જ સોંપી છે, કે જેઓને ( **પોતે** રળવાને અશક્ત હોઇ) **ધર્માદાની** દોલત તરફ દૃષ્ટિ કરવાની જરૂર પડે છે. મ્હારાં હાડકાં જ્યહારે થાકશે ત્યહારે મ્હેં ત્યહાં—પેલા અદૃશ્ય ભંડારમાં **જમા કરાવેલી** લક્ષ્મીનો **જરૂર જેટલો** હિસ્સો મ્હને **મોકલવામાં આવશે.** ખપ કરતાં વધુ લક્ષ્મીથી અપચો થાય, અપચાથી દુઃખ-દરદ થાય અને તેથી મૃત્યુ થાય; માટે મ્હને તે ઉપાધિથી મ્હારો **પરમેશ્વર** જ દૂર રાખે છે. ”

સઘળે શાન્તિ પથરાઇ. **વિવેકચંદ્રની** વાગ્ધારાએ સર્વની વાચાને બાંધી લીધી. કેટલીક વારે **સુદર્શન** ઉભો થયો અને ગદ્‌ગદિત કંઠે **વિવેકચંદ્રને** ઉદ્દેશીને બોલ્યોઃ “ માસ્તર સાહેબ ! આપની આવી બધી લાયકી મ્હારા જાણવામાં આજે પહેલી જ વાર આવી. આપ છેક જ ખાલી છો અને રહેવાનું ઘર પણ ધરાવતા નથી એટલી બધી આપની કફોડી સ્થિતિ આજ સુધી મ્હારા જેવા લખોપતિ શિષ્યની સમક્ષ પણ આપે જાહેર ન કરી એ આપના **મગજની શ્રીમંતાઈ** મ્હને આપના તરફ વધુ માનથી જોવા પ્રેરે છે. મુરબ્બી શ્રી ! આટલું મ્હારૂં માનો અને આ લ્યો મ્હારી ડોકમાંનો મોતીનો હાર. ત્હેના આપને ૨૫૦૦૦ રૂપૈયા ઉપજશે, કે જે રકમમાંથી એક સારા સરખું મકાન આપ અત્રે તૈયાર કરાવી શકશો. ” એમ કહેતાંની સાથે **સુદર્શને** તે હાર **વિવેકચંદ્રના** ગળામાં નાખ્યો.

**વિવેકચંદ્ર** ઉપકારની લાગણીથી ગળગળો થઇ ગયો. તે તુરત ઉભો થયો અને હાર પોતાના હાથમાં લઇ પાછો **સુદર્શનની** ડોકમાં નાખતાં બોલ્યોઃ “ભાઇ ! એ હાર ત્હમને જ શોભે. હું કોઇ જાતના સદ્‌ગુણને **વેચવા ઇચ્છતો નથી.** મ્હેં ત્હમને મ્હારી નિર્ધનતા જણાવી નહિ અગર કોઈ જાતની લાલચ રાખી નહિ એ કાંઇ **ત્હમારા** હિત માટે નહિ પણ મ્હારા પોતીકા હિત માટે જ. **ઉચ્ચ ખ્યાલ અથવા સદ્‌વર્તન વડે આત્માનો વિકાસ—ઉત્ક્રાન્તિ થાય છે.** એ લાભ કરોડો રૂપીઆના લાભથી વિશેષ છે. ત્હમારા પિતા ત્હમને **શિક્ષણ** આપવા બદલ મ્હને જે પગાર આપે છે ત્હેમાંથી સાદાઇથી



Scanned by CamScanner

ગુજરાન ચલાવતાં જે કાંઇ વધે છે ત્હેમાંથી કોઈ વાર હું ગુપ્ત રીતે અત્યંત દુઃખી મનુષ્યોને સ્હાય કરૂં છું, કોઈ વાર તત્વનાં નવીન પુસ્તકો ખરીદીને મ્હારા આત્માને અને જ્ઞાનવૃદ્ધિનો ઉપકાર કરનાર લેખકોને સ્હાય કરૂં છું અને કોઇ વાર કોઇ લોકહિતના વિષય પર લેખ લખી ત્હેની ૫-૧૦ હજાર પ્રતો જાહેરમાં વિનામૂલ્ય વ્હેંચી લોકોની ઉત્ક્રાન્તિને સ્હાયભૂત થાઉં છું. હવે આવા **થોડે પૈસે મ્હોટો નફો** કરવાના ધંધામાં હું ત્હમારો કે કોઇનો **ભાગ નાખું** અર્થાત્ ત્હમારી રકમ લઇને ત્હમને તે મહાન અદૃશ્ય લાભના એક ભાગીદાર બનાવું, એ મ્હને—**વણિકને**—કેમ પાલવે ? ”

**સુદર્શનઃ**—“ મુરબ્બી ! આપ વધુ આગ્રહ ન કરો. આપના મ્હારા ઉપરના અવર્ણનીય ઉપકારો આગળ આ કદર કશા હિસાબમાં પણ નથી. ધિક્કાર છે મ્હને કે હું આજ સુધી પાસે જ પડેલા ગુલાબની સુગંધીની કિંમત ન સમજી શક્યો. મહેરબાની કરી આટલી સેવા તો આપ સ્વીકારો જ. ”

**વિવેકચંદ્રઃ**—“ ભાઇ ! આપણે એક જરૂરી કામને છોડી આડકથામાં ઉતરી ગયા છીએ. આપણે અહીં ધર્માદાની મિલ્કતના રક્ષણ માટે આવ્યા હતા અને એ કામને બદલે **મ્હારા** પુરાણમાં ઉતરી પડયા એ ભૂલ જ થાય છે. મ્હને માફ કરો; હું કોઇ રીતે **મ્હારા પોતીકા ઉપયોગ અર્થે** તે બક્ષીશ સ્વીકારી શકતો નથી; પરંતુ જ્યહારે ત્હમારો આટલો બધો આગ્રહ છે ત્યહારે ત્હેને હમણાં ત્હમારી પાસે જ રાખો; કોઇ જાહેર હિતનું નવીન કામ હું ઉઠાવીશ તે વખતે તે રકમ ત્હેમાં વાપરવા માટે માગી લઇશ. અગર દૂર ક્યહાં શોધવા જવું ? આ ગંગાદાસ શેઠ જો હજારો રૂપીઆની ધર્માદાની મિલ્કત પંચને રાજીખુશીથી સોંપવા તૈયાર ન હોય તો ત્હેમને એમ કરવાની ફરજ પાડવા ખાતર ઇન્સાફની કોર્ટનું શરણું લેવામાં થતા ખર્ચ માટે તે રકમ જૂદી રાખો. ”

સુદર્શને તે કબુલ રાખ્યું અને સૌ ઉઠયા. ગંગાદાસના હાંજા ગગડયા ! મનમાં તો તે બળીને ખાખ થઇ ગયો હતો; પણ બહારથી મીઠાશ બતાવવા ખાતર જવાર કરી, સર્વને વિદાય કરીને, ઘરનાં બારણાં બંધ કરી, એકાંતમાં જઇ, જાણે ત્હેના બાપનો બાપ તે જ દિવસે મરી ગયો હોય અને પોતે ત્હેના શોકમાં હોય તેમ, ગુમસુમ થઇ બેઠો.

અને અહીં આપણે પણ એને લાંબો વખત ખુણે રાખીને વાર્તાનો ચીલો બદલીશું.



Scanned by CamScanner

# પ્રકરણ ૬ ઠું.

## લગ્ન (ચાલુ).

આજે દિવસે પાંજરાપોળના સર્વ કાર્યવાહકોને એકઠા કરવામાં આવ્યા અને ત્હેમની વચ્ચે સુદર્શને ત્હેમને કેટલીક સૂચનાઓ કરી. 'બોલતા જાનવરો' તો કાંઇ ઉદ્યમ ન મળતાં ભિક્ષા દ્વારા કે છેવટે ચોરી કે હરામી કરીને પણ પેટ ભરી શકે છે પણ 'મુંગા જાનવરો'ને કોનો આશ્રય છે, એમ જણાવી એવા જીવોના રક્ષણ માટે સ્થાપવામાં આવતી પાંજરાપોળ તરફ દરેક આર્યનું શું કર્ત્તવ્ય છે તે સમજાવ્યું. દયાળુ પુરૂષોને હમેશ કે અઠવાડીઆમાં એક વાર પાંજરાપોળના જીવોની સ્થિતિની ખબર કહાડવા સૂચવ્યું, કે જેથી તેઓની બરાબર કાળજી રખાય અને પોતે જો સત્કાર્યો નહિ કરે તો એવી જ દુઃખી અને પરાધીન સ્થિતિ ભોગવવી પડશે એ સત્ય શિખવાની તક મળે. જાનવરો માટે એક ડાકટર રાખવા સૂચવ્યું અને સાજાંસારાં જાનવરો પાસેથી કામ કરાવી ત્હેમની ખોરાકીની કિમત કરતાં વધુ કિમતનું કામ લઇ શકાય એમ સૂચવી પાંજરાપોળને પોતાની મેળે નભે તેવી (Self-supporting) સંસ્થા બનાવવા આગ્રહ કર્યો; અને છેવટે પોતા તરફથી આ ખાતાને ઉત્તેજન તરીકે, આ ખાતાની મ્હોટી રકમ ગંગાદાસ શેઠ પાસે લ્હેણી રહી છે તે વસુલ કરવા માટે કરવી પડતી ફર્યાદનું કુલ ખર્ચ આપવાનું જાહેર કરી, સૌની વાહવાહ વચ્ચે સુદર્શન અને મિત્રમંડળ ત્હાંથી રવાના થઇ સરકારી સ્કુલમાં ગયા.



Scanned by CamScanner

સ્કુલમાં ત્હેમણે કેટલાક વિષયોની પરીક્ષા લીધી, તેથી વિદ્યાર્થીઓનો અભ્યાસ ઠીકઠીક જણાયો; પણ વિવેક, નીતિ અને ધર્મનું શિક્ષણ ત્હેમને અપાતું ન હોવાથી ત્હેણે સ્કુલના અધ્યક્ષને મળીને ધર્મ–નીતિના શિક્ષણ માટે પોતાના ખર્ચે એક શિક્ષક પુરો પાડવાની ઇચ્છા બતાવી તથા જે વિદ્યાર્થી ધર્મ–નીતિના વિષય પર સારામાં સારો નિબંધ માતૃભાષામાં લખશે ત્હેને એક ઇનામ તથા વધારેમાં વધારે નીતિથી વર્તનાર વિદ્યાર્થીને એક ઇનામ : એમ બે ઇનામ દર વર્ષે પોતે આપવા ઇચ્છા જણાવી; અને અધ્યક્ષે તે સખાવત ઘણા ઉપકાર સાથે સ્વીકારી.

વિવેકચંદ્ર, પછી, સુદર્શન વગેરેને એક વૃદ્ધ વૈદ્યના કાર્યાલયમાં લઇ ગયો. એક જુનાપુરાણા વિશાળ અને છુટા ચોગાનવાળા મકાનમાં સેંકડો બાટલા અને હજારો ડબ્બા સફાઇથી ગોઠવાયલા હતા. સંખ્યાબંધ ગરીબ દરદીઓ ટોળેટોળાં થઇ ચોગાન વચ્ચે લિંબડાના ઝાડ તળે બેઠા બેઠા વૈદ્યરાજની પવિત્રતા, નિર્લોભતા અને પ્રવિણતાની તારીફ કરતા હતા. જુના જમાનાના નમુના રૂપ વૃદ્ધ વૈદ્યરાજ હમણાં પોતાના અભ્યાસમાં હતા. સુદર્શનની મુલાકાતે તે અભ્યાસમાં ભંગ પાડયો, છતાં તે બીલકુલ કકળ્યા સિવાય શાન્તપણે બોલ્યા: “આપ કેમ પધાર્યા છો ?”

વિવેકચંદ્રે વૈદ્યરાજને પગે પડી જવાબ આપ્યો: “દેવ ! આપની તારીફ સાંભળવાથી, રાજનગરના સુદર્શન શેઠ અને મ્હારા લાયક શિષ્ય કે જે હમણાં અત્રે ‘માસ્તર’ ની કન્યા સાથે લગ્ન માટે આવેલ છે તે આપનાં દર્શન ઇચ્છે છે.”

“બહુ આનંદ થયો, સુદર્શનભાઇ !” .વૈદ્યરાજ હર્ષિત થઇ બોલ્યા “ ત્હમારી લાયકી ઘણી જગાએથી મ્હારા સાંભળવામાં આવી છે. આજે ત્હમને નજરે જોવાથી મ્હને બહુ સંતોષ થયો. દુનિયા ત્હમારા જેવા મહાનુભાવો વડે જ શોભે છે.”

“ઓ દેવ ! ઓ દેવ ! આપ આ શું વદોછો ? હું આપ જેવા પરમાર્થી મહાત્માના પગની રજ છું; મ્હને આટલું મહત્વ આપી શરમાવો નહિ. હજારો દુઃખી જીવોને વિના લોભે આપ દુઃખમાંથી મુક્ત કરોછો, શારીરિક દુઃખમાંથી જ નહિ પણ આર્થિક દુઃખમાંથી પણ કેટલાકને ગુપ્ત રીતે બચાવો છો, અનીતિને રસ્તે ચ્હડેલા દરદીને



Scanned by CamScanner

સાજા કર્યા બાદ મીઠા ઉપદેશથી ઠેકાણે લાવો છો, વૈદ્ય-વિદ્યાના અભ્યાસ અને શોધખોળ પાછળ આટલી જઈફ ઉમરે પણ પુષ્કળ વખત રોકીને એ મહાપરોપકારી વિદ્યાને કેળવોછો–ખીલવોછો; આ સર્વ આપની લાયકીની કિંમત કરવા કોણ સમર્થ છે?" સુદર્શને નમીને કહ્યું.

"એટલું જ નહિ પણ જે વખતે જાગૃતાવસ્થા જેને ફરજ્યાત હોવી જોઈએ તેવા સાધુઓ ૯ ને બદલે ૧૨ કે તેથીએ વધુ કલાક સુધી ઉંઘે છે તેવા વખતે આપ જેવા 'ભાવ સાધુ' ૨૪ કલાકમાં ૪ કલાકથી વધુ ઉંઘ પણ પામતા નથી અને દરદો મટાડવાની શોધો કરવામાં, દરદીઓને રાત્રીદિવસના હરકોઈ વખતે સ્હાયભૂત થવામાં અને આત્મચિન્તવનમાં આપ હમેશ ઉદ્યમી રહો છો એ કાંઇ આપનો જેવોતેવો ગુણ નથી. આજે તો વૈદો, હકીમો અને ડાકટરોની પાસે બાર માસ કે બે વર્ષ દવા આપનાર તરીકે કામ કરીને મ્હોટા વૈદ્યરાજ કે સર્જન બની ગયેલાઓ ફી લેવા છતાં પણ દરદીની દરકાર કરતા નથી અને કેટલાક દુષ્ટ તો ઉલટા દરદ લંબાવી વધારે ફી પામવાના ઘાટ ઘડે છે. રોગનિદાન જ તેઓ સ્હમજી શકતા નથી. તેઓ એક મહા ઉપકારી ધંધાને હલકામાં હલકા તરીકે વગોવાવે છે. આપ એ સર્વ કાગડાઓ વચ્ચે એક હંસ છો–ખરે શ્વેત હંશ જ છો." વિવેકચંદ્રે સાદ પૂર્યો.

"આત્મબંધુઓ!" વૈદ્યરાજે જવાબ આપ્યો "ત્હમે બંને લાયક પુરૂષો હોવાથી મ્હારામાં લાયકી જુઓ છો. હું જે કાંઇ કરૂં છું તે મ્હારા સ્વાર્થ માટે જ કરૂં છું. જગતનો દરેક પ્રાણી પરોપકાર કરવાની સ્થિતિમાં છે; અને પરોપકાર દ્વારા જ પોતાના આત્માને શ્રીમંત અને સુખી બનાવી શકાય છે. ત્હેમાં પણ વૈદ્ય, પત્રકાર, સાધુ, વકીલ અને અમલદાર એટલા તો ખરે પરમાર્થ માટે જ જન્મેલા છે. પરંતુ અફસોસની વાત છે કે દરેકે પોતાના ધંધાને એબ લગાડવા જેવી વર્તણુક આ જમાનામાં ચલાવવા માંડેલી જોવાય છે. દુનીઆનાં–ખાસ કરી દુઃખી દુનીઆનાં–શારીરિક દુઃખો ટાળવા માટે પોતાના મોજશોખનો ભોગ આપવો એવું આકરૂં કર્તવ્ય વૈદોનું છે. લોકસમુહનાં હૃદયોનો કચરો ધોઇ નાંખવા માટે અહોરાત્રી ઉદ્યમ કરવાનું મહાન કામ સાધુઓનું છે. એ કચરો ઉત્પન્ન કરનારાં તત્વોને શોધી શોધીને નાશ કરવાનું



Scanned by CamScanner

જોખમભર્યું કામ પત્રકારોનું છે. દુનીઆમાં રહેનાર માણસો એક-બીજાના સહવાસમાં આવે નહિ તો દુનિયા ચાલે જ નહિ અને સહ-વાસમાં આવવાથી તો કોઇ કોઇ વખત ક્લેષ પણ થવા સંભવ રહે છે; એવે વખતે **ક્લેષના અટકાવ માટે** અમલદારની અને તે નુકશાન પામેલા પક્ષનું **નુકશાન દૂર કરાવવા** માટે વકીલની, જરૂર પડે છે. વકીલ ખરાનો ખોટો 'કેસ' કરનાર અને ખોટાનો ખરો 'કેસ' કરનાર ન જોઇએ; 'ફી' નો જ લાલચુ ન જોઇએ પણ ઇન્સાફનો—તે **પરમાત્માની પ્રસાદીનો**—પ્રેમી હોવો જોઈએ. ધર્માદાની લાખેક રૂપીઆની રકમ કોઇ ઓહીઆં કરી જવા માગતો હોય ત્હેમાં સામેલ થઇને ચોથ પોતે લઇ કાયદાની બારીકાઇ વડે પેલા હરામીને રસ્તો કરી આપવા જેવી નીચતા વકીલ કરી શકે નહિ. અને રાજાઓનું કર્ત્તવ્ય વળી એથી પણ વધુ કઠીન અને ઉપકારી છે. રાજા કાંઇ લાખ કેમ પચીસ લાખ માણસોના કાંડાની મજુરીથી રળેલા પૈસાનો હિસ્સો એકઠો કરી ત્હેમાંથી પોતાના ક્ષણભંગુર દેહની દરેક ઇન્દ્રિઓને તૃપ્ત કરવાનો હક્ક ધરાવતો નથી. એણે તો તે લાખ કે **પચાસ લાખ આત્માઓની જોખમદારી પોતાના શિર લીધી છે;** તે પચાસ લાખમાંનો એક પણ માણસ ભૂખે મરતો હોય તો તે રાજાનો જ દોષ છે—ત્હેનો જ અપરાધ છે—ત્હેની જ રાજ્યવ્યવસ્થાની ખામીનું પાપ છે. રાજ્યના એક ભાગમાં સોનાના મહેલ હોય અને બીજા ભાગમાં લાખ્ખો માણસની માસિક પેદાશ માથા દીઠ રૂપૈઓ સવા માત્ર હોય, છતાં જે રાજા તે સ્થિતિ વરસો સુધી **જોયાં કરે** તે રાજા તે લાખ્ખો માણસનો દ્રોહી જ કહેવાય અને તે લાખ્ખોના દીલની બદદુવા ત્હેને વ્હેલીમોડી નડયા વગર ન જ રહે. ભાઇ સુદર્શન ! આટલું બરાબર મગજમાં કોતરી રાખજે કે "**જેમ વધારે સત્તા, તેમ વધારે જોખમદારી**" એક સામાન્ય માણસ કરતાં એક શ્રીમંતની જોખમદારી વધારે છે; **શ્રીમંત** કરતાં **વિદ્વાનની** જોખમદારી વધારે અને વિદ્વાન કરતાં 'હૃદયના વિદ્વાન' એટલે **સાધુઓની જોખમદારી વધારે છે.** જે ધર્મના સાધુ પોતાના વર્ગમાં વ્યભિચાર, જૂઠ, દગાફટકા અને ક્લેષ જોઈ શકે છે તે ધર્મની હયાતી થોડા વખતની જ સમજવી; અને ત્હેનું પાપ તે ધર્મના 'ગુરૂ' તરીકે ગણાતા પામર પ્રાણીઓના શિરે છે. તમે મ્હને એક ઘર એવું બતાવશો કે જ્યહાં છોકરાને ક્ષય રોગ થવા છતાં બાપ **ગુપચુપ** બેસી રહ્યો હોય?



Scanned by CamScanner

કદી નહિ; તે બાપ તે છોકરાને લઇને દરેકે દરેક વૈદ્ય, હકીમ, ડાક્ટર, ભુવા કે મંત્રવેત્તાને મળશે અને એનાં ફેફસાં કે ગ્રહ સુધરાવવા દરેક પ્રયત્ન કરશે. પરન્તુ ત્હમે મ્હને એક પણ સાધુ એવો બતાવશો કે જે પોતાના પુત્રવત્ સંસારી જનોના ફેફસાના દરદ નહિ પણ (એથીએ ભયંકર) હૃદયના દરદને મટાડવા કંઇ પણ પ્રયત્ન શુદ્ધાશયપૂર્વક કરતો હોય? અફસોસ! ચોતરફનો વિચાર કરૂં છું તો હૃદય ભરાઈ આવે છે. મ્હારી જુવાનીમાં હું જે ઉચ્ચ ખવાસ—કર્ત્તવ્યપરાયણતા ચોતરફ જોતો ત્હેનો દશમો હિસ્સો પણ આજે જોવા પામતો નથી. દેશનું કલેજું વધારે ને વધારે બગડતું જાય છે. જેમના ઉપર તારણનો આધાર છે તેઓ જ કર્ત્તવ્યભ્રષ્ટ થઈ ગયા છે. ભાઇ સુદર્શન! આવે વખતે ત્હમારા જેવા ગર્ભશ્રીમંત યુવાન ન્હાની ઉમરથી જ ધર્મસંસ્કાર પામ્યા છે અને પોતાના પૈસાનો ઉપયોગ સમાજસેવાનાં સત્કાર્યોમાં છૂટથી કરવા તત્પર થયા છે તથા પોતાની લાગવગ અને કીર્તિનો ઉપયોગ દુષ્ટોને ઝાડવામાં નિડરપણે કરે છે એ જોઈ મ્હારા બળતા આત્માને કાંઇક શાન્તિ ઉપજે છે. પ્રભુ ત્હમને દીર્ઘાયુઃ રાખો!"

જગન્નાથજી (એ વૈદ્યરાજનું નામ હતું) એટલું બોલતાં બોલતાં વૃદ્ધાવસ્થાના કારણથી અને થયેલી તીવ્ર લાગણીના કારણથી બેશુદ્ધ થઇ ગયા; અને સુદર્શન તથા વિવેકચંદ્ર તે જોઇ બેબાકળા બની ગયા. તુરત જ વૈદ્યરાજનો પૌત્ર કે જે બારેક વર્ષની ઉમરનો પ્રકાશમાન ચહેરાવાળો મજબુત છોકરો હતો તે ત્હાં આવી પહોંચ્યો અને 'ગભરાશો નહિ' એવા શબ્દો વડે પેલા બન્નેને હિમ્મત આપી પોતે એક દવાની શીશી લઇ આવ્યો અને દાદાનું મસ્તક પોતાના ખોળામાં લઇ એક હાથે પવન નાખતો તથા બીજા હાથે શીશી ત્હેમના નાક આગળ ધરી રાખતો બેઠો. તે બેએક મીનીટ તેમ બેઠો નહિ હોય એટલામાં વૈદ્યરાજ જાણે કાંઈ બન્યું જ નથી એમ ઉભા થઇ ગયા અને સૂર્ય તરફ દૃષ્ટિ કરી પોતાની બપોરની પ્રાર્થનાનો વખત થયો જાણી બન્નેની રજા લઇ ચાલવા લાગ્યા. પરંતુ સુદર્શને જતાં જતાં ત્હેમને કહ્યું "મહારાજ! મ્હારી એક પ્રાર્થના છે. દશ હજારની એક નજીવી રકમ હું આપના હસ્તકમાં સોંપવા માગું છું; આપ કૃપા કરી તે સ્વીકારશો?"

"અને ત્હેનું મ્હારે શું કરવું?" વૈદ્યે અદબ વાળી આશ્ચર્યચકીત થઇ પૂછ્યું.



Scanned by CamScanner

" કોઇ નિર્ધન દરદીને બે-ચાર માસ આપની આંખ આગળ રાખવાની જરૂર પડે તો તેવાની સારવારમાં તે રકમ વાપરવી." સુદર્શને જવાબ આપ્યો.

" ઘણું ઉત્તમ ! " ડોસાએ માનભર્યા મરકલા સાથે કહ્યું " ઘણું જ ઉત્તમ ! પરન્તુ એવા નિર્ધન દરદીઓના પુન્ય પ્રતાપે મ્હારી પાસે કાંઇ વાતની કમીના નથી. ત્હમે જાણોછો કે હું યોગશાસ્ત્રનો શોખીન છું. નિર્મળ જીંદગી ગુજારવાને પરિણામે જ્યહારે જ્યહારે મ્હારે પરમાર્થ માટે નાણાંની જરૂર પડે છે ત્યહારે ત્યહારે, મ્હારો ખજાનો ભરેલો જ જોવાય છે. ત્હાં જ સત્યની કસોટી છે. ભાઇ, ત્હમારા રૂપીઆ ત્હમે જ કોઇ ઉચિત માર્ગે વાપરજો અને સુખી રહેજો. "

એટલું બોલતાંની સાથે વૈદરાજ એક ઓરડાના ઉંડા ભોંયરામાં ઉતરી ગયા અને બન્ને યુવાનો પોતાના બીજા સોબતીઓ સાથે ઘર તરફ પાછા ફર્યા.

Scanned by CamScanner

# પ્રકરણ ૭ મું.

## લગ્ન ( ચાલુ. )

જૂદાં જૂદાં જાહેરખાતાંની મુલાકાત લીધા પછી ઉદ્યમી સુદર્શનને એક ક્ષણ પણ વિજયનગરમાં રહેવું ગમ્યું નહિ. **“સમય માત્રનો પ્રમાદ ન કરવો ”** એ **વી**રવાક્યનો તે પૂજારી હતો. આ હીનભાગ્ય દેશમાં જ્યહારે ૯૦ ટકા મનુષ્યો એક વર્ષને એક મીનીટ માફક ઉડાવે છે, ત્યહારે દેશના ઉદય માટે જન્મેલા આ સુદર્શનને એક મીનીટ પણ એક વર્ષ જેવી લાગતી;–તે એક મીનીટમાં અનેક ‘સમય’ જોઇ શકતો અને દરેક ‘સમય ’ને એકાદ સુકૃત્ય, સુવચન કે સુવિચારવડે શણગારવા ચુકતો નહિ. તેથી તે તાકીદે ઘર તરફ જવા અને દેશસેવા તથા સંઘસેવાની યોજનાઓ ઘડવા તત્પર થઇ રહ્યો હતો. પરંતુ ત્હેણે પોતાના ટુંક વખતના સમાગમથી ગામલોકોને જે આનંદ આપ્યો હતો તેથી મહાજને ત્હેને એક દિવસ રોકાવા અને પોતાના મેમાન બનવા અત્યંત આગ્રહ કરીને ત્હેને લાઇલાજ કર્યો હતો.

‘મહાજન’ ની સંસ્થા ઘણા જુના વખતથી આ દેશમાં ચાલી આવે છે. દરેક શહેરમાં, દરેક ગામમાં એ સંસ્થા હોય છે. વિલાયતમાં જેમ “ આમની સભા ” (House of :Commons) અને ‘ઉમરાવની સભા’ (House of Lords) હોય છે તેમ આ દેશમાં ‘ નાત ’ અને ‘ મહાજન ’ એવી બે સંસ્થાઓ જુના વખતમાં લોકોને ઘણીખરી બાબતમાં ઇન્સાફ આપતી. ખાનગી કુટુંબને લગતા કજીઆ તેમજ કોમ અને ધંધાને લગતા કજીઆ આ



Scanned by CamScanner

સંસ્થાઓ ચુકવતી. રાજા પાસે થોડા જ કજીઆ જતા; કારણ કે **"જે જાય દરબાર, ત્હેનાં જાય ઘરબાર"** એવી એક કહેણી જુના વખતથી મશહુર હતી. આથી રાજસભા બાદ કરતાં સર્વશ્રેષ્ટ સંસ્થા તરીકે 'મહાજન' ગણાય એમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી. એવી 'સત્તા'નું આમંત્રણ મળવાથી **સુદર્શને** ત્હેનું માન રાખવામાં શાણપણ માન્યું અને એ પ્રસંગનો લાભ લઇને તે રાત્રે ગામલોકોને એકઠા કરી એક જાહેર ભાષણ આપવા ઇચ્છયું. તે ઇચ્છા પોતાના શિક્ષક મારફતે મહાજનને જણાવતાં સર્વને ઘણો આનંદ થયો અને મહાજને ગામમાં થાળી પીટાવીને ભાષણ સાંભળવા 'બજારચોક'માં એકઠા થવાની સર્વને ખબર આપી. તે શહેરના મહારાજા શ્રી **વિજયસિંહે** પણ મહાજનની ખાસ અરજ સ્વીકારીને હાજરી આપવા કબુલ્યું હતું.

નિયત કીધેલો વખત આવી પુગે તે પહેલાં તો 'બજાર ચોક' અઢારે વર્ણના લોકોથી ચીકાર થઇ ગયો. આખો રસ્તો દીવાબત્તીથી જળહળી રહ્યો હતો. બરાબર આઠ વાગે **વિજયનગરના** નામદાર **વિજયસિંહ** મહારાજ પુરદમામથી પધાર્યા અને પુત્ર તુલ્ય પ્રજાએ ઘણાજ પ્રેમપૂર્વક ત્હેમનો સત્કાર કર્યો. 'મહાજન' પૈકી એક આગેવાને ભાષણકર્ત્તાની ઓળખાણ નામદારને કરાવી અને પછી નામદારના હુકમથી **સુદર્શને** પોતાનું ભાષણ શરૂ કર્યું, જે નીચે પ્રમાણે હતું.

**"નામદાર મહારાજા સાહેબ અને મહાશયો!**

"આ દુનિયામાં જો કોઇ મ્હોટામાં મ્હોટો આનંદ હોય તો તે એક જ છે અને તે બીજાની સેવા બજાવવાની તક મેળવવામાં સમાયેલો છે. અનુભવ, લક્ષ્મી અને બુદ્ધિનો જે અલ્પ ભંડોળ મ્હને મળેલો છે તે વડે આ શહેરના જનસાધારણની સેવાં બજાવવાની મ્હને હમણાં જે જે તકો મળી છે તેથી મ્હને ઘણો આનંદ થયો છે; અને વધુ આનંદ તો તે સેવા ક્ષુદ્ર હોવા છતાં ત્હમો મહાશયોએ ત્હેને પ્રેમપૂર્વક વધાવી લીધી છે એમ જાણવાથી થયો છે.

"મ્હારૂં ભાષણ શરૂ કરવા પહેલાં, ગૃહસ્થો! મ્હને આજની સભાના માનવંતા પ્રમુખ અને આપના પૂજ્ય રાજકર્ત્તાશ્રીની હાજરી માટે અંતઃકરણપૂર્વક આભાર માનવા દો. અહોભાગ્ય તે દેશનાં કે જ્યહાં અત્રેની માફક રાજા-પ્રજા સાથે ભળતા રહે છે! અહોભાગ્ય



૬

તે દેશનાં કે જ્યહાં પ્રજાના અંતરમાં પ્રવેશ કરવા રાજાઓ હમેશ તત્પર રહે છે અને પ્રજાની આબાદિમાં જ પોતાની નિર્ભયતા છે એમ ચોક્કસપણે માને છે. અમારો પ્રાંત કે જ્યહાં રાજ્યનો એક સામાન્ય અમલદાર પણ અમારાથી અતડો રહે છે અને અમારા ઉપર રોફ બતાવવામાં જ પોતાની બુદ્ધિનું સાફલ્ય સમજે છે તે પ્રાંતમાંથી આવતાં અત્રે આપ સર્વને મ્હેં જાહોજલાલી, **સંતોષ** અને આનંદમાં જોયા તે વખતથી જ આ તફાવતનું કારણ શોધવા હું લાગી ગયો હતો અને આજે ત્રણ દિવસના અનુભવે મ્હને સમજાવ્યું છે કે તે તફાવત બન્ને સ્થળના **રાજકર્ત્તાઓ**ની દૃષ્ટિમાં રહેલા તફાવતને જ આભારી છે.

"ગૃહસ્થો! આવા એક પ્રજાવત્સલ નરેશ સમક્ષ મ્હને મ્હારા વિચારો જણાવવાની તક મળવા માટે હું પોતાને નસીબવાન માનું છું. હું આશા રાખું છું કે મ્હારા વિચારો સાંભળ્યા બાદ નામદાર શ્રી પોતાના અમૂલ્ય અનુભવો જણાવી મ્હને સુધરવાની તક આપશે.

"ગૃહસ્થો! દુનિયામાં સૌથી જૂનો ઈતિહાસ કોઈ પણ પ્રજાનો હોય તો તે આપણી **આર્ય** પ્રજાનો છે. **ભરત**ખંડનો સૂર્ય તે વખતે પ્રકાશી રહ્યો હતો કે જ્યહારે હમણાંના અગ્નિરથ બનાવનારા વિદેશીઓ નગ્ન સ્થિતિમાં ફરતા હતા. કુટુમ્બ સુખ આપણું જ હતું; પ્રતાપી અને કર્ત્તવ્યપરાયણ રાજાઓ આપણા જ દેશમાં હતા; વિમાનો બનાવનારા અને ઉત્તમ શિલ્પીઓ આપણા જ લોકો હતા; ધર્મનો, તત્વજ્ઞાનનો અને ન્યાયશાસ્ત્રનો ઝરો આપણી જ ભૂમિમાં વહેતો હતો, કે જ્યહાંથી વહેતો વહેતો હમણાં તે સર્વ દેશોને સજીવન જળ પુરૂં પાડે છે. એવા આ અદ્દ્ભૂત પ્રદેશને કવિઓ સ્વર્ગભૂમિ માને—દેવવાસ માને તો એમાં કાંઇ અતિશયોક્તિ સ્હમજવાની નથી.

"વૈદક અને ખગોળ, ભૂતળ અને ભુસ્તર, વ્યાકરણ અને પિંગળ, કાયદા અને ન્યાય, રસાયણ અને યંત્ર: સર્વ વિદ્યાઓ આ ભૂમિમાં એક વખત ખીલી રહી હતી એની શાક્ષી પુરવા માટે પુરાણાં પુસ્તકો હાલ પણ મોજુદ છે.

"અન્ય દેશો હાલમાં સુધારા અને વિદ્યાકળામાં આગળ વધેલા જોવામાં આવે છે; તોપણ ત્હેમનું સંસારબંધારણ એવું શિથિલ છે કે દર ૫-૨૫ વર્ષે બંધારણ બદલવું જ પડે છે; જ્યહારે આપણા આર્યોનું સંસાર બંધારણ આજ સેંકડો વર્ષ થયાં કાયમ છે-જો કે મુસ-

લમાન આદિ વિદેશી સત્તાઓએ એને ધોઈ નાખવાના પ્રયત્નો કરવામાં કચાસ રાખી નથી. શું આ આપણા પૂર્વજોનાં કામોનું સંગીનપણું, એમના બુદ્ધિબળની ખુબી અને એમની પવિત્રતાની મહત્તા સાબીત કરવા બસ નથી ? શું ઇતિહાસ એક પણ પ્રજા એવી બતાવી શકશે કે જ્હેની આબાદીની તવારીખ આર્યાવર્ત્ત જેટલી જૂની હોય ?

"પણ અફસોસ ! એ સૂર્ય આજે અસ્ત થઈ ગયો છે; એ આબાદી આજે વાતોરૂપ બની ગઇ છે; એ ખ્યાતિ માત્ર ઇતિહાસમાં ગોંધાઇ રહી છે. એ દેશના પુત્રો–એ પૂર્વજોનાં સંતાનો–આજે બુદ્ધિહીન, ઉધમહીન, વીરત્વહીન અને વીર્યહીન બની ગયા છે. લક્ષ્મીહીન બનવા માટે તો કાંઇ જ શોક કરવાની જરૂર નથી; કારણ, લક્ષ્મી તો લાગણી, બુદ્ધિ અને વીર્યની ચુકી-દાસી માત્ર છે; જ્યહાં તે રાણીઓનો વાસ છે ત્યહાં લક્ષ્મીએ અનુસરવું જ પડે છે.

"આપણે એ જ ભૂમિમાં વસીએ છીએ કે જ્હેમાં અગાઉની માફક હાલ પણ કાચું સોનું પાકે છે, જ્હાં સઘળી ભૂમિના–સઘળા દેશોના પાક ઉતરી શકે છે, જ્યહાં વિશાળ નદીઓ છે, જ્યહાં ટાઢ તડકો અને વરસાદ સમાનપણે છે, જ્યહાં ચમત્કારી ઔષધિઓના ખજાના છે; ટુંકમાં જ્યહાં કુદરતની સર્વ કૃપાઓના ભંડાર ભર્યા છે. તેમ છતાં શા કારણથી આપણે આજ ભુખમરો વેઠીએ છીએ ? આપણામાંથી શું ઓછું થયું કે જ્હેને લીધે આધિ–વ્યાધિ અને ઉપાધિથી આપણે અહોનિશ રીબાઇએ છીએ ?

"કોઇ કહેશે કે વિદેશી પ્રજાઓના હુમલાથી આપણે નબળા પડી ગયા; કોઇ કહેશે ઉપરાછાપરી પડતા દુષ્કાળોથી ભુખે મરતા થયા; કોઇ કહેશે કલિયુગના પ્રતાપે આ દશા થઇ. પણ એ સર્વ ભ્રમણા છે. શું કલિયુગ માત્ર આર્યાવર્ત્તમાં જ છે ? શું હિંદ બહાર સત્યયુગ ચાલે છે ? અને શું અગાઉ દુષ્કાળો નહિ પડતા ? વિદેશીઓ સાથે અગાઉ લડવું નહોતું પડતું ?

"વિદેશીઓના હુમલા અને દુષ્કાળ તો ઉલટા પ્રજાને મજબુત બનાવનારાં સાધન છે. ત્હેનાથી લોકો એશઆરામી થઇ જતા અટકે છે, એમનું પાણી વહેતું રહે છે, એમની બુદ્ધિ અને બળને કાટ ચઢવા પામતો નથી.



Scanned by CamScanner

"પણ બન્યું છે એમ કે, આપણામાંના જ કેટલાક સ્વાર્થી 'ભૂખની બારસ' લોકોએ આપણને વ્હેમ અને અજ્ઞાનમાં દાટી રાખવા પ્રયત્ન કર્યા છે અને માથું ઉંચું કરી બહાર શું બને છે તે જોવા-જ મના કરી છે. કેટલાક ધર્માચાર્યો પ્રજાને વ્હેમી બનાવવામાં જ પોતાનું હિત માની બેઠા છે. નવ વર્ષની અંદર છોકરીને ન પરણાવે તો મહાપાપ, મુઆ પાછળ ઘર વેચીને પણ બ્રાહ્મણોને ન જમાડે તો મહાપાપ, ગુરૂવચનમાં આંખો બંધ કરીને શ્રદ્ધા ન રાખે તો મહાપાપ, સમુદ્રપર્યટન કરે તો મહાપાપ, બ્રાહ્મણનો છોકરો ભીખ માગવા શિવાયનો ઉદ્યમ શિખે અગર વાણીઆનો છોકરો ગુલામી સિવાયનો ધંધો કરે તો મહાપાપ; આવાં આવાં પાપો ઘુસાડી દઈને લોકોને એવા તો સાંકડી બુદ્ધિના, વ્હેમી, અજ્ઞાન, મૂર્ખ બનાવી દીધા છે કે તેઓ પોતાની સ્થિતિ વિચારવા અને તે સ્થિતિ સુધારવાના રસ્તા શોધવા કદી તૈયાર થઈ શકતા જ નથી.

"પ્રથમ તો નવ નર્ષની છોકરીને પરણાવી એટલે તે જ્ઞાન મેળવતી બંધ થઈ, શરીર ખીલતું બંધ થયું, માત્ર ઘરકામ કરનારી લુંડી બની અને કદાચ ૨૫ વરસની ઉમર થતાંથતાંમાં ૨–૪ બાળકોની માતા બને છે. જે વખતે દુનિયાનો લા'વો લેવાનો હોય, જે વખતે ત્હેના જ્ઞાનબળ અને હૃદયબળનો વિકાસ કરવાનો હોય તે વખતે દો તે ચાર બાળકોની ખટપટમાં રીબાતી હોય છે અને ત્હેના પતિને એ બાળકોની રોજની તંગીઓ પુરી પાડવા માટે **ભવિષ્યનો લાભ વિસારી** તાત્કાલિક ફળદાતા હલકા કામમાં લાગવું પડે છે. હવે વિચારો કે, એ નાનપણથી તુટી ગયેલાં–આશાહીન બનેલાં–કંટાળી ગયેલાં–સંસારથી ચ્હીડાઈ ગયેલાં પ્રાણીઓ શું દેશનું કે પોતાનું હિત સાધી શકે ? અરે, એમને દેશોન્નતિનો વિચાર જ કેવી રીતે આવી શકે ? પારણામાં પોઢેલા બચ્ચાને માટે આંગડી જોઈતી હોય તે ખરીદવાની જ્હેને ચિંતા થતી હોય તે મનુષ્ય જીવલેણ મજુરી કરવા જાય કે દેશની સ્થિતિનો ખ્યાલ આપનારાં પુસ્તકો અને છાપાં વાંચવા જાય ? નહિ, આર્યો! ચોકસ માનજો કે **શરીર અને બુદ્ધિની પૂર્ણ ખીલવટ વગરનું પરણવું તે પરણવું નહિ પણ મરવું છે.** દેશ–કાળ જેટલી કેળવણી માગે છે તેટલી આવશ્યક કેળવણી લીધા **પહેલાં** અને સ્વરક્ષણ માટે જોઈતું શરીરબળ ( કુસ્તી અને કસરત મારફત ) મેળવ્યા પહેલાં તથા ઓછામાં ઓછાં પાંચ–સાત માણસના કુટુંબનો



Scanned by CamScanner

સ્હેલાઈથી પોષી શકાય એટલી આવક કરવાની શક્તિ મેળવ્યાં પહેલાં પરણનારો માણસ આત્મઘાતી અને દેશદ્રોહી છે. જે બીચારા પશુઓ પશુવૃત્તિ તૃપ્ત કરવામાંથી નવરા ન થઇ શકે, અને એમ કરતાં પડેલો ખાડો પુરવાના રસ્તા યોજવામાંથી નવરા ન થઇ શકે, તેઓ દેશનું શું લીલું વાળી શકે? બહાદુર વિદેશીઓ અત્યારે આપણ રંક ગાયો ઉપર સત્તા ચલાવતા ન હોત તો આપણી શી કમ-બખ્તી થાત ત્હેનો ખ્યાલ પણ થઈ શકવો મુસ્કેલ છે. તે બહાદુર પ્રજાએ આપણને શાન્તિ બક્ષી છે, આપણને સુખચેનનાં સાધન આપ્યાં છે, આપણને વિષયસેવન માટે સ્પ્રીંગના મોહક પલંગો આપ્યા છે, પાચનને મુસ્કેલ ન પડે એવાં 'પુડો' આપ્યાં છે, ભાર ન લાગે એવી 'નોટો' આપી છે તથા હુન્નરકળા અને શાસ્ત્રોના માથાફોડીઆ અભ્યાસને બદલે સાહિત્ય (Literature)નો શોખ આપણા વિદ્વાનોને લગાડયો છે; તે બિચારા એમાં ગોથાં ખાધાં જ કરે અને જીંદગી પુરી કરે; 'હુતો ને હુતી' વચ્ચેના વિષય સંબંધને 'પ્રેમ' નું પવિત્ર નામ આપી—એમાં તત્વજ્ઞાનનું નામ ઘોચી વિદ્વત્તાનું પ્રદર્શન કર્યાં જ કરે અને એમાં જીંદગી પુરી કરે !

"મહાભારત-રામાયણ આદિ વીરરસકાવ્યો તથા ગીતાજી જેવાં સ્વદેશ અને સ્વધર્મ બન્નેનું રક્ષણ કરવાનો ઉપદેશ આપનારાં પુસ્તકો વાંચવા કરતાં નવલ કથાઓ, લલિત કાવ્યો અને વિદેશી ભાષાઓ શિખવાની કેટલા બધા લોકો હોંશ ધરાવે છે? પછી 'આહાર તેવો ઓડકાર,' 'સોબત તેવી અસર' અને 'વાંચન તેવા વિચાર,' થાય એમાં શુ આશ્ચર્ય ?

"જહેને દેશનું અને પોતાના પંડનું હિત કરવું હોય ત્હેણે સૌથી પ્રથમ તો એ જ નિશ્ચય કરવાનો છે કે જો પોતે કુંવારો હોય તો જમાનાને જોઇતી કેળવણી, શરીરબળ અને લક્ષ્મીનાં સાધન જ્યહાં સુધી ન મળે ત્યહાં સુધી પરણવું જ નહિ. એકનું જોખમ ઉઠાવવાની શક્તિ મળ્યા પહેલાં અનેકના રક્ષણનું જોખમ ઉઠાવવું જ નહિ. શરીરબળને જેમ બને તેમ વધારવું. એ બળ આપણને આપણા ઉપકારી રાજકર્તાનું ઋણ ચુકવવામાં પણ કામ લાગશે.

"પુરૂષો ૨૫ વર્ષની ઉમર સુધી કુંવારા રહે તો કુમારિકાઓનું શું થાય?—એવો સવાલ કોઈ ઉભો કરે તે પહેલાં જ મ્હને કહી લેવા દો કે એ સવાલ પોકળ છે. પુરૂષો જલદી પરણવાની ના



Scanned by CamScanner

કહેશે તો બાલલગ્ન અને કન્યાવિક્રય અટકશે, મૃત્યુપ્રમાણ ઓછું થશે તથા વિધવાવસ્થાના સંભવ ઘટી જશે. નાતો ન્હાની ન્હાની થઇ જવાને લીધે અયોગ્ય વરને ન છૂટકે કન્યાઓ આપી દેવી પડે છે તેમ થતું અટકશે. સ્ત્રી કેળવણી ફરજ્યાત થશે અને આપણો ઘરસંસાર આપોઆપ સુધરશે.

"બોલતાં શિખ્યા ત્યહારથી જ છોકરા છોકરીને પરણવાની વાતો કહી સંભળાવીને આપણે આજના હિંદવાસીઓએ શું કાંદા કહાડવા ધાર્યા છે તે સ્હમજાતું નથી; શું સ્ત્રી સિવાય બીજા કશામાં સુખ નથી? પણ અરે, તે બિચારા કુવામાંના દેડકા જેવા બની ગયેલા લોકોને શી માલમ હોય કે કુદરત શું ચીજ છે, ત્હેમાં કેટલી અને કઇ ખુબીઓ રહેલી છે, ઉંચી ભાવના અને ઉંચા વિચારમાં કેટલો આનંદ રહેલો છે?

"ત્હમને જે ધર્મો ટુંક વિચારના, સાંકડી દૃષ્ટિના, 'કુવાના દેડકા' જેવા અને વ્હેમી બનવા ફરમાવતા હોય તે ધર્મોને જલાંજલિ આપો. વેદ અને જૈન એ ધર્મો આ દેશમાં જૂના છે; એ બેમાંના એક પણ ધર્મનાં મૂળ પુસ્તકો એવી સાંકડી દૃષ્ટિનો ઉપદેશ કરતા જ નથી; તેમ છતાં જો કોઇ ઉપદેશકો એ ધર્મોના નામે એવો ઉપદેશ કરે તો તે માત્ર પેટ ભરવાના રસ્તા છે એમ સ્હમજજો; પણ એ ધર્મોને અપમાન પહોંચાડશો નહિ. ત્હમે જે ધર્મમાં હો તે ધર્મમાં ચુસ્ત રહો.જે બીગાડા ત્હેમાં પેદા થયા હોય તે જાણવા કોશીશ કરો, ત્હેનું મૂળ શોધવા મથન કરો. સત્ય શું હોવું જોઇએ ત્હેનું શોધન કરો અને ત્હમારા ધર્મમાં રહીને જ ધર્મિષ્ઠ બનો. વેદ ધર્મ કહો કે જૈન ધર્મ કહો, કોઇ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો વિચાર કર્યા સિવાય વર્ત્તન કરવાનું ફરમાવતો નથી. વેદાનુયાયીના શ્રી કૃષ્ણે અર્જુનને જનરક્ષણ અર્થે નજદીકના પરન્તુ આસુરી વૃત્તિના સ્વજનો પર દયા નહિ કરવાનો તત્વજ્ઞાની ઉપદેશ આપ્યો છે અને જૈનોના સૂત્રમાં વ્રતધારી વરણુનાગ નતવાએ હજારો મનુષ્યોના રક્ષણાર્થે ઉપવાસનું પારણું કરવું છોડીને સમરાંગણમાં દેહત્યાગ કર્યો હતો એવું વર્ણન છે. સર્વમાં 'અપેક્ષા'—'નય' તરફ દૃષ્ટિ રાખીને ઉપદેશ કરાયો છે. વિદ્યાભ્યાસ, દેશાટન, સતત ઉદ્યમ અને રાજા-પ્રજા બન્ને તરફ વફાદારીઃ ઈત્યાદિનો ઉપદેશ બન્ને ધર્મોએ કરેલો છે.



Scanned by CamScanner

"માતૃભૂમિનો નિર્મળ પ્રેમ એ સર્વ ધર્મ અને સર્વ દેશનું માનીતું પુષ્પ છે. કોઈ તે પુષ્પને ઉખેડી નાંખવાની હિમત ધરશે નહિ. જેઓ સંસારથી વિમુક્ત થયા છે, જેઓ બ્રહ્મ અગર મોક્ષની સાધનામાં લાગ્યા છે, જ્હેમને સંસાર સાથે કાંઇ જ નિસ્બત નથી ત્હેમને બાદ કરતાં દુનિયામાં કોઇ પણ એવો **વિચારશીલ** પુરૂષ નથી કે જે સ્વદેશ માટે સાચી લાગણી ધરાવતો ન હોય.

" આપણા સ્વદેશપ્રેમમાં ખલેલ નાખનારાં ઘણાં કારણો છે. શક્તિ વગરનાં લગ્ન એ મ્હોટું અને પ્રથમ કારણ છે. ધંધા વગરના અશક્ત ઉપદેશકો એ બીજું કારણ છે. તેઓ જ્યહાં ત્યહાં વિષયી ભક્તિ અને આળસુપણાનો ઉપદેશ કરે છે, કે જે સ્વીકારવો અજ્ઞો માટે ઘણો સહેલો છે. આવા ઉપદેશકો એથીએ વધારે ભયંકર પાપ જે કરેછે તે એ છે કે, એક એક ધર્મવાળાને લડાવી મારે છે. **મુસલમાનો** કાફરને મારવાથી મોક્ષ મળતું માને છે, **હિંદુઓ** મ્લેચ્છોના સ્પર્શને આભડછેટ ઠરાવી અપમાન પહોંચાડી લડાઇનાં બીજ વાવે છે, **જૈનોનો** અમુક ભાગ ત્હેમનામાંના જ બીજા ભાગને પજવવામાં ધર્મ માને છે, **વૈષ્ણવો** **શૈવીઓની** નિંદા કરવામાં જ કલ્યાણ માને છે. પણ એ સ્વદેશદ્રોહીઓ જાણતા નથી કે, કલેષમાં ધર્મ બતાવનારા લોકો ધર્મને લાયક જ ન હોઇ શકે. ધર્મપુસ્તકો માત્ર ત્હમારી બુદ્ધિને ખીલવવાનાં સાહિત્ય છે; પછી આ ખીલેલી બુદ્ધિ વડે ત્હમને જે વધારે હિતકર લાગે તે ખુશીથી કરો. બાકી તો **જૈનોના** ઉપવાસથી જ કાંઈ મોક્ષ નથી; **વૈષ્ણવોની** ભક્તિથી જ કલ્યાણ નથી; **મુસલમાનોના** યકીનથી જ જિન્નત મળતી નથી; આ સર્વનું **તત્વ** સ્હમજવાનું છે અને તે સ્હમજણ વડે પછી ત્હમને અનુકૂળ પડે તે કામ કરવાનાં છે.

" ધર્મના નામે કલહનો ઉપદેશ કરનારાનું માનનારા લોકો જાણતા નથી કે, દુનિયામાં પાંચ-પચીશ જ ધર્મો નથી પણ **જેટલાં મગજો એટલા ધર્મ** છે. એક જ ધર્મપુસ્તકની, છ મગજમાં, છ નકલ થાય; તે છએ નકલોમાં તફાવત પડશે. "અહિંસા પરમો ધર્મ:" એ એક જ વાક્ય એક મગજ એવા રૂપમાં સ્હમજશે કે, **કારણ વગર** જીવને મારવા નહિ, માણસના ઉપયોગ માટે તો મારવા; બીજું મગજ એવો અર્થ લેશે કે માત્ર **ધર્મ** કારણ માટે મારવા પડે તે બાદ કરતાં **બીજા** કારણથી ન મારવા; ત્રીજું મગજ વળી એમ સ્હમજશે



Scanned by CamScanner

કે, કોઇ રીતે ન મારવા. એમ છએ મત જૂદા આવશે. સૂત્ર એક છતાં ધર્મ જૂદા જૂદા છ થયા; તેથી શું એકે બીજાને ગાળો દેવી ? ત્હમારા ઘરમાં ત્હમને તુવરની દાળ પસંદ છે, ત્હમારી પત્નીને અડદની પસંદ છે, ત્હમારી માતાને મગની પસંદ છે અને ત્હમારા પિતાને લીલું શાક પસંદ છે; તે માટે શું ત્હમે ત્હમારા પિતાને મૂર્ખા કહેશો અગર બ્હેનને શું 'રંડા' કહેશો અગર માતાને શું લાકડી ઉગામશો ?

"ધર્મની શું કે સંસારસુધારાની શું—હરકોઇ બાબતમાં મતભેદ તો થવા પામે જ; પણ એથી વિરોધી બનવું નહિ–શત્રુ થવું નહિ. દેશહિતની બાબતોમાં હાથ સાથે હાથ મેળવી એકસંપે કામ કરવું, એ જ ધર્મિષ્ઠ પુરૂષોનું ભૂષણ છે.

"દેશની દશા સુધારવા ઇચ્છનારે પ્રથમ અયોગ્ય લગ્નોના રીવાજને નાબુદ કરવા કટિબધ્ધ થવું જોઇએ; પછી 'વિશ્રાન્તિગૃહો'-ને બદલે કુસ્તીખાનાં અને કસરતશાળાઓ ઠામઠામ સ્થાપવી જોઇએ. ત્હેમાં તાલીમ આપીને પ્રજાને હીમતવાળી, કસાયલી, ધીરજવાળી બનાવવી જોઈએ. એથી વિદ્યા લેવાની શક્તિ પણ વધતી આવશે; ભવિષ્યની પ્રજા પણ જોરાવર ઉત્પન્ન થશે; ન્હાની ન્હાની માંદગીઓ અદૃશ્ય થશે અને રળવાની અશક્તિ પણ ઘટશે. ત્યહાર પછી કેળવણીના પ્રચાર માટે ગામોગામ નિશાળો સ્થાપવી જોઇએ. જે ગામોમાં સરકારી શાળા ન હોય ત્યહાં ખાનગી સાહસથી શાળાઓ કહાડવી; દરેક છોકરા અને દરેક છોકરીને **ફરજીઆત કેળવણી** આપવી. જ્યહાં બને ત્યહાં સરકારી નિશાળના વખત ઉપરાંત ખાનગી રીતે એક કલાક સ્વદેશ અને સ્વધર્મની સ્થિતિનું ભાન કરાવનારાં અને તે સુધારવાના ઉપાયો સૂચવનારાં પુસ્તકોનો અભ્યાસ કરાવવાની ગોઠવણ થવી જોઇએ. રાજ્ય માથે બધાં કામોનો બોજો નાખવો તે, કૃતઘ્નતા કહેવાય. પ્રજાએ પોતાનું કર્ત્તવ્ય પોતે સ્હમજવું જોઇએ. આપણા શ્રીમંતોની લક્ષ્મી શા કામની છે? શું તે લક્ષ્મી પર આપણો હક્ક નથી ? શું તેઓ માના ઉદરમાંથી નીકળતી વખતે તે લક્ષ્મી **સાથે** બાંધતા આવ્યા હતા ? ત્હમારી પાસે **દશ** રૂપિયાના પગારથી કામ કરાવીને ત્હેમાંથી **પચાસ** રૂપિયા રળનારા શેઠીઓ લખોપતિ બની અમનચમન કરે અને ત્હમે થોડા પગાર અને સખ્ત મહેનતને પરિણામે ભરયુવાનીમાં ટૂટી જવાને લીધે નોકરી કરવાને અશક્ત બનો તે વખતે



Scanned by CamScanner

ત્હમારી મહેનતથી શ્રીમંત બનેલો તે શેઠ લતામંડપમાં નાખેલા સુંવાળા કોચમાં બેસી વારાંગનાનાં મોહક ગીતોમાં મશગુલ બની ત્હમારા ભૂખે મરતા કુટુંબના કાલાવાલા ઉપર ધ્યાન પણ ન આપતો હોય તો એવા શેઠ માટે એનાર્કીસ્ટો ઉભા થાય ત્હેમાં શું આશ્ચર્ય ? એમના પૈસા એમના દુઃખી સેવકોના કામમાં, દુઃખી સ્વદેશી બંધુઓના કામમાં ન આવે અને માત્ર ત્હેમની વાસનાતૃપ્તિમાં જ વપરાય એ શું ઓછો ગજબ છે ? એવા શેઠો ( નહિ, શઠો ) **આર્યાવર્ત**માં ન હોય તો વધારે બહેતર છે. મહાન્ **અંગ્રેજ** યોદ્ધો **નૅલ્સન** મરતાં મરતાં બોલ્યો હતો કેઃ—"England expects every one to do his duty;" કર્ત્તવ્યવીરોની જનેતા **આર્યભૂમિ** તો પોતાની પુત્રીઓ પ્રત્યે યુગો થયાં કહેતી આવી છે કે—

'જનની જણ તો **ભક્ત** જન,
'કાં **દાતા** કાં **શુર**,
'નહિ તો રહેજે વાંઝણી;
'મત ગમાવીશ નૂર !'

" **સ્વદેશીઓ** પાસેથી અને **સ્વદેશીઓના** કાંડાની મહેનતથી મેળવેલો પૈસો **સ્વદેશીઓના** ઉદ્ધાર અર્થે જ ખર્ચવામાં આવે, તેથી, ખર્ચનારને કોટિ ગણો **યશ** મળે, પોતાના ભાઇઓ સુખી થતા જોઈ **મનને આનંદ** મળે, **પરલોકનું ભાથું** બંધાય; એથી વધારે બીજું જોઇએ જ શું ?

" શ્રીમંતો ! ત્હમે લાડી ગાડી અને વાડીનો હદપારનો શોખ છોડી દો. ત્હમે હરામનું ખાવું જવા દો. દેશમાંથી મેળવેલા પૈસા સ્વાર્થમાં—હલકા સ્વાર્થમાં વાપરશો તો ત્હેનો હિસાબ એક દિવસ આપવો પડશે. તે વખતે તે ઉડાવેલાં નાણાં વ્યાજ સાથે ગણી આપવા પડશે ત્યહારે કયહાંથી લાવી શકશો ? માટે હાથમાં બાજી છે ત્યહાં સુધી ચેતો; **જાપાનના** રાજાએ મીલનો ઉદ્યોગ પોતાના દેશમાં દાખલ કરવા માટે ઠરાવ કર્યો કે જે કોઇ માણસ મીલ કરે ત્હેને સાળ દીઠ વરસે રૂ. ૫ ) સરકાર મદદ આપશે. આમ ખુદ રાજ્યકર્ત્તા તરફથી મદદ મળતી હોય તો કોણ હુન્નરશોધન ન કરે ? **જર્મનીમાં** કેળવણી પાછળ સરકાર અબજો રૂપિયા ખર્ચે છે. ત્યહાંની એક નિશાળના મકાનનું વર્ણન સાંભળો તો ત્હમારી ડગળી ખસી જાય. રજવાડા-



Scanned by CamScanner

ના મહેલ એ નિશાળના મકાન આગળ તુચ્છ માત્ર છે. અને આ સર્વ **રાજની મદદથી** જ થયું છે. પરંતુ આપણ કમનસીબ ભારતપ્રજા માટે કેળવણીની જરૂર નથી, ઇતિહાસની જરૂર નથી, હુન્નરકળાની જરૂર નથી, કવાયત શિખવાની જરૂર નથી. ( કારણ કે રક્ષણ કરનાર અને તૈયાર વસ્તુઓ બનાવી બનાવીને ઘર સુધી મોકલી આપનાર બહાદુર વિદેશીઓ અમર રહો !)રજવાડાઓ નીચ કોમની રંડાઓ સાથે વ્યભિચારમાં જે ખર્ચ કરે છે તે વખતે શું સાર્વભૌમ સત્તાની પરવાનગી માગવા જાય છે કે ? ખાનગી ગૃહસ્થો એક મકાન છતાં ૪ બીજાં બંધાવવા દોડે છે ત્હારે શું પૈસાની દરકાર કરે છે કે ? સવાલ માત્ર મનનો જ છે-સવાલ માત્ર સ્વદેશાભિમાનનો છે—સવાલ માત્ર **માણસાઇ**નો છે. જહેનામાં માણસાઇ છે, જહેનામાં **હિંદુપણું** કે **જૈનપણું-મુસલમાનપણું** કે **પારસીપણું** છે, જહેનામાં ઇશ્વરપ્રેમ છે, જહેનામાં બંધુભાવ છે, જહેનામાં ઉમદા વિચારો માટે કાંઇ પણ જગા છે તેવા લોકો તો સ્વદેશહિતાર્થે દ્રવ્ય ખર્ચવામાં કદી આનાકાની કરશે જ નહિ. અને જ્યહારે એમ થશે ત્હારે જ કેળવણીનો અને હુન્નરકળાનો, ધર્મનો અને તત્વજ્ઞાનનો ફેલાવો ઘેરોઘેર થશે અને પોતા પ્રત્યે, પોતાનાં સગાંવહાલાં પ્રત્યે, પોતાના સ્વદેશીઓ પ્રત્યે, પોતાના સ્વધર્મીઓ પ્રત્યે અને પોતાના રાજકર્ત્તા પ્રત્યે પોતાની શું ફરજ છે તે દરેકે દરેક માણસ સ્હમજશે; અને એ સમજ-એ જ્ઞાનનો પ્રકાશ જ ત્હેમને સઘળી જાતના વ્હેમો, સઘળી જાતના આપસઆપસના કજીઆ, સઘળી જાતનાં બ્હીકણપણાં, સઘળી જાતનાં સ્વાર્થીપણાં અને સઘળી જાતના **અધર્મથી** દૂર રાખશે અને **આર્ય** ધર્મ તથા **આર્ય** દેશનો ઉદ્ધાર થશે. ભાગ્યશાળી આર્યો ! **આર્યભૂમિમાં** જન્મ એ જ મહદ્ ભાગ્ય છે જહેમનું એવા **આર્યો** ! ત્હમારી સ્હવારની પ્રભુપ્રાર્થના વખતે અને ધ્યાન વખતે ત્હમે એવી પ્રાર્થના કરો અને એવી ભાવના ભાવો કે ત્હમારો દરેક સ્વદેશી ભાઇ અને દરેક બ્હેન જ્ઞાન પામે, બળ પામે, તથા જ્ઞાન અને બળનો સદુપયોગ કરવાની ઇચ્છા પામે ! અસ્તુ ! બોલો શ્રી **આર્ય** ભૂમિનો જય ! બોલો બોલો શ્રી મહાવીર, બુદ્ધ, કૃષ્ણ, રામ, વિક્રમ અને ભોજની જનેતા શ્રી **આર્ય** ભૂમિનો જય ! ! ”

ભાષણ પુરૂં થતાં શ્રોતાગણે હર્ષનાદથી તે વધાવી લીધું અને પછી કેટલાએક વક્તાઓએ પોતાના વિચારો જણાવ્યા; છેવટે મહારાજાએ ઉભા થઇને નીચે પ્રમાણે વિવેચન કર્યું.



Scanned by CamScanner

"આર્યબન્ધુ સુદર્શન તથા પ્રજાગણ!

"આજે હું એક એવા આર્યબન્ધુની પીછાન પામ્યો છું, કે જેને હું જીંદગી પર્યંત ભૂલી શકીશ નહિ. એ નમ્ર વક્તાએ જે ઉચ્ચ વિચારો હમણાં દર્શાવ્યા છે તે સાંભળી ત્હમને જે લાભ થવા સંભવ છે તે લાભ માટે ત્હમારા સર્વની વતી હું જ ભાષણકર્ત્તાનો ઉપકાર માનવાની તક લેતાં જણાવું છું કે, એમણે માત્ર મ્હારી પ્રજાને જ નહિ પણ મ્હને પણ કેટલુંક જ્ઞાન આપ્યું છે. એમના ભાષણમાં જે વિવિધ મુદ્દા એમણે ચર્ચ્યા છે તે પરથી સમજાય છે કે, આજકાલ ઉદયનું સાધન જે ધર્મ તે જ પાયમાલીનું હથીઆર થઇ પડયું છે અને તેથી જ પ્રમાદ, કલેષ, કાયરતા, વિષયાસક્તિ વગેરે દુર્ગુણો વધવા પામ્યા છે. માટે હું ત્હમને ધર્મ–ખરા ધર્મ–સમ્બન્ધી થોડીક સલાહ આપીશ તો વિષયાન્તર થયું નહિ ગણાય.

"ધર્મનો સામાન્ય અર્થ કર્ત્તવ્ય અથવા ફરજ. કર્ત્તવ્યપરાયણ માણસને જ લોકો માન આપે છે; તેઓ જ ખરા સુખી હોય છે; ત્હેમના જ ઉપર વિશ્વનો આધાર છે. જે માણસમાં પોતાના કર્ત્તવ્યનું ભાન નથી, જ્હેને શું કરવા યોગ્ય છે અને શું છાંડવા યોગ્ય છે ત્હેનું જ્ઞાન નથી, તે માણસો હવામાં તરખલા માફક આમથી તેમ અને તેમથી આમ ભટકી ભટકી, અથડાઇ ટીચાઇ દુઃખી થાય છે અને આ ઘોર સંસારઅરણ્યમાં ભૂલા પડી આધિ, વ્યાધિ અને ઉપાધિમાં સેકાઈ અંતે માઠી ગતિ પામે છે.

"સાચો ધર્મ અથવા ખરૂં કર્ત્તવ્ય માણસને માત્ર પરલોકનાં મીઠાં વચન આપીને અટકતું નથી પણ આ લોકમાં જ પ્રત્યક્ષ પારખું આપે છે. કર્ત્તવ્ય જાણનાર અને તે પ્રમાણે વર્ત્તનાર માણસને એક એવો કિમતી ખજાનો આ જન્મમાં જ મળે છે કે જ્હેની બરાબરી કરવા હજારો કોહીનુર પણ શક્તિમાન નથી. એ ખજાનો પૈસાના રૂપમાં નથી હોતો, કે બાદશાહી સત્તાના રૂપમાં નથી હોતો; કારણકે પૈસાથી અને બાદશાહી સત્તાથી સુખી થયેલા પુરૂષો ભાગ્યે જ જાણવામાં આવ્યા છે. પરંતુ એ ખજાનો 'સુખી અંતઃકરણ'-ના રૂપમાં હોય છે. સંસારની કોઇપણ ચીજ એવી નથી કે જે માણસને ચિંતાઓ અને ઉપાધિઓની પીડાથી બચાવી શકે. એવી શક્તિ તો માત્ર '**સુખી અંતઃકરણ**' માં જ છે, કે જ્હેને કોઇ પણ પ્રકારનાં આધિ–વ્યાધિ–ઉપાધિ પજવવામાં આવતાં જ નથી.



Scanned by CamScanner

" 'સુખી અંતઃકરણ' એ કાંઇ 'આકાશ ગંગાના પુષ્પ' જેવી ચીજ નથી, અર્થાત્ કાલ્પનિક પદાર્થ નથી; તે ખરેખર હયાતી ધરાવે છે; પણ એટલા થોડા મનુષ્યોમાં હયાતી ધરાવે છે કે મનુષ્ય વર્ગનો મ્હોટો ભાગ ત્હેની હયાતીથી પણ અજાણ્યો છે અગર તો ત્હેને કાલ્પનિક પદાર્થ માને છે.

" આપણે થોડાંક દૃષ્ટાન્તો લઇ જોઇશું કે ધર્મ અથવા કર્ત્તવ્ય બજાવનારા લોકોને ' સુખી અંતઃકરણ ' નો ખજાનો મળે છે એ એક સત્ય વાર્ત્તા છે કે કવિઓની કલ્પના છે.

"કામદેવ શ્રમણોપાસક આત્મગોષ્ઠિમાં લાગ્યો હતો ત્હારે દેવતાએ ભયંકર રૂપ ધરીને ત્હેને વિવિધ પ્રકારના પરિસહની પીડા ઉપજાવવા માંડી હતી; પરંતુ કામદેવ સારી રીતે સ્હમજતો હતો કે મ્હારો 'ધર્મ' આત્મા છે; શરીર એ તો માત્ર આત્માનું જડ 'ઘર' છે; એ ઘરના બચાવ ખાતર ત્હેની અંદરના કિમતી જાનને નુકશાનમાં નાખવાનું કામ કરવું એ મ્હારા ' ધર્મ ' વિરૂદ્ધ છે. એમ સ્હમજી તે આત્મગોષ્ઠિમાં મંડયો રહ્યો, ત્હેનો તાર તુટવા દીધો નહિ. તેથી દેવ-નો પરિસહ ત્હેને લાગ્યો જ નહિ. ધર્મપરાયણ અથવા કર્ત્તવ્યપરાયણ થવાથી શું ફાયદો છે એમ પૂછનારને કામદેવનો દાખલો પહેલા નંબરના જવાબ રૂપ છે. ત્હેને માર પડયો એ તો સત્ય જ છે; અને માણસ જેવું પ્રાણી દેવતા જેવા મહાબળવાનના હાથ પકડી શકે એ પણ શકય નથી; ત્હારે એ **મારની અસર જ કાંઇ ન થાય** —અરે માર લાગે જ નહિ એ શું ખરેખરૂં રક્ષણ ન કહેવાય ?

" એક **બીજું** દૃષ્ટાંત લઈએ. ગ્રિસમાં ત્રીસ જુલમગારોના જમાનામાં અર્થાત્ જે વખતે પ્રજા બહુજ દુઃખી હતી એ જમાનામાં સોક્રેટિસ નામનો એક તત્વવેત્તા થયો. ત્હેના પોતાના શબ્દો આ પ્રમાણે છેઃ ' જુઓ ! મ્હારા તરફ નજર કરો ! મ્હારી પાસે શહેર નથી, ઘર નથી, જમીન નથી, ધન નથી, નોકર નથી, હું જમીન ઉપર સુઇ રહું છું; મ્હારે સ્ત્રી કે સંતાન કાંઇ નથી, માત્ર આકાશ અને પૃથ્વી તથા એક ફાટયોતુટયો ડગલો એનો જ આધાર છે; તો પણ મ્હારે શાનો ટોટો છે ? શું હું દીલગીરી વિનાનો નથી ? શું હું ડર વિનાનો નથી ? શું હું સ્વતંત્ર અને સુખી નથી? જે ઇચ્છવા યોગ્ય હોય તે મ્હને ન મળ્યું હોય એમ કદી શું



Scanned by CamScanner

બન્યું છે? અગર જે ઇચ્છવા યોગ્ય ન હોય ત્હેને માટે મ્હેં કદાપિ પ્રયત્ન કર્યો છે? ત્હમારામાંના કોઇએ મ્હારૂં વદન ખેદિત જોયું છે? ત્હમે જેઓથી ડરો છો અને જ્હેમની પ્રશંસા કરો છો તેવા લોકોને હું કેવી રીતે મળું છું? શું હું ત્હેમને ગુલામ માફક ગણુતો નથી? શું મ્હને મળનારા માણસો, હું જાણે કે ત્હેમનો રાજા કે માલીક હોઉં તેમ ધારતા નથી?'

"આ દૃષ્ટાંત શું આપણને ધર્મપરાયણ અથવા કર્તવ્યપરાયણ જીંદગીના ફળનો આબેહુબ ચિતાર આપતું નથી? શું લક્ષ્મી અને સ્ત્રી એવું ફળ આપી શકશે? લક્ષ્મી અને સ્ત્રીથી મળતાં સુખોને હું અન્યાય આપવા ઇચ્છિતો નથી; પરન્તુ શું ત્હેમાં સુખ કરતાં દુઃખનું વધારે પ્રમાણમાં મિશ્રણ નથી? માટે આ ખુલ્લું છે કે ધર્મપરાયણ જીંદગીથી આ જન્મમાં જે '**સુખી અંતઃકરણ**' રૂપી ફળ મળે છે તે જોટા વગરનું છે.

"દુનિયાના સઘળા દુષ્ટ પુરૂષો અને દુઃખદાયક પદાર્થોનો **નાશ કરવા** રાક્ષસો પણ અશક્ત છે; તથાપિ ધર્મપરાયણ લોકો એ સર્વની **અસરથી** પોતાને બચાવી શકે છે; આખી પૃથ્વીને કપડું મઢાશે નહિ; પણ પોતાના પગે પગરખાં પહેરવાથી માણસ પૃથ્વી ઉપરના કાંટા-કાંકરાથી પોતાનું રક્ષણ કરી શકે ખરો. તેમજ આ અનાદિ સૃષ્ટિમાં દુષ્ટ પુરૂષો, દુષ્ટ પદાર્થો અને અનિષ્ઠ બનાવો થતાં આવ્યાં છે અને થયાંજ કરશે; ત્હેમનો નાશ કરીને સુખી થવાની આશા કોઇ રાખે તો વ્યર્થ છે; ઉલટો તે બમણો દુઃખી થશે. પરન્તુ પોતાને ત્હેમની અસર જ ન થાય. એવી ગોઠવણ કરવાનું તો ત્હેના હાથમાં છે ખરૂં; અને તે જ પ્રમાણે કામદેવે અને સોક્રેટિસે ધર્મની મદદથી કર્યું હતું.

"આજકાલ દુનિયામાં લુખ્ખી વાતોને કે બાહ્ય ક્રિયાને જ 'ધર્મ' માનનારા ઘણા લોકો જોવામાં આવે છે. ત્હેમના ઉપર આક્ષેપ કરવાની મૂર્ખતા નહિ કરતાં આપણે ત્હેમને એટલું જ બતાવીએ કે 'જે માણસના ઘરમાં લાખ રૂપીઆ દાટેલા છે તે માણસ જ્યહાં સુધી જમીન ખોદી રૂપીઆ કહાડી—બજારમાં જઇ—જોઇતી ચીજ ખરીદી—ભોગવે નહિ ત્યહાં સુધી એ રૂપિયા ત્હેને કશા કામના નથી' એમ સ્હમજાવીએ તો તેઓ આપોઆપ સ્હમજશે કે, ધર્મ એ કોઈ પોકળ અવાજ નહિ પણ અમુક **વર્તન**નું નામ છે.





Scanned by CamScanner

'**પ્રાણીને મળેલી કુદરતી શક્તિઓનો દરરોજનાં કૃત્યોમાં સદુપયોગ એ જ ધર્મ છે.**' ધર્મની આ સાદી વ્યાખ્યા જો દરેક મનુષ્ય સ્હમજે તો દુનિયામાંથી દુર્ગુણો અને વ્યસનો તથા દુરાચરણો અદૃશ્ય થાય, મૈત્રીભાવ અર્થાત્ બંધુત્વભાવ જળહળી રહે, શારીરિક પીડાઓ ઓછી થઇ જાય, માનસિક ચિંતાઓ ઘટી જાય અને નરકનાં દ્વાર લગભગ બંધ થવાનો વખત આવે.

" ત્હારે હવે એવા સાદા—સ્વાભાવિક ધર્મને અંગીકાર કરવા કોઈને ઇચ્છા થાય તો ત્હેને કયું નામ આપવું ? આ સવાલ અટપટો છે. સઘળું ઝેરવેર ત્હાં જ આવીને ભરાયું છે. ધર્મને બદલે અધર્મ અહીં જ થાય છે. ખરો ધર્મ જો તમે જૈનને કહેશો તો વેદાંતીઓ લાકડી લઇ ઉભા થશે; વેદાંતીઓના ધર્મને ખરો કહેશો તો જૈનો ખળભળી ઉઠશે. આ ધાર્મિક ઝગડાઓએ ઘણાએક ભોળા જીવોને ધર્મથી વિમુખ બનાવ્યા છે. ઘણાએક માણસો એવા જોવામાં આવે છે કે જેઓ કહે છે કે, સર્વ ધર્મો પોતાની બડાઇ અને પારકી નિંદા કરતા હોવાથી ' ધર્મ ' શબ્દ જ પોકળ છે, આકાશગંગાવત્ છે. આ નાસ્તિકપણા માટે જો કોઈ જુમ્મેવાર હોય તો તે ધાર્મિક યુદ્ધના નાયકો જ છે. તેઓ પોતે તો જ્યહારથી તેઓ કલહને તાબે થયા ત્યહારથી જ ધર્મરાજ્યથી બહિષ્કૃત થયેલા છે, પણ તે સાથે તેઓ બીજા સંખ્યાબંધ પ્રાણીઓને નાસ્તિકપણાની ખાઇમાં હડસેલી દઈ ' સુખી અંતઃકરણ ' જેવો ઉમદા ખજાનો બક્ષનાર ધર્મથી પરાઙ્મુખ કરે છે. ખરો ધર્મી પુરૂષ તો મૂર્ખ ઉપર પણ દયાદષ્ટિ રાખે છે, ત્હેની અજ્ઞાનતાને હાંશીનો વિષય બનાવતો નથી. ચર્ચા કે દલીલના નામે કોઈની લાગણી દુઃખાવી ધર્મિષ્ઠમાં ખપવા મથનારા બાળજીવો ખરેખર સર્વ કરતાં બમણા દયા ખાવા જેવા છે.

" ક્ષમા, નિર્લોભતા, સરળતા, મૃદુતા, લાઘવ, સત્યતા, ઇન્દ્રિયનિગ્રહ, તપ, જ્ઞાનાભ્યાસ અને બ્રહ્મચર્યઃ એ ૧૦ સદ્ગુણોના સેવનમાં જ ' ધર્મ ' રહેલો છે અને જેઓ ' આમાં પાપ છે—અને આમાં પુણ્ય છે ' એવી વાતોમાં જ મુંઝાઇ ન રહેતાં પૂર્વકર્માનુસાર આવી પડતી ફરજો અદા લાવવામાં પુરૂષાતન દાખવે છે અને તે વખતે અંતરાત્માને નિર્લેપ રાખેછે તેઓ જ ખરેખરા ધર્માત્મા છે—પછી ભલે તે પુરૂષો ગમે તે ધર્મના હોય અને ગમે તે વેષ પહેરતા હોય.



Scanned by CamScanner

"હવે હું ભાષણકર્ત્તાએ આ રાજ્યને આપેલા અભિનંદન સંબંધે થોડુંક કહીશ. **"માણસને સુખી અને દુઃખી કરનાર પોતાનાં કર્મો છે"** એ કુદરતનો કાયદો કદી ભૂલવો જોઇતો નથી. રાજનગરની સ્થિતિ જો સંતોષજનક ન હોય તો ત્હેમાં કારણભૂત ત્યહાંની પ્રજાની એક યા બીજી કસૂર હોવી જોઇએ. જે લોકો માંહોમાંહે કુસંપ કરી સમાજબળ ગુમાવતા હોય, પોતીકા જ સ્વાર્થ તરફ નજર રાખતા હોય, દુનિયામાં શું બને છે તે જાણવાની દરકાર કરવાની ના કહેતા હોય, શ્રમ અને સાહસથી ભડકતા ફરતા હોય એવા લોકોને રાજકર્ત્તાની તો શું પણ સગાભાઇની પણ તરફથી પ્રીતિ કે ન્યાયની આશા રાખવાનો હક્ક નથી. બંધુ સુદર્શન! ત્હમારા જેવા લાયક પુરૂષો જે દેશમાં પાકવા લાગ્યા છે તે દેશને છેક જ નિરાશ થવાનું કશું કારણ નથી. લક્ષ્મીની સાથે વિદ્યાનું અને સહૃદયતાનું જોર મળતાં કઇ પ્રજા ભોંયપર પડી રહી સાંભળી છે? ત્હમે ત્હમારા દેશમાં સ્વદેશી ધોરણ ઉપર કેળવણી આપવાનું કામ આગળ વધારો, સ્વદેશી વસ્તુઓની બનાવટ અને પ્રચાર માટે કમર કસી દેશની ઉત્પાદક શક્તિ વધારો, અંગકસરત લ્યો (કારણ કે બળ વગરનો માણસ બોજા રૂપ છે), ખીતાબો અને માનઅકરામના લોભને ભસ્મીભૂત કરો, પાંચસો રૂપીઆ માટે ગુલામી કરવા કરતાં દશ રૂપીઆ સ્વતંત્રપણે રળી સાદું ભોજન લેતાં શિખો, સાદું ભોજન પણ સ્વતંત્ર મહેનતથી ન મળે તો દેશ છોડી દરિયાપારના દેશોમાં જઇ ત્યહાં ઉદ્યમ કરી પૈસા લઇ દેશમાં આવો. ત્હમારા દેશમાં વર્ષો થયાં જે બહારના લોકો આવી વસ્યા હોય ત્હેમણે કરેલા જુલમ હવે ભૂલી જાઓ; કારણ કે લાંબા વખતના વસવાટને લીધે તેઓ હવે ત્હમારા 'દેશી ભાઇ' બન્યા છે માટે ત્હેમને 'ભાઇ' માફક ગણી ત્હમારૂં બળ વધારો (નહિ તો ઓછા કેળવાયલા તે લોકોને બીજાઓ પોતાના હથીઆર તુલ્ય બનાવે ત્હેમાં ત્હેમનો કાંઇ દોષ ગણાય નહિ); અને ત્હેમને કેળવણીમાં આગળ વધારો. વળી ત્હમારામાંના જેઓ ધર્મને નામે ઝીણી ઝીણી બાબતોમાં મુંઝાઇ રહ્યા છે ત્હેમને કહો કે, મ્હોટા દરિયા ઓળંગવા ઇચ્છનારે વચ્ચે આવતાં ખાબોચીઆંનો હિસાબ ગણવો પાલવે નહિ. ત્હેમનો પૈસો ધર્મના નામે થતા ઢોંગો પાછળ ખર્ચાતો હોય તો તે ઝરો હવે સ્કૉલરશીપો અને વિદેશગમનમાં સ્હાય કરવાને રસ્તે વાળો. જે શ્રીમંતો હદપારની સ્વાર્થાંધતા બતાવે



Scanned by CamScanner

તેઓની બરાબર ખબર લેવાનું કામ 'મહાજન' નું છે. મ્હારી આટલી સૂચનાઓ મિત્ર **સુદર્શન** લક્ષમાં રાખશે તો એમના મનની સઘળી મુરાદ પાર પડશે. ' ઈશ્વર ત્હેમને જ મદદ કરે છે કે જેઓ પોતાને મદદ કરે છે. " જો **રાજનગરના** શહેરીઓ પોતે પોતાને મદદ કરશે અગર પોતે જ કર્ત્તવ્યપરાયણ થશે તો બનવા જોગ છે કે સામ્રાજ્ય દ્વારા જ પરમ કૃપાળુ **પરમાત્મા** ત્હેમને વધુ મદદ પહોંચાડવા ચુકશે નહિ. "

ભાષણ ખતમ થયું; તાલીઓના ચાલુ અવાજે આકાશ ચીરી નાખ્યું અને છેવટે સભા વિસર્જન થઈ. મહારાજાએ **સુદર્શનને** રાજ-મહેલમાં આમંત્રણ આપ્યું હોવાથી તેઓ સાથે જ બગીમાં બેસી હંકારી ગયા અને લોકો રાજા તેમજ **સુદર્શનની** તારીફ કરતા તથા 'માસ્તર' ની કન્યાના નશીબની પ્રશંસા કરતા સૌ સૌની જગાએ ગયા.

મહારાજાએ **સુદર્શન** શેઠ સાથે શું ગોષ્ટિ કરી તે હજી જણાયું નથી. તે એક ગુપ્તવાર્ત્તા જ હતી અને તે સંબંધમાં લોકો વિવિધ તર્ક વિતર્ક કરતા હતા. એ તો ગમે તે હો, પરન્તુ બન્ને વચ્ચે તે વખતથી ગાઢો સમ્બન્ધ બંધાયો અને મોડી રાત્રે **સુદર્શન** પોતાના ઉતારે ગયો.

બીજે દિવસે **સુદર્શન** પોતાની ધર્મપત્ની તથા જાનૈયાઓને લઇને **રાજનગર** તરફ વિદાય થયો. પરંતુ તે સહીસલામત પોતાને ઘેર પહોંચે તે પહેલાં કાંઈ કાંઈ ખેલ **વિધાતા** ખેલવાની હતી. **સુદર્શનને** માથે એક વાદળું ઘેરાઇ આવ્યું હતું, જે હમણાં વરસ્યું અને ત્હેને રસ્તામાં જ રોકી રાખ્યો. તે વાદળું મોકલનાર દુષ્ટ **માણેક-ચંદ** હતો, કે જે વરવિક્રય અને કન્યાવિક્રયની હીમાયતમાં અપમાન પામવાથી વૈર લેવાનું 'પણ' લઇને નાઠો હતો એમ ત્રીજા પ્રકરણ-માં આપણે જોઇ ગયા છીએ.

**માણેકચંદ** હમણાં આ શહેરમાં જ **સુદર્શનનાં** લગ્ન જોવા આવ્યો હતો અને સભા વચ્ચે મહારાજા અને **સુદર્શન** સાથે થયેલો મૈત્રી સંબંધ ત્હેના હાથમાં હથીઆર તુલ્ય થઇ પડયો હતો. તે તે જ રાત્રીએ એક જલદ અશ્વ લઇને રાજનગર તરફ દોડયો અને ત્હાંના સુબાને મળી એક ધાસ્તીભર્યા માણસનો પત્તો મેળવી આપવાની વધામણી આપી. તે પરથી કેટલાક સીપાઇઓ સાથે સુબો તાબડતોબ

રવાના થયો અને **રાજનગર** તથા **વિજયનગરની** મધ્યમાં પડાવ નાખ્યો, એવી મતલબથી કે **સુદર્શનને** ત્હાં જ પકડીને કેદ કરવો.

પરંતુ સુબાની મદદથી **માણેકચંદ** પોતાની ધારણા પાર પાડી શકે તે પહેલાં **વિધાતાએ** કાંઇ જૂદો જ ઘાટ ઘડી રાખ્યો હતો.

**રાજનગરના** સુબાની વ્હેમી પ્રકૃતિથી કંટાળી ગયેલા જે નિ-ર્દોષ શહેરીઓ પોતાના કુટુંબ પર અણધારી આફત આવી પડવાની દેહેસતથી નજદીકમાં આવેલા પરરાજ્યમાં જઈ વસ્યા હતા, ત્હેમાંના કેટલાક આકળા સ્વભાવના ઉદ્ધતોની એક ન્હાની સરખી ટુકડી ત્હે-મના બીજા શાન્તિપ્રિય દેશબાન્ધવોના વિચારથી જૂદી પડી અમલ-દારોને સતાવી ત્હેમની આંખ ઉઘડાવવાના નિશ્ચય પર આવી હતી. જો કે હજુ સુધી તે ટુકડીએ તે ઉદ્ધત નિશ્ચયને કદિ અમલમાં મૂકયો નહતો અને તેથી દેશની શાન્તિમાં ભંગ પડયો નહતો, તથાપિ ત્હેમના મનમાં લાગી રહેલી આગ જોવા પામેલા ત્હેમના ઠરેલ દેશબાન્ધવો તે ટુકડીની ઉશ્કેરણીઓ તરફ સખ્તમાં સખ્ત અણગમો ધરાવતા હતા અને તેઓ તે ટુકડીને પોતાની હમેશની ડહાપણભરેલી પદ્ધતિથી સમજુત આપતા કે, **આગ આગથી નહિ પણ જળથી જ બુઝાય**; અણવિશ્વાસ સામે ફતેહમંદીથી વાપરવાનું સારામાં સારૂં હથીઆર વિશેષ વફાદારી જ છે, કે જેનો ઘા હૃદયના ઉંડાણ સુધી પહોંચીને અણવિશ્વાસનો જડમૂળથી નાશ કરે છે; સામ્રાજ્ય અને આ દેશનો સંબંધ કુદરતે જ જોડયો છે અને કુદરતે ત્હેમાં બન્નેનું હિત જ માન્યું છે; તોફાન કે ખટપટથી કદાપિ ચીરસ્થાયી શાન્તિ મેળવી શકાશે નહિ, પણ વિશેષતર પ્રેમ, સમ્પૂર્ણ ઐકય અને સુશિ-ક્ષિતપણાના પ્રચારની હીલચાલોથી જ ઇચ્છિત સુખની પ્રાપ્તિ સંભવે છે. આવી ઘણી દલીલો તેઓ કરતા અને જ્યહારે તે સ્વદેશપ્રેમના સદ્દગુણને ઉદ્ધતાઈના કાળા વસ્ત્રથી આચ્છાદિત કરી 'ભયંકર ટુકડી'નું નામ પામેલા મુઠ્ઠીભર માણસો તે સ્હમજાવટ પર લક્ષ ન આપતા ત્યહારે તેઓના ઉછાંછળા શબ્દો સામે **જાહેર રીતે** અણગમો અને તિરસ્કાર બતાવવાનું પોતા પાસેનું એકનું એક હથીઆર પણ તે શાન્તિપ્રિય શહેરીઓ દુઃખાતા હૃદયે વાપરતા. જગતમાં દૈવી અને આસુરી પ્રકૃતિ **કાદાકદમીથી** ચાલી આવે છે ત્યહાં પછી આ આસુરી પ્રકૃતિની ટુકડીની ઉદ્ધતાઇઓ અને તેથી અમલદારોના મનમાંનાં વહેમનાં બીજ-ને મળતી પુષ્ટિ માટે આંસુ પાડવાં નકામાં છે. દેશનાં 'સામુદાયિક કર્મ' જો અનુકૂળ જ હશે તો તે કર્મ કોઈ એવા જ સુબાને મો-



Scanned by CamScanner

કલશે કે જે બીનઅનુભવી ઉછાંછળી ટોળીને પ્રેમ અને દીલસોજીના મંત્રથી વશ કરશે અને હથેળીમાં નચાવશે. તે વખતે તે નાદાન બચ્ચાંઓ પિતા પાસે ક્ષમા ચાહશે અને પોતાના અવિનય માટે શરમાઇ પ્રથમની ભૂલોના બદલામાં પિતાની સેવામાં પ્રાણ અર્પણ કરવા તત્પર થશે. એવો વખત આવતા સુધીમાં રાજનગરથી પરરાજ્ય-માં જઇ વસેલી આ ન્હાની નાદાન ટુકડીની મૂર્ખાઇનો થોડોએક ઇતિહાસ—આપણી વાર્તાના વફાદાર નાયક સાથે તે ઇતિહાસનું અમુક પ્રકરણ સંબંધ ધરાવતું હોઇ—આપણે દીલગીરીથી તપાસ્યા સિવાય છૂટકો નથી, હકીકત એમ બની કે, તે ‘ ભયંકર ટુકડી ’ ને એવા ખબર મળ્યા હતા કે રાજનગરના સૂબાનો ભાઇ પોતાના કુટુંબ સાથે વિજયનગરને રસ્તેથી આગળ મુસાફરી કરનાર છે. તેથી તે ટુકડીએ પાંચ મજબુત ગામડીઆઓને ત્હેમને લૂટવાના આશયથી રસ્તો રોકી બેસાડ્યા હતા. સુદર્શન અને ત્હેના સાથીઓને તે રસ્તે પસાર થતા જોઇ તે ગામડીઆઓએ ત્હેમને સુબાનું કુટુંબ માની ઘેરી લીધા અને સ્હામા થયા સિવાય તાબે થનાર પર **પહેલો** પ્રહાર કરવો નહિ એવો ત્હેમનો નિયમ છે એમ જણાવીને આભૂષણો ઉતારી આપવાની માગણી કરી. સુદર્શનને આ માગણી અજાયબી-ભરેલી લાગી અને તે કસાયલો હોવાથી સ્વમાન જાળવવા માટે સ્હામો થવા તૈયાર થયો; અંગકસરતના અખાડાથી બેનશીબ રહેલા વિવેકચંદ્રે ત્હેને રોકવા છતા તે સ્વરક્ષણ અને સ્વમાન ખાતર લડ-વાને તૈયાર થઇ ગયો અને પોતાની લાકડી સજ્જ કરી આગળ ધસ્યો. એ નિર્બળ હથીઆર વડે એણે બે શત્રુઓને તો જમીનપર સૂવા-ડ્યા પણ તે પછી બાકીના ગામડીઆઓ પૈકીના એકે પીસ્તોલ તાકી. હથીઆરના કાયદાએ દેશને સ્વરક્ષણ માટે કેવો નાલાયક બનાવી દીધો છે એ બાબતનું આ વખતે સુદર્શનને ભાન થયું. ત્હેણે ચાલાકીથી એક નીશાન તો ચૂકવ્યું હતું પણ બીજી ગોળી ત્હેના પગ પર ચ્હોંટી અને ત્હેમાંથી લોહી વહેવા લાગ્યું. કસાયલા સુદર્શનને આ ઘા કાંઇ બેભાન કરવાને પુરતો નહોતો પરન્તુ પોતાના સોબ-તીઓની શારીરિક નિર્બળતાનો ખ્યાલ આવવાથી ત્હેણે અત્રે યુક્તિ ચલાવવાની જરૂર જોઈ. પગમાં ગોળીનો પ્રવેશ થતાં જ તે જાણી જોઇને જમીન પર ઢળી પડ્યો અને મરણ તુલ્ય થવાનો દેખાવ કર્યો. આથી યુદ્ધનો અંત આવ્યો અને ગામડીઆઓ સર્વ આ-

ભૂષણ લઇ સાથે પોતાની સ્હામે થનાર મૂર્છિત માણસને ઉપાડી ચાલતા થયા. આ પ્રસંગે વિવેકચંદ્ર, વિદ્યુતબાળા વગેરેએ લુટારૂઓને ઘણીએ આજીજી કરી પણ તેઓએ તે પર કાંઈ લક્ષ આપ્યું નહિ. વિદ્યુતબાળાના કાલાવાલાથી દયા ઉત્પન્ન થવાને લીધે છેવટે એટલો દીલાસો તેઓ આપતા ગયા કે તેઓ ત્હેને ત્હેમના શિરદાર પાસે લઈ જઈ કાંઇ પણ ઈજા કર્યા વગર છોડી મૂકશે અને ત્યાર પછી જ ત્હેમના બન્ને ઘવાયલા સોબતીઓને ઉપાડી જશે.

ત્રણ લૂટારાઓ સુદર્શનને ઉંચકી સુમારે બે માઇલ દૂર ગયા પછી થાક ખાવા એક વૃક્ષ તળે બેઠા અને ખરો મધ્યાન્હ હોવાથી ઉગ્ર ગરમીને લીધે તેઓમાં જરા સુસ્તી આવવા લાગી. પોતાનો કેદી મૂર્ચ્છિત દશામાં હોઇ તેઓ નિર્ભય હતા તેથી ત્હેને એક બાજુએ મૂકી પોતે ઘડી લેટી ગયા. આ તકનો લાભ લઇ સુદર્શન બેઠો થયો અને તેઓનાં ભયંકર હથીઆર ઉપાડી જવા તથા તે વડે તેઓનું જ ખૂન કરી વૈર વાળવા ત્હેને ઇચ્છા થઇ આવી. પરન્તુ એ કામ હીચકારૂં છે એવો ખ્યાલ આવવાથી તે ખાલી હાથે અને કાંઇ પણ ઇજા કર્યા સિવાય ન્હાસવા લાગ્યો. એમ કરવા પહેલાં ત્હેણે પોતાની ધોતીનો છેડો ફાડીને ઘા ઉપર મજબુત બાંધ્યો. આવતી વખતે મૂર્ચ્છાનો ઢોંગ કરવાનો હોવાથી પોતાની આંખો બંધ રાખવી પડી હતી તે કારણથી રસ્તાનું ત્હેને કાંઈ સ્મરણ રહ્યું નહતું અને પદચિન્હ જોઇ જોઇને ચાલવા જેટલો વખત ન હતો; તેથી તે દૈવે સૂચવેલા રસ્તે મૂઠી વાળી દોડવા લાગ્યો, પરન્તુ દોઢેક માઇલ જેટલો રસ્તો કાપ્યા પછી આ ઘાયલ થયેલા પથિકને તૃષા, થાક અને સખ્ત તાપની ગરમીની અસર એટલી બધી થવા લાગી કે જળ અને આરામ સિવાય ચલાવી લેવું ત્હેને અશક્ય લાગ્યું. લૂટારાઓ જાગશે તો પાછળ પડી પકડી પાડશે એ ધાસ્તીએ પણ ત્હેને હતાશ કરી દીધો હતો. પોતાની પત્ની, મિત્ર અને જાનૈયાઓ પોતાને માટે ઝૂરતાં હશે એ વિચાર પણ ત્હેને ગભરાવી નાખવાને પુરતો હતો. આ સઘળાં કારણોએ હવે ત્હેને દોડવા કે ચાલવાને છેક જ અયોગ્ય બનાવી દીધો અને તે જમીન પર પટકાઈ પડ્યો.



Scanned by CamScanner

# પ્રકરણ ૮ મું.

## ક્ષેમસૂરિનું આત્મકથન.

વિધાતાના ખેલ વિચિત્ર છે. પૂર્વમાં જઇને ઉત્તરમાં નીકળતાં ત્હેને એવું સરસ આવડે છે કે એની અકળ ગતિનું રહસ્ય પામર મનુષ્યથી પામી શકાય તેમ નથી. લગ્ન જેવા શુભ કામે સુદર્શનને મોકલનારી વિધાતાએ જોતજાતામાં લગ્નને વિઘ્નમાં ફેરવી નાખ્યું અને દંપતીને છૂટાં પાડયાં; એટલુંજ નહિ પણ ઘવાયલા સુદર્શનને ભરવગડે નિરાધાર અને નિરાશાજનક સ્થિતિમાં લાવી મૂકયો. વિધિના આડાઅવળા રસ્તાનો જેને અનુભવ થયો નથી તેવા મનુષ્યો તો સુદર્શનની જીંદગીનું નાટક અહીં જ પુરૂં થવાની ધાસ્તી રાખશે, પરન્તુ જે વિધિ લગ્નને વિઘ્ન રૂપમાં ફેરવી શકે છે તે વિધિ વિઘ્નને મહામંગલ સ્વરૂપમાં ફેરવી નાખવાને પણ એટલી જ સમર્થ છે. જન્મવું, પરણવું અને મરવું: એ ત્રણ અંકમાં જ જે મનુષ્યનું જીવન-નાટક પૂરૂં થાય છે તેવા મનુષ્યનું ચરિત્ર લખવાને કઇ લેખિની શ્રમિત થશે? સુદર્શન પાસે હજી ઘણા વેશ ભજવાવવા વિધિ ઇચ્છતી હતી અને તેથી જ ત્હેને શિર આફત ગુજારીને ત્હેના હાથે ભવિષ્યમાં થવા જેવાં કાર્યોનું માર્ગસૂચન કરવાની આ તક તેણીએ લીધી હતી. કોમ અને દેશની સેવાનાં કંઇક કામ હજી ત્હેના હાથે કરાવવા વિધિએ યોજના કરી રાખી હતી. સેવાધર્મના પાલનના પ્રારંભમાં જ વિઘ્નનો રાક્ષસ ધુરકીઆં કરે છે એવો એક સાધારણ નિયમ છે અને એ નિયમમાંથી સુદર્શનને બચી જતો જોવાની આશા રાખવી ફોકટ છે.

સુદર્શનને જમીન પર ઢળી પડ્યાને થોડી મિનિટ થઈ નહિ હોય એટલામાં કોઇ માણસ નજદીકમાં જ રડતો હોય એવો અવાજ હેના કાને પડયો. તે સાથે લોખંડના ચીપીઆના પ્રહારનો અવાજ પણ સંભળાતો હતો. આવે વખતે જે સહેલામાં સહેલું અનુમાન બાંધી શકાય તે એ હતું કે એક માણસ પર બીજો માણસ પ્રહાર કરતો હશે અને ઇજા પામતો માણસ રડતો તથા કરગરતો હશે. સુદર્શને પણ એ જ અનુમાન બાંધ્યું અને હેની દયાની લાગણીઓ એકદમ ઉશ્કેરાઇ ગઇ. એ ઉશ્કેરણીએ હેની અદશ્ય થયેલી તાકાદ પાછી બોલાવી અને તે પોતાનું દુઃખ અને જોખમ ભૂલી જઈને દુઃખીની વ્હારે ધાવાના નિશ્ચય પર આવી જઇ ઉભો થયો. જે દિશા-માંથી અવાજ આવતો હતો તે દિશા તરફ ત્રણેક મિનિટ ચાલતાં એક ઢોળાવવાળી જગામાં એક વડ નીચે અદ્‌ભૂત દેખાવ હેની દષ્ટિએ પડયો. એક નવદીક્ષિત જેવો દેખાતો બાવો આકાશ ભણી જોઇને કાંઇક બોલતો હતો, પશ્ચાત્તાપપૂર્વક રડતો હતો અને દર બબ્બે ત્રણ ત્રણ મિનિટે પોતાના હાથમાંનો લાંબો ચીપીઓ પોતાના કપાળ સાથે અફાળતો હતો. સુદર્શનની ઇચ્છા ગુપચુપ તે બાવાની પાછળ ઉભા રહી હેના શબ્દો સાંભળવાની હતી, પરન્તુ હેનો પડછાયો જોવાથી બાવો તુરત ચેતી ગયો અને પાછળ નજર કરતાં હેણે એક થાકથી લોટપોટ થયેલા, પગે ઘવાયલા, ભવ્ય મુખાકૃતિવાળા યુવાનને જોયો. થોડો વખત બન્ને ચુપચાપ ઉભા. દરેકને બીજાની સ્થિતિ વિચિત્ર લાગતી હતી અને ખુલાસો પૂછવાની તીવ્ર ઉત્કંઠા હતી. પરન્તુ શરૂઆત કેમ કરવી એ જ મુશ્કેલી હતી. છેવટે સુદર્શને જાણે કે પોતે કાંઇ જ જોયું નથી એવો દેખાવ કરી મૌન ભાગવાનો પ્રયત્ન કર્યો: " સંત ! આટલામાં કોઇ આશ્રયસ્થળ આપ બતાવી શકશો ? "

બાવાએ પ્રશ્નના ઉત્તરમાં સામો સવાલ કર્યો: "**क्यौं बच्चा! तूं क्यौं गभडाता है ? तेरी सीकल परसें तूं कोई महाकष्टमें आया हुआ अमीरी आदमी मालूम होता है. इस तरह अकीला कैसा ? आश्रय स्थलकी तुझे क्या जरुरत ?**"

સુદર્શનને આ પ્રશ્નોની પરમ્પરા પસંદ પડી નહિ. હેણે સંક્ષેપ-માં જવાબ વાળ્યો: " મહારાજ ! લૂટારાઓના હાથમાંથી છટકી



Scanned by CamScanner

ભૂલો પડેલો હું એક તૃષાતુર અને થાકેલો વટેમાર્ગુ છું. ક્યહાં રહું છું અને કોણ છું તથા આ સ્થિતિનું કારણ શું છે એ બધું જાણવાની આપની જિજ્ઞાસા તૃપ્ત કરવાની હમણાં મ્હારામાં શક્તિ નથી. હાલ તુરત મ્હને જળ અને આશ્રયસ્થળની અનિવાર્ય જરૂર છે, તે જો આપ બતાવી શકશો તો મ્હોટો આભાર થયો સ્હમજીશ."

બાવો તુરતજ પથિકની સ્થિતિની ગંભીરતા સ્હમજી ગયો અને ત્હેને પોતાની પાછળ આવવાનો ઇસારો કરી નજદીકમાં આવેલી એક કાંટાની વાડ તરફ ચાલ્યો. ત્હાં પહોંચતાં વાડની મધ્યમાં પડેલી એક પથ્થરની શીલા ઉપાડી દૂર મૂકી અને પોતાના અતિથિને ઉદ્દેશીને બોલ્યો: "**इस गुफामें प्रवेश करती वक्त कोई तरहकी शंका मत करना, बच्चा! यहां पर तूं बीलकुल निर्भय है; कोई शत्रु तेरा पत्ता नहीं पा सकता है.**"

સુદર્શન ગુફામાં ઉતર્યો ત્હેની પાછળ પોતે પણ ગુફામાં ઉતરીને બાવાએ પેલી શીલા પાછી હતી તેમ ગોઠવી દીધી અને ગુફામાંના પુરાણા કુંડમાંના ઠંડા જળનું એક તુંબડું ભરી લાવી સુદર્શનને આપ્યું, જે પીવાથી ત્હેને બહુ શાન્તિ થઇ અને નિર્ભય સ્થળની પ્રાપ્તિ સાથે ગુફાની ઠંડકથી ત્હેનામાં નવું જીવન આવતું હોય એમ દેખાવા લાગ્યું. આ બાવો પોતાને હમણાંની મુશ્કેલીમાંથી મુક્ત થવામાં ઘણો મદદગાર થઇ પડશે એવી ત્હેનામાં આશા ઉત્પન્ન થઇ. ત્હેનાથી વાતચીતનો પ્રસંગ પાડી આસ્તે આસ્તે ત્હેના વિચારો જાણી લેવાની ઇચ્છાથી સુદર્શને ત્હેને પૂછ્યું: " મહારાજ! આપે આજે મ્હને નવો જન્મ આપ્યો છે એમ કહું તો કાંઇ ખોટું નથી. આટલી ન્હાની ઉમરે દુનીઆથી ઉદાસીનતા આવવાનું ક્યું કારણ આપને પ્રાપ્ત થયું હતું તે મ્હને જણાવવા કૃપા કરશો તો દુઃખના તે કારણને નાબુદ કરવા મ્હારાથી બનતો શ્રમ ઉઠાવવા હું વચન આપું છું."

જવાબમાં બાવો પ્રથમ તો ખૂબ હસ્યો અને કૂદ્યો. **સુદર્શનની** અજાયબીમાં આથી ઘણો વધારો થયો. છેવટે બાવાએ પ્રત્યુત્તર આપ્યો: "**સુદર્શનભાઇ!** પ્રથમ દષ્ટિએ હું આપને ન પિછાની શક્યો તે માટે મ્હને ક્ષમા કરશો. સખ્ત તાપની અસરથી અને કાંઇ જબરા ભયને લીધે, આપની લાંબા વખતથી મ્હને પરિચિત થયેલી મુખમુદ્રા પણ હું નિમકહરામ ઓળખી શક્યો નહિ. પોતાના ગુરૂ અને ધર્મને નિમકહરામ નીવડેલો આ ખેમચંદ બીજા કોના તરફ નિમકહલાલી



Scanned by CamScanner

બતાવી શકવાનો હતો ? સુદર્શનભાઇ ! આ વેશમાં આપને મળતાં હું લજવાઈ મરૂં છું. પણ 'કર્મને શરમ નથી' એ આપ સારી પેઠે જાણોછો. હું આપના ઘરના માલમલીદા ખાઇને છેવટે આપના સમાજને એબ લગાડનાર થઈ પડયો. આજે આખો દેશ નિમક-હરામ ખેમચંદજી મુનિના નામ પર થૂંકે છે અને પોતાનું પાપી મુખ વધારે વાર કોઇને બતાવવાની હિમત નહિ ચાલવાથી જ મ્હારે આ નિર્જન સ્થળમાં વસવાટ કરી જીંદગી પુરી કરવાનો ઠરાવ કરવો પડયો છે. ઓ બંધુ ! મ્હને હસશો નહિ, મ્હને કાંઇ કહેશો નહિ; હું બળી રહેલો છું,—મ્હને લાત મારશો નહિ. મ્હને મ્હારૂં મ્હોં છૂપાવવા દો અને એમ જ મરવા દો." બાવો એકદમ છાતીફાટ રડવા લાગ્યો અને તે જોઇ સુદર્શન પણ રડવા જેવો થઇ ગયો. ત્હેનું કોમળ હૃદય દુસ્મનના પણ દુઃખમાં ભાગ પડાવવા હમેશ તૈયાર હતું.

"ખેમચંદ ! ખેમચંદ ! મ્હેં ત્હમને ઓળખ્યા. ત્હમારી આ દશા જોઇ મ્હારૂં જીગર ચીરાઇ જાય છે. પણ ત્હમે આમ ના-હિમત ન થાઓ. ત્હમે ત્હમારા પાપનો પશ્ચાત્તાપ કરોછો તેથી સુધારાને પાત્ર છો એમ સ્પષ્ટ જણાઈ આવેછે. ત્હમે હિમત રાખો અને સઘળું કેમ બન્યું તે મ્હને સંભળાવો. હું ત્હમને દરેક પ્રકારના દિલાસા રૂપ થઇ પડીશ." સુદર્શને માયાળુ અવાજથી કહ્યું.

"જેના દર્શનથી હું જેવા સેંકડોને શાન્તિ મળે છે એવા ઓ પવિત્ર શ્રાવક ! વર્ષો સુધી ત્હમને નમાવ્યા પછી આજે હું ત્હમને ઘુંટણીએ પડીને કહું છું કે મ્હારા માટે ત્હમે પરિશ્રમ ન લેતા. મ્હને તો એકાંતમાં મરવું જ વધારે ઉચિત લાગેછે. જેવો અપરાધ તેવી જ શિક્ષા થવી જોઇએ. ત્હમે મ્હને દયા બતાવશો, પણ પર-માધામીના દીલમાં કાંઇ દયા ઉત્પન્ન કરી શકશો ? માટે બંધુ ! મ્હારે માટે ચિંતા કરવી છોડી દ્યો. મ્હારી વાત જાણવાની ઈચ્છાને પણ અહીં જ દાટી દ્યો. તેથી ત્હમને ઓર વિશેષ ખેદ થશે. ત્હમારા કેટલાક પૂજ્ય પુરૂષો ઉજળા મ્હોં નીચે કેવી મલીનતા છૂપાવે છે તે જાણી ત્હમારૂં કોમળ હૃદય ચીરાશે અને મ્હારે તે માટે પણ દોષિત બનવું પડશે. માટે તે વાત જતી કરો; અને ચાલો અહીંથી પાંચ માઇલ પર આવેલા વિજયનગરમાં હું ત્હમને મ્હારી કાંધે બેસાડીને



Scanned by CamScanner

પહોંચાડું, જ્યહાં ત્હમારા પગને પ્રસિદ્ધ વૈદરાજની જડીબુટ્ટીથી આરામ આવ્યા પછી હું ત્હમને રાજનગર સુધી સહીસલામત પહોંચાડી આવીશ. ત્હમે કુશળ હશો તો મ્હારા જેવા બારસોને શાતા ઉપજાવશો અને અને હું કુશળ હોઇશ તો બારસોને બગાડીશ. " બાવો બોલ્યો.

" ત્હમે આજે મ્હારી જીંદગી બચાવી મ્હારા ઉપર મહાન ઉપકાર કર્યો છે " સુદર્શને જણાવ્યું " અને તે ઉપકારના બદલા ખાતર—કાંઇ નહિ તો બદલા ખાતર પણ—મ્હારે ત્હમને મદદ કરવી જોઇએ. માટે કૃપા કરી મ્હને સઘળો ઇતિહાસ જણાવો. "

કેટલીક આનાકાની બાદ બાવાજીએ પોતાનો ઇતિહાસ કહેવો શરૂ કર્યો: " શેઠજી ! દશ વર્ષ ઉપર મ્હેં આપના ' પૂજ્ય ' તરીકેનું પદ ધારણ કર્યું તે પહેલાં હું એક સામાન્ય પાટીદાર હતો. ખેતી કરતો હતો અને ટાઢ, તડકો તથા વર્ષાદના પરિસહ એક ' બાવા ' માફક સહતો હતો. જાડી ખાદીની બંડી પહેરતો અને બાર છ મહીને કોઈ કામસર નજીકના શહેરમાં જવું પડતું તો શહેરની રોનક દેખી હું દિઙ્મૂઢ બની જતો. અમારા ગામમાં એક વખત મુહપતિવાળા મુનિ પધાર્યા. ત્હેમણે જીવદયાનો ઉપદેશ કર્યો પણ તે સ્હમજવા જેટલી શક્તિ મ્હારામાં નહોતી. મહારાજે વ્યાખ્યાનને અંતે જણાવ્યું કે ત્હેમના જેવા થવાથી રળવા—ખપવાની કાંઈ ચિંતા રહેતી નથી અને માલમલીદા તથા બારીક કપડાં મનમાન્યાં મળે છે તથા મ્હોટા મ્હોટા શ્રીમંતો પણ પગે પડે છે; વળી મોક્ષ પણ નજીક આવે છે. આમ સુખે મોક્ષ મળતું સાંભળી મ્હેં તો એમના ચેલા થવા હા કહી. મ્હને જે કાંઇ સુખ જૈન સાધુના પોશાકે આપ્યું છે ત્હેનો ચિતાર ત્હમારી આગળ શું આપું? ટુંકમાં મ્હને રાજસાહ્યબી મળી પરન્તુ મ્હારા સારા નશીબે એક દિવસ મ્હને વિચાર થયો કે હું અમનચમન કરૂં છું અને ધર્મધ્યાન તો કાંઇ કરતો નથી, આત્માને કાબુમાં રાખવાનું શિખતો નથી, તો પછી હરામના માલમલીદા કેમ પચશે? અને જે પરમાધામીનો ડર હું બીજાઓને બતાવું છું તે પરમાધામીનો દંડ મ્હને કેમ જતો કરશે ? એમ વિચાર થવાથી હું શાસ્ત્રોક્ત ક્રિયાઓ કરવા લાગ્યો, થોડોઘણો અભ્યાસ પણ કરવા લાગ્યો. એમ થોડો વખત ચાલ્યું. નવેક વર્ષ થયાં એટલે વળી મ્હને પ્રમાદ આવ્યો. ખાવા માટે વિષયને ઉત્તેજક પદાર્થો મળતા હોય અને કામકાજ કે ચિંતા કાંઇ ન હોય ત્યહાં પછી પ્રમાદનું પૂછવું



Scanned by CamScanner

જ શું ? અધુરામાં પુરૂં ચોતરફનું વાતાવરણ પણ મધ્યમસર જ; કોઈ કોઇને કહે તેવું ન મળે; એટલે હું સ્વચ્છંદી બન્યો. મ્હારાં સ્વચ્છંદી કર્તુતો ત્હમને વિસ્તારથી સંભળાવવા જતાં મ્હારા ઉપકારીને કંટાળો આપવાનો ગુન્હો થવાનો ભય રહે છે. તેથી એટલુંજ કહીને પતાવીશ કે છેવટે મ્હારા ગુરૂથી મ્હારૂં હદ બહારનું વર્ત્તન સહન થઈ શકયું નહિ એટલે ત્હેણે મ્હને ઠપકો આપ્યો. મ્હેં તે ઠપકો એક કાને સાંભળી બીજે કાનેથી કાઢી નાખ્યો. ગુરૂમાં કાંઈ દમ નહોતો કે મ્હને સીધો કરી શકે. ત્હેમણે ચાર પાંચ વાર મ્હને ટોકયો પણ ત્હેમને કોણ ગણકારતું હતું ? એક દિવસ એક ગુણસૂરિ નામના બીજા પંથના સાધુ અમારા અપાસરે આવ્યા અને બોલ્યા કે ‘ હું હમણાં જ વિહાર કરતો કરતો આ ગામમાં દાખલ થાઉં છું; મ્હને ત્હમારા સ્થાનકમાં ઉતરવા દેશો ? હું ‘ અહં બ્રહ્મં ’ ના સિદ્ધાંતનો પુજારી છું અને કશામાં ભેદભાવ માનતો જ નથી; હું તે ત્હમે અને ત્હમે તે હું છું. જગતને માયાનું આવરણ લાગ્યું છે તેથી ત્હારૂં મ્હારૂં કરે છે; ત્હેમાં પણ ત્યાગીઓમાં ત્હારૂંમ્હારૂં જોઇને તો મ્હારૂં કાળજું બળી જાય છે. મહાત્માઓ ! **માધ્યસ્થ દૃષ્ટિ** વગર આપણો ઉદ્ધાર કદાપિ થવાનો નથી. ’

“ગુણસૂરિનાં આ વચનોથી અમે તો પ્રસન્નપ્રસન્ન થઈ ગયા. પછી અમે એક જ સ્થાનકમાં ભેગા રહ્યા. રાત્રે રાત્રે તેઓ અમારાથી એકાંત કરતા અને ત્હેમના પંથના સિદ્ધાંતો મ્હને સ્હમજાવતા. એક દિવસ તક જોઇને ત્હેમણે મ્હને કહ્યું: ‘ત્હમે આ કુવામાં પડયા છો તેથી મ્હને દયા આવે છે. જો ત્હમે મ્હારી સાથે આવો તો હું ત્હમને સંસ્કૃત ભણાવીશ અને અમારા ભકતો ત્હમને માનપાન પણ અહીં કરતાં ઘણી સારી રીતે આપશે.’

“ ધીમે ધીમે હું પલળ્યો; પણ મ્હને એકલા જવું ગમ્યું નહિ. મહારાજ તો બે દિવસ પછી મ્હારૂં વચન લઈ બીજે ગામ ચાલ્યા ગયા અને મ્હેં નાસવાના ઘાટ ઘડવા માંડયા. એક શહેરમાં વીશીનો ધંધો કરનાર પટેલમિત્રને મ્હેં ખાનગી પત્ર લખ્યો; ત્હેમાં ત્હેને સૂચવ્યું કે ત્હેણે રાત્રે સ્થાનકમાં આવવું અને મ્હારાં પોટલાં લઈને ગુપચુપ અંધારામાં ચાલ્યા જવું. પરંતુ કમનશીબે પટેલમિત્રને તે કાગળ પહોંચ્યો નહિ, તે પત્ર કોઈ દુશ્મનના હાથમાં ગયો અને મ્હારી બાજી પકડાઇ ગઇ. પરિણામે મ્હને સમુદાયથી બાતલ કરવામાં



Scanned by CamScanner

આવ્યો. મ્હારા પુરાણા હજારો દોષો હવે સૌ કોઇ યાદ કરવા લાગ્યા. હું પણ હવે તો નફટ થયો અને મ્હારા સાત સાથીઓને લઈ ગુણસૂરિને જઇ મળ્યો અને ખુલ્લી રીતે અમે બધા ત્હેમના શિષ્ય બન્યા.

" અમારો નવો જન્મ થયો. વધામણી અને ધામધુમની ગરબડ અમારા નવા ભક્તમંડળમાં પૂર જોરથી ચાલી. મ્હારી જે ઉપદેશશૈલિ પર મ્હારા જુના ભક્તો તિરસ્કાર કરતા તે જ ઉપદેશશૈલિ અહીં તો 'વાહવાહ' ના પોકાર ઉત્પન્ન કરનારી થઇ પડી. બીજે જ દિવસે અમને સોનાની ફ્રેમનાં ચસ્માં આપવામાં આવ્યાં અને વસ્ત્ર તથા આહાર પણ ઉત્તમ પ્રતિનાં આપવામાં આવ્યાં. મ્હોટા ઘરની શેઠાણીઓ અમારાં દર્શન માટે પરવાનગી મગાવતી અને અમે તો મ્હોટા 'બાજીરાવ' બન્યા. આ પ્રમાણે બે ત્રણ માસ સુધી ચાલ્યા કર્યું. એક દિવસ હું ગામ બહાર દિશાફરાકત માટે ગયો હતો; ત્હાં રસ્તામાં મ્હારો પટેલમિત્ર મળ્યો, કે જેના ઉપર મ્હેં રાતોરાત સ્થાનકમાં આવીને વસ્ત્ર તથા પુસ્તકોનો જથો ઉપાડી જવાનો પત્ર લખ્યો હતો. મ્હને દેખતાં જ તે બોલી ઉઠયો: ' કેમ ઋષિરાજ ! બધાને પાણી પાયું તેમ મ્હને પણ ' જી—લખ્ખે ' કરવા ધાર્યું કે શું ? જોખમભરી સંતલસો વખતે તો બંદાને હોમવામાં આવતો હતો અને જ્યારે સહેલુંસટ કામ આવ્યું ત્યારે ત્હારા બાપ કેશવાને બોલાવ્યો ને ? ત્હારે જો નાસવું જ હતું તો મ્હને શા માટે રાતોરાત બોલાવ્યો નહિ ? શું હું બે મણ જેટલા વજનનાં પુસ્તકો કે વસ્ત્રો ઉઠાવી જવાને પણ સમર્થ નહોતો ? '

" મ્હેં કહ્યું: ' જરા ધીરે બોલ; કોઇ સાંભળશે ત્હારો બાપ ! ત્હારાં નસીબ જ ફુટલાં, ત્હાં હું શું કરૂં ? મ્હેં તો ત્હને ટપાલમાં કાગળ લખ્યો હતો પણ તે ત્હને પહોંચ્યો જ નહિ હોય એમ જણાયછે. તેથી છેવટે મ્હેં કેશવાને બોલાવીને મ્હારો સરસામાન ઉઠાવી જવાનું કામ ત્હેને સોંપ્યું. પણ હવે ત્હારી જુની દોસ્તી યાદ કરી ત્હને કહું છું કે કેશવાને તે માલ વેચતાં જે નાણાં મળશે ત્હેમાંથી આપણા ત્રણેના સરખા ભાગ પાડીશું. '

"ના, ના, તેમ કાંઈ નહિ બને.' તે પટેલમિત્ર બોલ્યો 'કેશવો માત્ર મજુરી માગે; ને નાણાં તો આપણે બે જ વ્હેંચી લઈશું; અને ઝાઝું કરશે તો ત્હને કોડી પણ નહિ મળે. હું ને કેશવો અમારૂં ફોડી લઈશું. ત્હમને ત્યાગીઓને પૈસાથી શું પ્રયોજન ?



Scanned by CamScanner

હું, હેં, લાગીને વળી પૈસા કેવા ?' પટેલ તો મ્હોટે અવાજે લોકોને સંભળાવવા માટે બરાડા પાડવા લાગ્યો. મ્હેં કહ્યું: 'ભાઇ, હવે છાનો મર.' પટેલ કહે: 'ભાગ છોડી દે; નહિ તો ત્હારા ગુરૂ પાસે આવીને સઘળી હકીકત જણાવી દઇશ.'

" આમ કોલાહલ વધી પડયો. આખરે રખેને લોકો એકઠા થઇ જશે એ ધાસ્તીથી હું શરમાઇને દોડી ગયો. પટેલ ત્યહાં જ થોડી વાર ઉભો અને પછી અમારા અપાસરાના રસ્તે જતાં મ્હેં ત્હેને ભાળ્યો. જંગલ જઇને આવતાંમાં મ્હને હજારો તર્કવિતર્ક થવા લાગ્યા. મ્હારા ટાંટીઆ ભાગી ગયા. લગભગ બે કલાકે હું અપાસરે પહોંચ્યો. અપાસરાનો મ્હોટો ખંડ તદ્દન ખાલી હતો. તપાસ કરતાં જણાયું કે મ્હારા ગુરૂ ગુણસૂરિ તથા બે જુના શિષ્યો એક ઓરડીમાં અંદરની સાંકળ વાસીને બેઠા હતા. મ્હેં ગુપચુપ વાતો સાંભળવા માટે બારણા નજીક જ કાન માંડયા. તેઓ ધીમેથી બોલતા હતા પણ મ્હને કોઇ પણ ઉસ્તાદીનું કામ કરતાં ઘણા મહાવરાને લીધે આવડી ગયું હતું તેથી હું તો સઘળું સાંભળી શક્યો. ત્હેમની વાતચીત આ પ્રમાણે હતી.

"**પહેલો શિષ્ય:**—'ગુરૂજી ! પેલા ક્ષેમસૂરિને આપ આટલું બધું માન આપોછો અને પેલો પટેલ તો કાંઇ નવું જ સંભળાવી ગયો !'

" **બીજો શિષ્ય:**—'અને ગુરૂજી તો વળી એની વ્યાખ્યાનશૈલિ પર પણ ફીદાફીદા થઇ ગયા છે!'

" **ગુરૂ:**—'ત્હમે બંન્ને ભૂલો છો; હું ત્હેમના જેવા બારસોને પુરો પડું તેમ છું. તેઓ મ્હને ઠગી જાય એમ ના સ્હમજતા. એ લોકો કે જેઓ પોતાના ગુરૂ તથા ધર્મને દગો દઇને તથા માલ ઠેકાણે કરીને નાઠા હતા તેઓ મ્હને તથા મ્હારા ધર્મને દગો દઇને તથા મ્હારાં પુસ્તકો આદિ ઉપાડીને નહિજ નાસે એવું હું કદાપિ માની શકું ખરો કે ? માતાતાતા શરીરવાળા એ ઈંદ્રિયોના ગુલામો મ્હારી ભક્તાણીઓની આબરૂ પર હાથ નહિ નાખે એમ માનવાનું મ્હને કાંઇ કારણ ? મ્હેં તો માત્ર એમના અસલ ધર્મને હલકો પાડવા ખાતર જ એમને આપણા પંથની દીક્ષા આપી હતી. બાકી તો ત્હમે મ્હારા શિષ્યો કેવા શ્રદ્ધાળુ, વિનયવંત અને વિશ્વાસી છો ? અને તેમ છતાં મ્હારે



Scanned by CamScanner

વધુ શિષ્યો જોઇતા જ હોય તો આપણા ભક્તમંડળમાં ઘણાએ 'મ્હોંમાં ઘુકવાના સાંસા' જેવી સ્થિતિના છે; માત્ર એકાદ શ્રીમંત ભક્તના કાનમાં ફુંક મારૂં એટલી જ વાર! એક નિર્ધનને બે ચાર હજાર ફુકા આપ્યા કે તુરત તે મ્હારો શિષ્ય! પણ, દેવતાના વલ્લભો! તમે સારી રીતે જાણો છો કે મ્હને હવે એવી રીતના શિષ્યોની ઇચ્છા નથી. આપણી આ પ્રથા કોમને ઘણી હાનીકારક છે. હું તો હવે યોગનિષ્ઠ બન્યો છું, તેથી મ્હને એવી વાતો પસંદ નથી.'

" બીજો શિષ્ય:—'ત્હારે ગુરૂજી! આ ક્ષેમસૂરિનું હવે કરવું શું? તે તો કોહેલું ફળ છે તેથી બીજાં સારાં ફળોને બગાડશે અને આપણે તો 'લેને ગઇ પૂત, ને ખોઈ આઈ ખસમ ! એના જેવું થશે.'

" પહેલો શિષ્ય:—'ત્હારે તે બાબતની ફિકર કરવી નહિ; આપણે કાંઇ એના જેવા નમાલાથી બગડીએ તેમ નથી. પરંતુ એમાં તું ગુરૂજીને પૂછે છે શું? એ તો આપણું કામ છે. આજે જેવો ક્ષેમસૂરિ જંગલ જઇ અપાસરામાં પગ દે તેવોજ આ જ્યેષ્ટિકા વડે ત્હેનો બરડો સાફ કરવો; એટલે પછી તે અને ત્હેના સાગ્રીતો આપોઆપ પોબારા ગણી જશે અને આપણે આપણા ભક્તમંડળમાં કહેવાનું થશે કે 'જોયું કે? પેલા સાધુ કેવા વંઠેલા હતા? એમના પંથમાં એવું જ શિક્ષણ અપાતું હશે!' એમ કહીને આપણે ઉલટા મ્હેણાં મારી શકીશું.'

" ગુરૂ:—'શાન્તમ્ પાપમ્! શાન્તમ્ પાપમ્! એક યોગીના શિષ્યો શું આવું વદે છે? મ્હારી આગળ મારવા-ઝુડવાની વાતો ના કરતા. માધ્યસ્થ દૃષ્ટિ રાખો! દેવનામ્ પ્રિયાઃ! શાન્ત થાઓ, શાન્ત થાઓ. તે બિચારા આત્માનું પણ ભલું થવાની ભાવના ભાવો!'

" એમ કહેતાની સાથે ગુરૂ તે ઓરડીમાંથી એક બીજી ઓરડીમાં ચાલ્યા ગયા; એટલે પહેલો શિષ્ય બોલ્યો:— 'કાંઇ ચિંતા નહિ; ગુરૂજી તો માધ્યસ્થ દૃષ્ટિ અને ભાવનાની જ વાતો કરતા ભલા; અને આપણે આપણું કામ બજાવતા ભલા! બધા રાજા બને તો પછી પાલખી કોણ ઉપાડશે? બધા માધ્યસ્થ દૃષ્ટિવાળા બની સડો ચાલવા દેશે તો પછી સંઘનું ઝાડુ કોણ વાળશે? અને ગુરૂજી પણ સ્હમજે છે; કેવા ડાહ્યા ડમરા થઇને ચાલ્યા ગયા!'



Scanned by CamScanner

"એટલું બોલતાંની સાથે જ તેઓ પોતપોતાની સોટીઓ શોધવા લાગ્યા; અને મ્હારા તો હાંજા જ ગગડી ગયા! જેમ તેમ કરી હિમ્મત ધરી હું ત્હાંથી નીચે ઉતરી ગયો અને શહેર બહારનો રસ્તો લીધો. ચાલતાં ચાલતાં હું આ સ્થળે આવી પુગ્યો અને જ્યહાં આપણી મુલાકાત થઇ એ વડ નીચે મ્હેં મ્હારાં વસ્ત્રો દૂર કરીને એક બાવા જેવો લંગોટ વાળી લીધો. માથે જટીયાં વધ્યાં હતાં ત્હેમાં ધૂળ નાખીને વાળને ગુંથાયલા કરી નાખ્યા (અને ખરેખર હવે હું માથામાં ધૂળ ઘાલવાને જ લાયક હતો!) પાસેના ગામમાં જઇ કપડાં વેચી આવ્યો અને તે પૈસામાંથી એક ચીપીઓ ખરીદો. આ પ્રમાણે એક બાવો બની હું આ એકાંત સ્થળમાં જ રહેવા લાગ્યો. વખત જતાં મ્હને આ પુરાણી ગુફા હાથ લાગી તેથી ત્હેને જ મ્હેં મ્હારૂં ઘર બનાવ્યું. **મ્હને અહીં ખરે જ નવો જન્મ મળ્યો.** **મ્હારા** મૂળ સમુદાયમાં તેમજ પાછળથી સ્વીકારેલા પંથમાં ચોતરફ હું **ખુશામતાઆઓથી ઘેરાયલો રહેતો**, તેથી મ્હારી મતિ મુંઝાઇ જતી અને મ્હને સત્યાસત્યનો વિચાર કરવાનું જ સૂઝતું નહિ. ગમે તેવું પાપ કરવા છતાં મ્હારૂં હૃદય મ્હને ડંખતું નહિ; તે લગભગ 'મરી ગયું' હતું; પણ અહીં જંગલની નિર્દોષ હવા મળતાં તે હૃદય પાછું સજીવન થયું. અહીં એકાંતમાં–ખુશામતીઆના ચેપ વગરની જગામાં–મ્હને તે **હૃદયની સોબત** થવા લાગી. આખો દિવસ અને આખી રાત હું અને મ્હારો તે મિત્ર વાતો કર્યા જ કરતા. તે હૃદય મ્હને કહેતું કે 'ઓ મિત્ર! ત્હેં ઘોર કુકર્મ કર્યું છે. એક ભિક્ષુકમાંથી તું મ્હોટા રાજા જેવો સુખીયો બન્યો તો પણ ત્હને સંતોષ વળ્યો નહિ. અહોનિશ ધરતીના પેટ ફોડવાના વ્યવસાયથી મુક્ત થઇ 'આરંભ સમારંભ'નો ત્યાગી બની પૂજાવા લાગ્યો તો પણ ત્હને સંતોષ વળ્યો નહિ. ત્હેં સાધુપણામાં પણ કુડ-કપટ અને લગભગ સર્વ વ્રતોના ભંગનાં કૃત્યો કરી ધર્મને એબ લગાડી અને ભક્તોને ડુબાવ્યા. ઓ મિત્ર! હું ત્હારા પર ક્રોધ કરતાં કરતાં પણ જેટલી **દયા** ખાઉં છું એટલી પણ દયા જો ત્હને તે ત્હારા ભક્તો પર હોત તો તું એમને તારવાને બ્હાને ડુબાવવાની હિમત ધરત નહિ. તું બીજા પંથમાં ભળ્યો તે કાંઇ પરીક્ષાથી ભળ્યો નહિ હતો; માત્ર **વધારે મોજશોખની** ગરજે જ ભળ્યો હતો; અને ત્હેને માટે ત્હને વ્યાજબી જ શિક્ષા મળી છે. ત્હારાં એટલાં પણ સારાં નશીબ કે તું જીવતો



Scanned by CamScanner

નાશી છૂટયો ! નહિ તો, તું તો ખરેખર સખ્તમાં સખ્ત શિક્ષાને લાયક હતો. તું કે જ્હેને **એ બાપ** કરતાં શરમ આવી નહિ, તું કે જ્હેને પોતાના **અસલ બાપની ખોટી રીતે નિંદા** કરતાં શરમ આવી નહિ, તું કે જે ત્હારા **તારનારનું ગળું કાપવા** તૈયાર થયો, એવા ત્હને જેટલી શિક્ષા કરવામાં આવે એટલી ઓછી જ ગણાય. અગર હું ભૂલું છું; ત્હારો શો દોષ છે ? ત્હને આવા **જોખમભર્યા** વ્યાપારમાં જોડનારનો જ સઘળો દોષ છે. દેશદેશાવરમાં ઝવેરાતનું કામ કરનાર કોઇ વ્યાપારીએ પોતાના પ્રતિનિધિ તરીકે કોઈ ગામડાના ખેડુતની નિમણૂક કરી સાંભળી છે ? પાંચીકુકા તથા હીરામાણેક વચ્ચેનો તફાવત કદી નહિ સમજી શકનાર ભિક્ષુકને કોઇએ હીરા વેચવાનું કામ સોંપ્યું સાંભળ્યું છે ? એક જીવના ઉપર કેટલા જીવોના તારણ કે મૃત્યુનો આધાર રહેલો છે તે શું ચેલા મુંડનારાઓ જાણે છે ? એક શિખાઉ **શિક્ષક** ૫–૨૫ વિદ્યાર્થિઓનો અવતાર રદ કરે છે; એક શિખાઉ **વકીલ** ૧૦૦—૨૦૦ અસીલોને ભીખ મગાવે છે; એક શિખાઉ **ડાકટર** ૨૦૦–૫૦૦ દરદીઓનાં ખુન કરે છે અને એક શિખાઉ કે અણઘડ **સાધુ** હજારો (**શરીરો** નહિ પણ) **આત્માઓનો** વધ કરે છે. શિખાઉ અથવા જેની ઉત્ક્રાન્તિ થોડીજ થયેલી હોય એવા મનુષ્યને સાધુ જેવું જોખમભર્યું પદ નહિ જ આપવું જોઇએ. અનુભવ અને જ્ઞાન વડે જેનો આત્મા શાન્ત બનેલો હોય એવાને જ એ મહાપદ માટે સ્વીકારવા જોઇએ. **શિષ્ય** તરીકેની યોગ્યતા મેળવ્યા **પહેલાં ગુરૂ** બનવાને ઉત્સુક થયેલા સાધ્વાભાસો આખી સૃષ્ટિને ડુબાવે છે. ઓ મિત્ર ! ઓ મિત્ર ! ત્હારા પોતાના કરતાં પણ તે સાધ્વાભાસો વધારે અપરાધી છે—હેમને જ ત્હારાં સઘળાં પાપો માટે શિક્ષા કરવી જોઇએ છે.'

" આ પ્રમાણે અનેક જાતની વાતચીત તે મ્હારૂં હૃદય મ્હને સંભળાવતું; તેથી મ્હને જરા શાન્તિ મળતી. હું આ એકાંતમાં પડયો રહું છું; ગામડામાં એકવાર જઉં છું અને રોટલાના ટુકડા કે લોટ માગી લાવીને દિવસમાં એકવાર તે ખાઇ લઈ સંતોષ વાળું છું. 'જૈન' નામને લજાવનારા આ મ્હારા પાપી મ્હોંનો પડછાયો હવે હું વધારે વાર લોકોની આંખની કીકીમાં પડવા દેવા ખુશી નથી. 'ફલાણો **જૈન** સાધુ' એમ કહી આંગળી કરાવી **જૈન ધર્મને** લાંછન



Scanned by CamScanner

બગાડવા હું હવે ઇચ્છતો નથી. હું અહીં જ મ્હારૂં આયુષ્ય પુરૂં કરીશ. ”

સુદર્શને આ સઘળી વાતચીત ગંભીરતાથી સાંભળી અને છેવટે પ્રશ્ન કર્યો: “ પરંતુ ત્હમારા કપાળ વચ્ચે આ ઘા શાનો છે ? પેલા સાધુઓએ ત્હમને માર્યા તો નથીને ? ”

ક્ષેમસૂરિએ જવાબ આપ્યો: “ ના, એમ કાંઈ નથી; હું તે બિચારા નિરપરાધી જીવોને દોષિત કહેવા પહેલાં મ્હારી જીભ જ કાપી નાખવાનું વધારે પસંદ કરીશ. મ્હેં મ્હારા ગુરૂ અને ધર્મને લજવ્યો છે એટલું જ પાપ મ્હને નરકમાં ઘસડી જવાને પુરતું છે; તો હવે નાહક શા માટે તે પાપમાં ઉમેરો કરૂં ? આ ઘા તો મ્હારા પોતીકા ચીપીઆનો છે. જ્યહારથી હૃદયમિત્રની સોબત મ્હને થઇ છે ત્યહારથી એવું ઠરાવ્યું છે કે, અગાઉ કરેલાં દુષ્કૃત્યો પૈકી પાંચ પાંચ દરરોજ સંભારવાં અને દર દોષ દીઠ ચીપીઆનો એક પ્રહાર મ્હારા કપાળમાં મ્હારા હાથે જ કરવો. એ પ્રમાણે દરરોજ પાંચ પ્રહાર થવાથી આ ઘા થયો છે. દરેક ઘા મ્હારા એકેક પાપને નસાડે છે. દરેક આંસુ મ્હારી એકેક દુષ્ટભાવનાને ધોઇ નાખે છે. હું પ્રતિદિન હલકો ફુલ જેવો થતો જાઉં છું. હવે હું પ્રથમ બાલ્યથી દીક્ષા આપનાર ગુરૂનો તેમજ પાછળથી ‘માધ્યસ્થ દૃષ્ટિ’ને નામે પોતાના વર્ગમાં ખેંચનાર ગુરૂનો તેમજ મ્હને મારવાની સંતલસ કરનાર ત્હેમના બે શિષ્યોનો અંતઃકરણથી આભાર માનું છું. મ્હને હવે દુનીઆ જૂદા જ રૂપમાં દેખાય છે. પ્રતિદિન પુસ્તકોની મદદ વગર જ મ્હને જ્ઞાન થતું જાય છે. ”

સુદર્શન આ સઘળું સાંભળી ચકીત જ થઈ ગયો. ત્હેણે નમન પૂર્વક કહ્યું: “ મુનિ ! આપ હવે ખરે જ મુનિ છો. જૈનના એક યા બીજા ફીરકાના લેબાસમાં ત્હમે ‘ મુનિ ’ ન હતા તેવા મુનિ આજે હું ત્હમને એક બાવાના લેબાસમાં જોઉં છું; ત્હમે હવે ખરે જ વંદનિક છો. મ્હને પોતાને વેશનો મોહ નથી. વેશમાં મોક્ષ ભરાઇ બેઠું નથી. જે જ્ઞાન અને હૃદયશુદ્ધિ મોક્ષનાં સાધન છે ત્હેના ત્હમે ઉમેદવાર થયા છો એથી આ વેશમાં જ પડ્યા રહો તો મ્હને તે માટે વાંધો લેવા જેવું કાંઈ દેખાતું નથી. પરન્તુ ત્હમારો અનુભવ બીજા ઘણા સુધારા કરવામાં મ્હને કામ લાગે તેમ છે; માટે ત્હમે એક ‘ ગૃહસ્થ ’ ના વેશમાં મ્હારી સાથે રહો તો શું ખોટું ? ત્હમારે જે સ્વાધ્યાય, તપ-

ચર્યા અને ધ્યાન આદિ કરવા ઇચ્છા હશે તે ત્હાં રહી કરી શકશો. ત્હમને એકાંત જ જોઇતું હશે તો મ્હારી હવેલીથી બહુ દૂર નહિ એવી શહેર બહારની જગામાં ત્હમને અનુકૂળ પડે એવું એક મકાન બંધાવી આપીશ. તદ્દન સાદા પોષાકમાં અને એકાંતમાં રહી ત્હમારા આત્માને પોષવાના ત્હમારા શુભ પ્રયાસમાં કોઈ ખલેલ ન કરે એવી દરેક સગવડ હું કરી આપીશ. પરંતુ મ્હારી પાસે ત્હમને રાખવાથી સંઘમાં હું કેટલાક સુધારા કરી શકીશ એવી મ્હને આશા છે. ”

ખેમચંદે એ દરખાસ્ત પર થોડી મિનિટ સુધી વિચાર કર્યો અને પછી જવાબ આપ્યો: “ મ્હારા વડીલ આત્મબંધુ ! ત્હમારી એ સૂચનાની કિંમત હું બરાબર સ્હમજી શકું છું અને તેટલા માટે ઘણી ખુશીથી તે સ્વીકારું છું. મ્હારા જેવા તુચ્છ મનુષ્યની સામેલગીરીથી જો સાધુસુધારણાના મહદ્ કાર્યમાં આપને કાંઇ અંશે પણ અનુકૂળતા થશે તો હું એથી પોતાને ભાગ્યશાળી માનીશ. આપણા વર્ગના સાધુઓમાં ક્યાં ક્યાં સડો છે, તે સડાનાં મૂળ કારણ ક્યાં છે અને તે કારણો કેવી રીતે દૂર કરી શકાય એ બાબતોનો મ્હને યત્કિંચિત્ અનુભવ છે અને તે અનુભવ ત્હમારી સાથે મળીને કામ કરવામાં વાપરવા હું ખુશી છું. પરન્તુ હાલ તુરત આપણે આ સઘળી વાતચીત મુલ્તવી રાખી ત્હમારા પગના દરદનો ઇલાજ કરવાની ઘણી જરૂર છે. ત્હમે અત્રે એકલા થોડા કલાક આરામ કરો તો હું વિજયનગર જઇને ઔષધ લઇ આવું અને આપને આરામ થયા પછી આપણે રાજનગર તરફ કુચ કરીશું. ”

સુદર્શનથી ચલાય તેમ ન હોવાથી ત્હેણે આ યોજના પસંદ કરી. ખેમચંદ વિજયનગર તરફ રવાના થયો. સુદર્શન ગુફામાં એકલો પડયો કે તુરત જ ત્હેને પોતાની પત્ની, માતાપિતા અને મિત્રના દુઃખનો ખ્યાલ આવવા લાગ્યો. તે સાથે જ્યહાં કોઇ દિવસ લૂટફાટ થઇ નહોતી એવા પ્રદેશમાં આ લૂટારા કોણ હોવા જોઇએ એ સંબંધમાં પણ અનેક તર્કવિતર્ક થવા લાગ્યા. ખેમચંદના આત્મકથનનું સ્મરણ પણ ત્હેના મનમાં કાંઇ કાંઇ વિચારો ઉપજાવવા લાગ્યું. એની મદદથી સાધુસમાજમાં સુધારો થઈ શકશે એ વિચારથી ત્હેને ઘડીમાં આનંદ થતો અને એ કામ મહામુશ્કેલ છે એમ યાદ આવવાથી વળી ત્હેનું મ્હોં પડી જતું. વિદ્યુત્બાળાને સમાજસેવાનાં ક્યાં કામમાં જોડવી,

પિતાએ જન્મ પ્રસંગે જૂદા મૂકેલા લાખ રૂપિયાનો **સારામાં સારો** ઉપયોગ કયે રસ્તે કરવો, મહારાજા **વિજયસિંહજીએ** સૂચવેલા કર્ત્ત-વ્યો શી રીતે અદા કરવાંઃ આ અને એવા સેંકડો વિચારો કરતાં કરતાં થાકી ગયેલા ત્હેના મસ્તકને **નિદ્રાદેવીએ** પોતાના કોમળ ખોળામાં લઇ ત્હેની **સમક્ષ** અનેક નાટકો ભજવી બતાવવા માંડ્યાં. એ નાટકો કે જે સ્થૂલ નહિ પણ **નિદ્રાદેવીના** સૂક્ષ્મ ભવન પર સૂક્ષ્મ પર-માણુઓથી ભજવાતાં હતાં ત્હેમાં શું શું દેખાવો રજુ કરવામાં આવ્યા હતા અને ત્હેની **સુદર્શનના જીવન** પર શી અસર થઇ એ, ત્હેની વિવાહિત સ્થિતિનો ઇતિહાસ જ કહી બતાવશે.

**प्रथम खण्ड समाप्त.**

Scanned by CamScanner